
ISSN-0971-8397

# યોજના

જુલાઈ ૨૦૧૮ | વિકાસને સમર્પિત માસિક | ₹ ૨૨

## ભારતનું પુનરુત્થાન









સસ્તા ઘરો પુરા પાડવાઃ માથા ઉપર છતની ખાતરી
હરદીપ એસ પૂરી

૧૦૦૦ દિવસમાં ૧૦૦% ગામોના વીજળીકરણની મજલ
એ. કે. ભલ્લા

રિન્યુએબલ એનર્જી વિસ્તરણ કાર્યક્રમ ૨૦૨૨
મનોજકુમાર ઉપાધ્યાય અને અભિનવ ત્રિવેદી

**ખાસ લેખ**

યુવાનો અને સમાજ સાથે જોડાણ
અમરેન્દ્ર કુમાર દુબે

**ફોકસ લેખ**

ખેડૂતોનું કલ્યાણ :  કટિબધ્ધતા સાથે અગ્રતા
જગદીપ સકસેના

# વિકાસનો ધોરીમાર્ગ




**વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ઉત્તરપ્રદેશના બાગપત ખાતે ૨૭મી મે, ૨૦૧૮ના રોજ યોજાયેલા પૂર્વીય સિમાવર્તી એક્સપ્રેસ વે રાષ્ટ્રને સમર્પિત કરવાના પ્રસંગે યોજાયેલા કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ઉત્તરપ્રદેશના રાજ્યપાલ શ્રી રામ નાઈક, કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ, નૌકા પરિવહન અને જળ સંશાધન, નદી વિકાસ અને ગંગા પુનરુત્થાન પ્રધાન શ્રી નિતિન ગડકરી, ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન શ્રી યોગી આદિત્યનાથ, હરિયાણાના મુખ્યપ્રધાન શ્રી મનોહરલાલ ખટ્ટર સહિત સંખ્યાબંધ અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યાં હતા.**

વડાપ્રધાને ૨૭મી મે, ૨૦૧૮ના રોજ દિલ્હી એનસીઆર પ્રદેશમાં બે નવા બનેલા એક્સપ્રેસ માર્ગો રાષ્ટ્રને સમર્પિત કર્યા હતા. તેમાંથી પ્રથમ નિઝામુદ્દીન પૂલથી દિલ્હી યુપી સરહદ સુધી પથરાયેલો ૧૪ લેનનો દિલ્હીથી મેરઠ એક્સપ્રેસ માર્ગનો ફેઝ-૧ છે.

રાષ્ટ્રીય ધોરીમાર્ગનો ૮.૩૬૦ કિમીનું આ ચરણ અંદાજે રૂ.૮૪૧.૫૦ કરોડના ખર્ચે માત્ર ૩૦ મહિનાના અપેક્ષિત બાંધકામ સમયગાળાની સામે વિક્રમજનક ૧૮ મહિનાના સમયગાળામાં પૂર્ણ કરવામાં આવ્યું છે. ૧૪ લેન ધરાવતો આ દેશમાં બનેલો પ્રથમ રાષ્ટ્રીય ધોરીમાર્ગ છે અને તે અનેક વિશિષ્ટતાઓ ધરાવે છે જે પ્રદુષણ ઘટાડવામાં પણ મદદરૂપ થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે. તે ધોરીમાર્ગની બન્ને બાજુ પર ૨.૫ મિટર પહોળો સાઈકલ ટ્રેક, યમુનાના પૂલ ઉપર ઊભો બગીચો (વર્ટિકલ ગાર્ડન), સૌર ઊર્જા સંચાલિત પ્રકાશ વ્યવસ્થા અને છોડને પાણી પુરું પાડવા માટે ટપક સિંચાઈ પદ્ધતિ ધરાવે છે.

દિલ્હી – મેરઠ એક્સપ્રેસ માર્ગ દિલ્હીથી મેરઠ વચ્ચે ઝડપી અને સલામત જોડાણ પુરુ પાડવાનો ઉદ્દેશ ધરાવે છે અને આ ઉપરાંત તે ઉત્તરપ્રદેશ અને ઉતરાખંડને જોડશે. આ પ્રોજેક્ટની કુલ લંબાઈ ૮૨ કિમી છે અને સંભવત: તેમાં રૂ.૪૯૭૫.૧૭ કરોડનો ખર્ચ થશે. આ એવો પ્રથમ એક્સપ્રેસ માર્ગ હશે જે દિલ્હી અને દાસણા વચ્ચે આશરે ૨૮ કિમીની લંબાઈ ધરાવતો ખાસ સાઈકલ ટ્રેક ધરાવતો હશે. આ પ્રોજેક્ટ પૂર્ણ થવા પર દિલ્હીથી મેરઠ સુધીનો પ્રવાસ માત્ર ૬૦ મિનિટની અંદર કરી શકાશે.

રાષ્ટ્રને સમર્પિત કરાયેલો બીજો પ્રોજેક્ટ એનએચ ૧ ઉપર કુંડલીથી એનએચ ૨ ઉપર પલવાલ સુધી ફેલાયેલો ૧૩૫ કિમી લાંબો પૂર્વીય સિમાવર્તી એક્સપ્રેસ માર્ગ (ઈપીઈ) છે. આ પ્રોજેક્ટના બાંધકામનો ખર્ચ આશરે રૂ.૪૬૧૭.૮૭ છે. આ દેશનો એવો પ્રથમ એક્સપ્રેસ માર્ગ છે જે સમગ્ર ૧૩૫ કિમીની લંબાઈ સુધી વિસ્તરેલા માર્ગ ઉપર સૌર ઉર્જાનો ઉપયોગ કરે છે. ઈપીઈના દરેક ૫૦૦ મીટરના અંતરે વરસાદી પાણીના સંચય માટે વ્યવસ્થા કરવામાં આવી છે અને સમગ્ર એક્સપ્રેસ માર્ગ ઉપર છોડોને પાણી પુરું પાડવા ટપક સિંચાઈ પદ્ધતિની વ્યવસ્થા છે.

દિલ્હીના આસપાસ સિમાવર્તી એક્સપ્રેસ માર્ગના પ્રોજેક્ટમાં પશ્ચિમ સિમાવર્તી એક્સપ્રેસ માર્ગ (ડબલ્યુપીઈ) અને પૂર્વીય સિમાવર્તી એક્સપ્રેસ માર્ગ (ઈપીઈ)નો સમાવેશ થાય છે. તે દિલ્હીના પશ્ચિમ અને પૂર્વ બાજુઓ પર આવેલા એનએચ – ૧ અને એનએચ – ૨ને એક-બીજા સાથે જોડે છે. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ ટ્રાફિકની ગિચતા ઘટાડવાનો અને દિલ્હીના બિનજરૂરી ટ્રાફિકને ડાયવર્ટ કરીને રાષ્ટ્રીય રાજધાનીમાંથી પ્રદૂષણ ઘટાડવાનો છે.

Follow us on Facebook - https://www.facebook.com/pages/Yojana-Journal

ISSN-0971-8397

www.yojana.gov.in

જુલાઈ-૨૦૧૮

યોજના

વિકાસને સમર્પિત

*Let noble thoughts come to us from all sides*
*Rig Veda*

**વર્ષ : ૪૬    અંક : ૪    સળંગ અંક : ૮૧૧    કિંમત: ₹ ૨૨**

**યોજના કાર્યાલય, પ્રકાશન વિભાગ**
એ-૨/૩ & ૨/૪, આકાશદર્શન કોલોની, ભાઈકાકાનગરની પાછળ, આસોપાલવ બંગ્લોઝની બાજુમાં, જનસેવા કેન્દ્ર થલતેજની પાસે, સોમવિલા બંગ્લોઝ રોડ, થલતેજ, અમદાવાદ-૩૮૦ ૦૫૯.
ફોન : ૦૭૯-૨૬૫૮ ૮૬૬૯, ૨૬૫૮ ૧૪૫૦.
E-mail : yojanagujarati@gmail.com
કુલ પાના : ૪૦

લવાજમ અંગેની માહિતી શનિવાર, રવિવાર અને જાહેર રજાઓ સિવાયના દિવસોમાં બપોરના ૧૨ થી સાંજના ૫ વાગ્યા સુધી ફોન નંબર ૦૭૯-૨૬૫૮૮૬૬૯ ઉપર મળશે.

## વિષયસૂચિ

સસ્તા ઘરો પુરા પાડવા: માથા ઉપર છતની ખાતરી
હરદીપ એસ પૂરી.......................................................૫

૧૦૦૦ દિવસમાં ૧૦૦% ગામોના વીજળીકરણની મજલ
એ. કે. ભલ્લા.......................................................૯

રિન્યુએબલ એનર્જી વિસ્તરણ કાર્યક્રમ ૨૦૨૨
મનોજકુમાર ઉપાધ્યાય અને અભિનવ ત્રિવેદી.......................................................૧૩

યુવાનો અને સમાજ સાથે જોડાણ
અમરેન્દ્ર કુમાર દુબે.......................................................૧૬

ખેડૂતોનું કલ્યાણ : કટિબધ્ધતા સાથે અગ્રતા
જગદીપ સકસેના.......................................................૨૩

પડકારો છતાં ઉડાન ભારતના નાના શહેરોને પાંખો આપી રહી છે
સિંધુ ભટ્ટાચાર્ય.......................................................૨૭

એફોર્ડેબલ હાઉસિંગ (પરવડે તેવા ઘર) ઉપલબ્ધ કરાવવા:
પ્રત્યેક વ્યક્તિને માથે છત સુનિશ્ચિત કરી રહ્યા છીએ
રણજીત મેહતા.......................................................૩૦

ભાગેડુ આર્થિક અપરાધી બિલ ૨૦૧૮
ડૉ. વી. મુરલી.......................................................૩૫

## ટાઈટલ

૧. આવરણ ડિઝાઇન
૨. વિકાસનો રોડમેપ
૩. વડાપ્રધાનનો સંવાદ
૪. પ્રકાશન વિભાગનાં પુસ્તકો

**મુખ્ય તંત્રી**
દીપિકા કચ્છલ

**વરિષ્ઠ તંત્રી**
નવલસંગ પરમાર

| | | |
|---|---|---|
| છૂટક નકલ | : | ₹ ૨૨-૦૦, |
| વાર્ષિક લવાજમ | : | ₹ ૨૩૦-૦૦, |
| બે વર્ષ | : | ₹ ૪૩૦-૦૦, |
| ત્રણ વર્ષ | : | ₹ ૬૧૦-૦૦. |

લવાજમની રકમ "S.B.I. A/c. No. ૫૧૫-૦૮-૧૦, Yojana (Guj.)"ના નામે મનીઑર્ડર/ચેક/ડિમાન્ડ ડ્રાફ્ટથી ઉપરના સરનામે મોકલી શકાશે.

લવાજમ માટે "yojanagujarati@gmail.com" પર e-mail કરવો, માર્ગદર્શિકા અને સબસ્ક્રિપ્શન ફોર્મ માંગવું.
સાથે તમારું પૂરું નામ, સરનામું, પીન કોડ, ઈમેલ-આઈ.ડી., મોબાઈલ નંબર મોકલવા.

યોજના ગુજરાતીનું લવાજમ ઑનલાઈન ભરી શકાશે :
(1) https://bharatkosh.gov.in/1/1/PD/Yojana
(2) http://yojana.gov.in/
(3) http://publicationsdivision.nic.in/Subscription.aspx

વિકાસને વાચા આપતું આ માસિક ગુજરાતી, અંગ્રેજી, હિંદી, મરાઠી, આસામી, તામિલ, તેલુગુ, બંગાળી, મલયાલમ, ઉર્દૂ, કન્નડ, પંજાબી અને ઉડિયા ભાષામાં પ્રકાશિત થાય છે.


*DISCLAIMER : The views expressed in various articles are those of the authors' and they do not necessarily reflect the views of the Government or the organisation they work for. Maps / flags, photos & design are only indicative. They do not reflect the political map or legal representation of the flag of India / any other country. The readers are requested to verify the claims made in the advertisements regarding career guidance books / institutions. YOJANA does not own responsibility regarding the contents of the advertisements.*

**www.publicationsdivision.nic.in**
@DPD_India

## તંત્રીલેખ

# યોજના

## પ્રધાન મંત્રીનો પરામર્શ




પ્રધાન મંત્રીએ તાજેતરમાં સરકારની વિવિધ ફ્લેગશિપ યોજનાઓ તથા લક્ષિત ક્ષેત્રોના લાભાર્થીઓ સાથે પરામર્શ કર્યો છે. આ પરામર્શોનો ઉદ્દેશ આ બધી પહેલને કારણે તેના લાભાર્થીઓના અને ખાસ કરીને ગરીબોના જીવનમાં કેવાં પરિવર્તનો આવ્યાં છે તે જાણવાનો અને તેમની પાસેથી પ્રથમદર્શી માહિતી બહાર લાવવાનો હતો.

**વિવિધ આરોગ્યલક્ષી યોજનાઓના લાભાર્થીઓ સાથે પરામર્શ**

- પ્રધાન મંત્રીએ કહ્યું કે અમારી સરકારનો પ્રયાસ દરેક નાગરિકને પોસાય તેવા દરે આરોગ્યલક્ષી સેવાઓ ઉપલબ્ધ બને તેવો રહ્યો છે.
- પ્રધાન મંત્રી ભારતીય જનૌષધી પરિયોજના આવા જ ઈરાદા સાથે શરૂ કરવામાં આવી હતી કે જેથી ગરીબ, નિમ્ન મધ્યમ વર્ગ અને મધ્યમ વર્ગને પોસાય તેવા દરે દવાઓ ઉપલબ્ધ થાય અને તેમના નાણાંકિય બોજમાં ઘટાડો થાય.
- સરકારે દેશભરમાં ૩૬૦૦ થી વધુ જનૌષધી કેન્દ્રો શરૂ કર્યાં છે, જ્યાં ૭૦૦થી વધુ જેનરિક દવાઓ પોસાય તેવી કિંમતે ઉપલબ્ધ છે.
- હાર્ટ સ્ટેન્ટની કિંમત અંદાજે રૂ. ૨ લાખ હતી તે ઘટાડીને રૂ. ૨૯,૦૦૦ સુધી લઈ જવામાં આવી છે.
- પ્રધાન મંત્રી રાષ્ટ્રીય ડાયાલિસીસ પ્રોગ્રામ મારફતે સરકારે ૫૦૦થી વધુ જીલ્લાઓમાં ૨.૨૫ લાખ દર્દીઓ માટે ૨૨ લાખ જેટલી ડાયાલિસીસ સેશન પરફોર્મ કરી છે.
- ૫૨૮ જીલ્લામાં મિશન ઈન્દ્રધનુષ હેઠળ ૩.૧૫ કરોડથી વધુ બાળકો અને ૮૦ લાખ સગર્ભા મહિલાઓનું રસીકરણ કરવામાં આવ્યું છે.
- વધુ પથારીઓ, વધુ હોસ્પિટલો, અને વધુ ડોકટરોની ઉપલબ્ધિની ખાત્રી માટે સરકારે ૯૨ મેડિકલ કોલેજો શરૂ કરી છે અને એમબીબીએસની બેઠકોમાં ૧૫,૦૦૦નો વધારો કર્યો છે.
- આયુષ્યમાન ભારત યોજના હેઠળ ૧૦૦ કરોડ પરિવારોને રૂ.૫ લાખના આરોગ્ય વીમાથી આવરી લેવામાં આવશે.

**યુવાન ઈનોવેટર્સ અને સ્ટાર્ટ-અપ ઉદ્યોગસાહસિકો સાથે પરામર્શ**

- પ્રધાન મંત્રીએ કહ્યું કે સરકાર વસતિ વિષયક લાભ (demographic dividend) નું ડિવિડન્ડ મેળવવા ઉત્સુક છે.
- સરકાર દ્વારા વિવિધ ભંડોળોનું બનેલુ રૂ.૧૦,૦૦૦ કરોડનું એક ભંડોળ ('Fund of Funds') રચવામાં આવ્યું છે, જેથી યુવા ઉદ્યોગસાહસિકોને તેમનાં સ્ટાર્ટ-અપ ઉભાં કરવામાં ભંડોળની તંગી પડે નહી અને યુવાનોને ઈનોવેશન કરવામાં સુગમતા રહે. આવા ભંડોળોના ભંડોળ દ્વારા રૂ.૧૨૮૫ કરોડ આપવાની ખાત્રી આપવામાં આવી છે અને એ દ્વારા વેન્ચર ફંડમાં રૂ.૬૯૮૦ કરોડનુ રોકાણનો લાભ થયો છે.
- સરકારના ઈ-માર્કેટપ્લેસ (GEM) ને સ્ટાર્ટ- અપ ઈન્ડીયા પોર્ટલ સાથે સાથે જોડવામાં આવેલ છે કે જેથી સ્ટાર્ટ-અપ્સ તેમની પ્રોડકટસ સરકારને વેચી શકે.
- સ્ટાર્ટ- અપ્સને ૩ વર્ષ માટે આવક વેરામાંથી મુક્તિ આપવામાં આવી છે.
- ૯ કામદાર કાયદા અને પર્યાવરણના ૩ કાયદામાં ફેરફાર કરવામાં આવ્યા છે કે જેથી યુવા ઉદ્યોગસાહસિકોએ માત્ર સેલ્ફ સર્ટિફિકેશન પૂરૂ પાડવાનું રહે
- સરકારે સ્ટાર્ટ -અપ્સ અંગેની તમામ માહિતી એક જ સ્થળે ઉપલબ્ધ થઈ શકે તે માટે સ્ટાર્ટ -અપ ઈન્ડીયા હબ નામનું ડીજીટલ પ્લેટફોર્મ શરૂ કર્યું છે અને તેની વ્યવસ્થાઓ ઉદ્યોગસાહસિકોને ઉપલબ્ધ કરવામાં આવી છે.

# સસ્તા ઘરો પુરા પાડવાઃ માથા ઉપર છતની ખાતરી

**હરદીપ એસ પૂરી**

ચૂંટાયાના માત્ર એક મહિના બાદ, જુલાઈ ૨૦૧૪માં સંસદના સંયુક્ત સત્રને સંબોધન કરતા પ્રધાનમંત્રીએ કહ્યું કે, “આ દેશ આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ કરે ત્યાં સુધીના સમયમાં દરેક પરિવાર પાસે પાણીના જોડાણો, શૌચાલયની વ્યવસ્થા, ચોવીસ કલાક વીજળી પુરવઠા અને ઉપલબ્ધતાની સુવિધાઓ સાથેના પાકા મકાનો ધરાવતો હશે”. આ લક્ષ્યને હાંસલ કરવા માટે પ્રધાનમંત્રીએ પ્રધાનમંત્રી આવાસ યોજના (પીએમએવાય) અથવા તમામ માટે સસ્તા ઘરના મિશનનો પ્રારંભ કરાવ્યો. આ મિશન બે ભાગમાં વહેંચાયેલ હતું – પીએમએવાય (ગ્રામિણ), કે જે ગ્રામિણ વિકાસ મંત્રાલયની દેખરેખ હેઠળ આવે છે અને પીએમએવાય (શહેરી), કે જે આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયની હદમાં આવે છે.

જુન ૨૦૧૫માં લોન્ચ થયેલ પીએમએવાય (શહેરી)નો લક્ષ્યાંક વર્ષ ૨૦૨૨ સુધીમાં શહેરી કેન્દ્રોમાં અંદાજે ૧.૨ કરોડ સસ્તા ઘરનું નિર્માણ કરવાનો છે. વર્તમાન સરકારના ચાર વર્ષમાં આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા ૪૭.૫ લાખ સસ્તા ઘરોના નિર્માણની મંજુરી આપી દેવામાં આવી છે અને ૮ લાખથી વધુ ઘરો તૈયાર કરી દેવામાં આવ્યા છે અને સંલગ્ન લાભાર્થીઓને આપી દેવામાં આવ્યા છે. સરખામણી કરવામાં આવે તો ૨૦૦૪ થી લઈને ૨૦૧૪ દરમિયાન માત્ર ૧૩.૪૬ લાખ ઘરોને મંજુરી આપવામાં આવી હતી અને ૫.૬૫ લાખની માલિકી સોંપવામાં આવી હતી. અત્રે એ વાત યાદ કરવી ઘટે કે જયારે જેએનએનયુઆરએમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો ત્યારે તેને ભારતનો સૌથી મોટો શહેરી વિકાસનો કાર્યક્રમ માનવામાં આવતો હતો. અને છતાં જેએનએનયુઆરએમના અગાઉના છેલ્લા ૧૦ વર્ષ દરમીયાન મંજૂર કરેલા સસ્તા ઘરોની સરખામણીએ ૪ વર્ષમાં વર્તમાન સરકારે તે સંખ્યાને ચાર ગણી વધારી નાખી છે.

જુન ૨૦૧૫માં લોન્ચ થયેલ પીએમએવાય (શહેરી)નો લક્ષ્યાંક વર્ષ ૨૦૨૨ સુધીમાં શહેરી કેન્દ્રોમાં અંદાજે ૧.૨ કરોડ સસ્તા ઘરનું નિર્માણ કરવાનો છે. વર્તમાન સરકારના ચાર વર્ષમાં આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા ૪૭.૫ લાખ સસ્તા ઘરોના નિર્માણની મંજુરી આપી દેવામાં આવી છે અને ૮ લાખથી વધુ ઘરો તૈયાર કરી દેવામાં આવ્યા છે અને સંલગ્ન લાભાર્થીઓને આપી દેવામાં આવ્યા છે.

### શહેરીકરણનો સત્કાર

પીએમએવાય (શહેરી)ની સફળતાને સમજવા માટે ભારતમાં અને શહેરીકરણમાં જે તાત્વિક બદલાવ આવી રહ્યો છે તેને સમજવો જરૂરી છે. દેશના ઈતિહાસમાં આવું સૌપ્રથમ વાર બન્યું છે કે કેન્દ્ર સરકારે

શહેરીકરણનો ખ્યાલ અપનાવ્યો હોય. આઝાદી પછીના ભારતના ઈતિહાસમાં દેશને શહેરીકરણ પ્રત્યે ઉદાસીન માનવામાં આવતો હતો. આ ઉદાસીનતા એ સત્ય ઉપર આંકવામાં આવતી હતી કે કૃષિ એ અર્થતંત્રનો મુખ્ય સ્ત્રોત છે, બંને આવક અને રોજગારીના સંદર્ભમાં. આજે, જયારે કૃષિ ક્ષેત્ર ભારતના કાર્યબળના ૪૦%ને રોજગારી આપવાનું ચાલુ રાખ્યું છે ત્યારે ભારતના કુલ મુલ્ય ઉમેરણમાં તેનું યોગદાન ૧૬.૪% જેટલું ઘટી ગયું છે. બીજી બાજુ સેવાઓનું યોગદાન નોંધપાત્ર રીતે વધ્યું છે અને આજના સમયમાં તે ૫૫.૨% છે. તેની પ્રકૃતિ અનુસાર સેવા ક્ષેત્ર એ શહેરી વિસ્તારોમાં જ જોવા મળે છે. ભારતના નાગરિકોની વધતી મહત્વાકાંક્ષાઓના લીધે તે સ્વાભાવિક છે કે તેઓ સેવા ક્ષેત્રમાં રોજગારી શોધશે અને તેથી શહેરી કેન્દ્રોની શોધ કરશે – એવો અંદાજ લગાવવામાં આવે છે કે ૨૦૩૦ સુધીમાં લગભગ ૬૦૦ મીલીયન ભારતીયો અથવા ભારતની ૪૦% વસ્તી ભારતીય શહેરોમાં વસતી હશે.

ભારતમાં આ વસ્તીને લગતા આંકડાઓને ધ્યાનમાં રાખીને પ્રધાનમંત્રીએ શરૂઆતથી જ શહેરીકરણનો સત્કાર કર્યો હતો. ૨૦૧૫માં યુનાઇટેડ નેશન્સ દ્વારા એસડીજી અને ૨૦૩૦ વિકાસાત્મક લક્ષ્યાંકોને વિધિવત અપનાવવામાં આવ્યા તે પહેલાથી જ ભારત દ્વારા તેના વિકાસના પ્રયત્નો અને આયોજનમાં “શહેરો અને માનવ વસાહતોને વ્યાપક, સુરક્ષિત, સ્થિતિસ્થાપક અને સંતુલિત બનાવો” આ શીર્ષક સાથેના સંતુલિત વિકાસના ધ્યેયો (એસડીજી)ના લક્ષ્યાંક ૧૧ના તત્વોનો સ્વીકાર કરી લેવામાં આવ્યો હતો.

પીએમએવાય (શહેરી) એ એક રીતે એક કેસ છે – સરકારે આ મિશન જુન ૨૦૧૫માં શરુ કર્યું અને આ પ્રકારે કરવાનો તેનો ઉદ્દેશ્ય જુલાઈ ૨૦૧૪માં જ જાહેર કરી દીધો હતો. આ ઉપરાંત જયારે એસડીજી તેમના લક્ષ્યાંકોને ૨૦૩૦ સુધીમાં પુરા કરવાનો ધ્યેય રાખે છે ત્યારે પીએમએવાય (શહેરી) એ ૨૦૨૨ – દેશની ૭૫મી જન્મ જયંતીની ઉજવણી પ્રસંગે જ – દરેક ભારતીયને પોતાનું ઘર હોય તેવી ખાતરી કરવાનો ધ્યેય રાખે છે.

વિશાળ શહેરી વિકાસ પ્રવાહમાં આવેલ તાત્વિક પરિવર્તન એ વળતી બાજુએ સસ્તા આવાસમાં પણ તાત્વિક પરિવર્તનને આવકાર્યું છે. પીએમએવાય (શહેરી) અંતર્ગત સસ્તા આવાસો એ માત્ર ઈંટ અને સિમેન્ટનો ઉપયોગ કરીને ચાર દીવાલો ચણવાની વાત નથી રહી પરંતુ પીએમએવાય (શહેરી) એ ઘરનું નિર્માણ કરવાની વાત કરે છે, માત્ર મકાન નહી. તેની વ્યાખ્યા અનુસાર પીએમએવાય (શહેરી) ઘરમાં કાર્યરત શૌચાલય, વીજળીનું જોડાણ, નળવાળા પાણીનું જોડાણ અને ઘરે ઘરે કચરા નિકાલની વ્યવસ્થા હોવી એ ફરજીયાત છે. સૌથી અગત્યની વાત, પીએમએવાય (શહેરી) ઘરની નોંધણી ઘરની સ્ત્રીના નામે કરી શકાય છે અથવા સંયુક્ત રીતે. પરિણામે પીએમએવાય (શેહરી) અંતર્ગત પરિવારો પાસે માથા ઉપર માત્ર છત જ નહી હોય પરંતુ તેમની પાસે તે તમામ સુવિધાઓ હશે કે જે તેમને સન્માન, સુરક્ષા અને સમૃદ્ધિનું જીવન જીવવા માટેની પરવાનગી આપે.

**દેશની ભૂમિકાને પુનઃવ્યાખ્યાયિત કરવી**

ભારતમાં શ્રેષ્ઠ વિચારોની ક્યારેય ખોટ નથી રહી – આપણા ખ્યાતનામ ‘સ્ટીલ ફ્રેમ’ સહીત આપણા બૌદ્ધિજીવી વર્ગે અનેક અહેવાલો અને ભલામણો છાપ્યા છે કે જે આપણા શહેરીકરણના વાતાવરણને બદલી શકે તે માટેના ઉપાયો સૂચવે છે. સામાન્ય રીતે આ પ્રકારના વિચારોને સચોટપણે તેમના પાયાના વિચારોમાં જ અટવાયેલા રખાયા છે. પીએમએવાય (શહેરી)ની સફળતા એ સામાન અને સેવા પૂરી પાડવાની દેશની સૌથી પહેલી પ્રાથમિકતામાં રહેલી પ્રધાનમંત્રીની પ્રતિબદ્ધતામાં છે જે તેનું વસિયતનામું છે. અને વસ્તુ અને સેવાઓ એ માત્ર તાત્વિક વિચારણાઓના માધ્યમથી પૂરી પાડી શકાય નહી, જમીન ઉપરની સફળતા એ અમલીકરણની માંગ કરે છે કે જેમાં સતત અને નિયમિત નિયંત્રણ તથા વૃદ્ધિનો સમાવેશ થાય છે.

પીએમએવાય (શહેરી)નું અમલીકરણ એ ચાર વાહનોના માધ્યમથી કરવામાં આવે છે – મળ સ્થાને ઝુંપડપટ્ટીઓનો પુનઃવિકાસ; ભાગીદારીમાં સસ્તા ઘરો (એએચપી); ક્રેડીટ લિન્ક્ડ સબસીડી યોજના (સીએલએસએસ) અને લાભાર્થી દ્વારા નિર્માણ (બીએલસી). આ સ્તંભોના માધ્યમથી, મિશન સસ્તા ઘરોના સંપૂર્ણ ચિત્રને આવરી લે છે – સૌથી અમાનવીય સ્થિતિમાં રહેતા ઝુંપડપટ્ટીવાસીઓથી લઈને; આર્થિક રીતે નબળા વર્ગોમાંથી આવતા અને મધ્યમ આવક



ધરાવતા જૂથો કે જેમને સસ્તી બેન્કિંગ સુવિધાની જરૂર છે; અને એવા લોકો પણ કે જેઓ જમીનનો એક ટુકડો ધરાવે છે પરંતુ તેમનું ઘર બાંધવા માટે વધારાના નાણાની જરૂર છે. સૌથી અગત્યની વાત, વિકલ્પોના પુષ્પગુચ્છમાંથી પસંદગી કરવાની છૂટ આપીને પીએમએવાય (શહેરી) એ અગાઉના ટોપડાઉન મોડલમાંથી બહાર નિકળી ગયું છે. પોતાની જરૂરિયાતના આધારે સૌથી શ્રેષ્ઠ ઉપાય શોધવા માટેના લાભાર્થીના નિર્ણય ઉપર મિશનને ભરોસો છે.

૨૦૧૪ની સામાન્ય ચૂંટણી બાદ લોકસભાને કરેલા તેમના સૌપ્રથમ સંબોધનમાં પ્રધાનમંત્રીએ સહયોગાત્મક સંઘવાદ ઉપર ભાર મુક્યો હતો. એક મહત્વના રાજ્યના મુખ્યમંત્રી તરીકે ફરજ બજાવી ચુકેલા હોઈ, તેઓ નવી દિલ્હીમાંથી શાસન થઇ રહેલ ભારતીય શાસનની મૂળભૂત મર્યાદાઓથી તેઓ સારી પેઠે વાકેફ હતા. અવારનવાર રાષ્ટ્રીય રાજધાની તરફથી આયોજન કરવામાં આવેલ અને અમલીકરણ કરવામાં આવેલ મિશનો પોતાનું આકર્ષણ ગુમાવી દેતા હતા કારણ કે રાજ્ય સરકારોને ક્યારેય મંચ પર લાવવામાં નહોતી આવતી. પીએમએવાય (શહેરી) એ અનેક ફ્લેગશીપ કાર્યક્રમોમાંની એક યોજના છે કે જે સહયોગાત્મક સંઘવાદના ઓછાયા હેઠળ વિકસિત થઇ રહી છે અને અમલીકરણ પામી રહી છે, - અગાઉની આવાસ યોજનાઓમાં રાજ્ય સરકારને સંઘ સરકાર પાસેથી તેમની પરિયોજનાઓ મંજુર કરાવવી પડતી હતી. પીએમએવાય (શહેરી) અંતર્ગત રાજ્ય સરકારો જો કેન્દ્ર સરકાર તરફથી કોઈ નાના સૂચનો કરવામાં આવે તો તેનો અમલ કરીને તેમની જાતે જ મંજુરી મેળવી શકે છે.

ભૂતકાળના માળખાઓથી નોંધપાત્ર રીતે અલગ ફંટાઈને કેન્દ્ર સરકારે એક ઉદ્દીપકની ભૂમિકા ભજવવાનું નક્કી કર્યું છે — ૨૦૧૭-૧૮ના બજેટમાં સસ્તા આવાસોને માળખાગત બાંધકામનો દરજ્જો આપવામાં આવ્યો હતો અને નાણાકીય ક્ષેત્રમાં ગતિ આવે તે માટે ૨૦૧૮-૧૯ માટેના બજેટમાં નેશનલ હાઉસિંગ બેંક અંતર્ગત સસ્તા આવાસ ફંડનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંતના પગલાઓમાં, આ મિશનમાં ખાનગી ભાગીદારીને પ્રોત્સાહિત કરવા માટે હવે આવક વેરાનો વિભાગ ૮૦-આઈબીએ એ સસ્તા આવાસની પરિયોજનાઓ માટે નફામાંથી ૧૦૦%ની બાદબાકી કરી આપે છે.

પીએમએવાય (શહેરી)ના માપ અને કદનું કોઈપણ મિશનને પોતાજી સરળ કામગીરી માટે પૂરતા નિયમન માળખાની જરૂર પડતી હોય છે. અને તે અનુસાર પીએમએવાય (શહેરી) એ વિસ્તૃત રીતે રીયલ એસ્ટેટના ક્ષેત્ર અંતર્ગત આવે છે જેમાં તેની જરૂરીયાત વધુ પ્રસંગોચિત છે.

ભારતમાં રીયલ એસ્ટેટને ઐતિહાસિક રીતે એવા ક્ષેત્ર તરીકે ચિતરવામાં આવ્યું છે કે જ્યાં અનૈતિકતાને પારિતોષિક આપવામાં આવે છે અને પ્રમાણિકતાને દંડ અપાય છે. રાજકારણી-વહીવટી અધિકારી અને બિલ્ડરનું એક સંગઠન આ રમતના નિયમો નક્કી કરે છે અને તેમની શરતો અનુસાર કોઈપણ વ્યક્તિ કે જે ઘર ખરીદવા માંગતી હોય તેણે ભ્રષ્ટ પ્રક્રિયાઓમાં ઉતરવું જ પડતું હતું અને તે પછી પણ એ વાતની કોઈ ખાતરી નહોતી રહેતી કે સંપત્તિને તેના સાચા માલિકના હાથમાં જ સોંપવામાં આવશે. આ પ્રકારની સજામુક્તિની સંસ્કૃતિ ઉપર પૂર્ણવિરામ મુકવા માટે સરકારે રીયલ એસ્ટેટ (નિયમન અને અનિયમિતતા) કાયદો ૨૦૧૬ અથવા રેરા ઘડી કાઢ્યો. રેરા કે જે રીયલ એસ્ટેટ ક્ષેત્ર માટે એક નિયામકનું કામ કરે છે તે છેલ્લા ૭૦ વર્ષમાં સૌપ્રથમ વાર દેશમાં તેનું ગઠન કરવામાં આવ્યું. સંસદના આ કાયદાના પરિણામ સ્વરૂપે ઘર ખરીદનારાઓની આખા જીવનની કપરી મહેનતથી જમા કરવામાં આવેલ મૂડી એ હવે ભ્રષ્ટ તંત્ર કે જે ભારતના કાયદાકીય માળખાને અવરોધનાર અને અવગણનાર હતું તેના હાથમાં નથી. નાદારી અને દેવળિયાપણું

કોડ કે જે ઇચ્છિત ડિફોલ્ટરોને રીઝોલ્યુશન પ્લાન જમા કરાવતા અટકાવે છે અને જે ઘર ખરીદનારાઓને નાણાકીય ધિરાણકર્તાઓ પાસે મોકલી આપે છે તેના લીધે આ ક્ષેત્રના ભ્રષ્ટ તત્વોને ઉખાડી ફેંકવામાં વધુ એક મહત્વની પહેલ કરી છે.

**ઉપસંહારઃ**

એક અંદાજ અનુસાર, ભારતને તેની શહેરી માંગને પહોંચી વળવા માટે વર્ષ ૨૦30 સુધીમાં પ્રતિ વર્ષ ૭૦૦થી ૯૦૦ મીલીયન ચોરસ ફૂટના રહેણાંક અને વ્યવસાયિક મકાનોનું નિર્માણ કરતા રહેવું પડશે. આ આંકડાઓને એક નવીન દ્રષ્ટિકોણમાં મૂકીએ તો અત્યારથી લઈને ૨૦30 દરમિયાન ભારતે દર વર્ષે એક નવા શિકાગોનું નિર્માણ કરવું પડશે, જો તેને પોતાના નાગરિકોની શહેરના જીવનની માંગને સંતોષવી હોય તો.

આ સંદર્ભ અનુસાર પીએમએવાય (શહેરી)ની સફળતાને દેશમાં ચાલી રહેલ આયોજિત શહેરીકરણના એક સંપૂર્ણ સમકના રૂપમાં સંયુક્તપણે જોવી પડશે. સ્વચ્છ ભારત અથવા ક્લીન ઇન્ડિયા મિશન એ આજે એક જન આંદોલન અથવા સામાજિક ચળવળ બની ગઈ છે. ઓડીએફ ઉપરનો તેનો ભાર માત્ર પૂરતી સંખ્યામાં શૌચાલયોનું નિર્માણ કરવા ઉપર જ કેન્દ્રિત નથી રહ્યો પરંતુ તે દેશમાં એક સ્વભાવગત પરિવર્તન પણ લાવી રહ્યો છે. દેશમાં ૫૭ લાખ વ્યક્તિગત શૌચાલયો અને ૩.૮ લાખ સામુદાયિક શૌચાલયો પુરા કરી દેવામાં આવ્યા છે અને ૪૭.૫ લાખથી વધુ શૌચાલયો પીએમએવાય (શહેરી) અંતર્ગત પ્રત્યેક સસ્તા ઘરમાં નિર્માણ કરવામાં આવશે. અટલ મિશન ફોર રીજુવીનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન (અમૃત) અંતર્ગત ૫૦૦ શહેરો કે જેમની પાસે સમગ્રતયા પાણી પુરવઠાનું કવરેજ હશે અને વધુ સારી ગટર વ્યવસ્થા હશે તે સસ્તા ઘરોમાં રહેનારા લોકોના જીવનની ગુણવત્તામાં વધુ સારો સુધારો કરશે. સ્માર્ટ સીટીઝ મિશન હેઠળ પસંદ કરવામાં આવેલા ૯૯ શહેરો પાસે એ બાબતની ખાતરી કરવા માટે કે સસ્તા ઘરોમાં રહેનારાઓ પાસે પણ તેમના પોતાના શહેરના વિકાસમાં સમાન અધિકાર હોય તે માટે વ્યાપક નાગરિક જોડાણ છે.

પીએમએવાય (શહેરી) એ આપણા શહેરી કેન્દ્રોમાં ચાલી રહેલ પાયાગત પરિવર્તનો અને ભારતીય શહેરોને શ્રેષ્ઠ શહેરો બનાવવા માટે થઇ રહેલા પ્રયત્નોના પ્રતિક સમાન છે. તે ભારતીયોને "જીવનની સરળતા" પૂરી પાડવા માટેની પ્રધાનમંત્રીની પ્રતિબદ્ધતામાં જોવા મળે છે અને સૌનો સાથ, સૌનો વિકાસ અથવા તમામ માટે વિકાસ કે જે આ સરકારનું ધ્યેયસૂત્ર છે તેને ચરિતાર્થ કરે છે. પીએમએવાય (શહેરી) અંતર્ગત કરવામાં આવી રહેલા પ્રયત્નોના માપદંડને વિશ્વના કોઈપણ અન્ય દેશના અનુભવ સાથે સરખાવી શકાય તેમ નથી. પરિણામે સસ્તા ઘરના ભારતીય મોડલની સફળતા એ સમગ્ર વિશ્વમાં થીયરી અને પ્રેક્ટીસ બંને રીતે શહેરી વિકાસની પરિભાષા નક્કી કરશે.

**લેખક ભારત સરકારના ગૃહ અને શહેરી આવાસ વિભાગના રાજ્ય કક્ષાના (સ્વતંત્ર હવાલો) ના મંત્રી છે. તેઓ ચાર દાયકાની વિશિષ્ટ રાજદ્વારી કારકીર્દિ ધરાવે છે, જેમાં દ્વિપક્ષી સંબંધોથી માંડીને બહુવિધ ક્ષેત્રનો સમાવેશ થાય છે. રાજદૂત કક્ષાના પદ ઉપર કેટલીક જવાબદારીઓ અને જીનિવા અને ન્યૂ યોર્ક બંને સ્થળોએ ભારતના કાયમી પ્રતિનિધિ તરીકેની જવાબદારી સંભાળી ચૂક્યા છે. યુનાઈટેડ નેશન્સની સિક્યોરિટી કાઉન્સિલનું પ્રમુખ પદ સંભાળનાર જૂજ ભારતિયોમાં તેમનો સમાવેશ થાય છે અને તેની કાઉન્ટર ટેરરિઝમ કમિટિનું અધ્યક્ષ સ્થાન સંભાળનાર તે એક માત્ર ભારતીય છે. તેમણે ન્યૂ યોર્કમાં ઈન્ટરનેશનલ પીસ ઈન્સ્ટીટ્યુશનના મલ્ટીલેટ્રાલિઝમના સ્વતંત્ર કમિશનમાં સેક્રેટરી જનરલ તરીકે કામગીરી સંભાળેલી છે. તેમણે Perilous Interventions: The Security Council & The Politics of Chaos, India's Trade Policy Dilemma and the Role of Domestic Refrom સહિત કેટલાંક પુસ્તકો લખ્યા છે.**

**E-mail :**

**minister-mohua@nic.in**

### તમસોમાજ્યોતિર્ગમય

# ૧૦૦૦ દિવસમાં ૧૦૦% ગામોના વીજળીકરણની મજલ

**એ. કે. ભલ્લા**



> વીજળીની સાર્વત્રિક ઉપલબ્ધી માટે ૧૦૦ ટકા ગામોનું વીજળીકરણ કરવાનું હતું અને ખાસ કરીને તેમને ગુણવત્તા ધરાવતો તથા ભરોસાપાત્ર વીજ પૂરવઠો પૂરો પાડવાનો હતો અને તે વ્યાપક જન સમુદાયની અપેક્ષાઓને પહોંચી વળવાનું એક મહત્વનું કદમ હતું. આથી ગ્રામ વિસ્તારમાં વીજ વિતરણનાં તમામ પાસાંને આવરી લે તેવી એક સકંલિત યોજના હાથ ધરવાની હતી. સરકારે ગ્રામ્ય વિસ્તારો માટે આ યોજનાનો અભિગમ નક્કી કરીને તેનો "દિનદયાળ ઉપાધ્યાય ગ્રામ જ્યોતિ યોજના (DDUGJY)" ના નામે પ્રારંભ કરવામાં આવ્યો હતો.

વીજળી હવે આપણા સૌના માટે એક પાયાની જરૂરિયાત થઈ ગઈ છે. ૨૧મી સદીમાં લોકો વીજળી વગર જીવતા હોય તેવી કલ્પના તો કરી જુઓ. વીજળીની સાર્વત્રિક ઉપલબ્ધિ એ વર્તમાન સરકારનું મનપસંદ ધ્યેય છે અને આ દિશામાં ખૂબ જ પ્રયાસો પણ કરવામાં આવ્યા છે. પ્રધાનમંત્રી શ્રીએ તા.૧૫મી ઓગસ્ટ ૨૦૧૫ના રોજ સ્વાતંત્ર્ય દિન પ્રસંગે લાલ કિલ્લા પરથી રાષ્ટ્રને સંબોધતાં જાહેરાત કરી હતી કે દેશનાં બાકી રહી ગયેલાં ૧૮,૫૦૦ ની આસપાસની સંખ્યા ધરાવતાં ગામોનું હવે પછીના ૧,૦૦૦ દિવસમાં વીજળીકરણ કરવામાં આવશે. ઊર્જા મંત્રાલયને, આ બાકીનાં વીજળીકરણ નહી થયેલાં ગામોનુ નિર્ધારિત સમયગાળામાં વીજળીકરણ કરવાની કામગીરી સોંપી દેવામાં આવી હતી. આમ છતાં, આ પ્રકારનુ પડકારયુક્ત કામ હાથ ધરતાં પહેલાં પ્રથમ કદમ કામગીરીનો અંદાજ બાંધવાનું હતું. મેનેજમેન્ટમાં જે મુજબ કહેવામાં આવે છે તેમ "જો તમે માપ કાઢી શકો નહી તો તમે વ્યવસ્થાપન પણ કરી શકો નહી." ગ્રામીણ વિસ્તારોમાં વહીવટી એકમ તરીકે પ્રાથમિક ઓળખ ધરાવતા ગામને સેન્સસ વિલેજ તરીકે ઓળખવામાં આવે છે. એનો અર્થ એ થયો કે તમામ સેન્સસ ગામોમાં વીજળીકરણ ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા કરવાની હતી. એટલે કે વીજળીની સાર્વત્રિક ઉપલબ્ધી માટે ૧૦૦ ટકા ગામોનું વીજળીકરણ કરવાનું હતું અને ખાસ કરીને તેમને ગુણવત્તા ધરાવતો તથા ભરોસાપાત્ર વીજ પૂરવઠો પૂરો પાડવાનો હતો અને તે વ્યાપક જન સમુદાયની અપેક્ષાઓને પહોંચી વળવાનું એક મહત્વનું કદમ હતું. આથી ગ્રામ વિસ્તારમાં વીજ વિતરણનાં તમામ પાસાંને આવરી લે તેવી એક સકંલિત યોજના હાથ ધરવાની હતી. સરકારે ગ્રામ્ય વિસ્તારો માટે આ યોજનાનો અભિગમ નક્કી કરીને તેનો "દિનદયાળ ઉપાધ્યાય ગ્રામ જ્યોતિ યોજના (DDUGJY)" ના નામે પ્રારંભ કરવામાં આવ્યો હતો.

### દિનદયાળ ઉપાધ્યાય ગ્રામ જ્યોતિ યોજના (DDUGJY)

આ યોજનામાં (૧) વીજળીકરણ નહી થયેલાં ગામોનુ વીજળીકરણ કરવાનું હતું. (૨) જયાં ગામોમાં ઘનિષ્ઠ વીજળીકરણ થઈ ચૂક્યુ છે, ત્યાં ત્યાંના આવાસોને વીજળી પૂરી પાડવાની હતી. (૩) વીજ પુરવઠાની ગુણવત્તા અને ભરોસાપાત્રતા જાળવવા માટે પેટા-વિતરણ નેટવર્ક અને તે માટેની માળખાગત સુવિધાઓમાં સુધારો કરવાનો હતો. (૪) ખેડૂતોને પૂરતી વીજળી મળી રહે તે માટે

અલગ ફીડરની વ્યવસ્થા કરવાની હતી (૫) ફીડર્સ ઉપર મીટર નાખવાનાં હતાં, વિતરણ માટેનાં ટ્રાન્સમિશનની વ્યવસ્થા કરવાની હતી તથા ગ્રાહક માટે એનર્જી ઓડીટ તથા વીજળીની ઘટ ઓછી થાય તેવી વ્યવસ્થા કરવાની હતી. અગાઉની ગ્રામ વીજળીકરણની યોજનાને દિનદયાળ ઉપાધ્યાય ગ્રામ જયોતી યોજના DDUGJY ના એક અલાયદા ગ્રામ વીજળીકરણ ઘટક તરીકે સમાવી લેવામાં આવી હતી.

**૧૦૦ ટકા ગ્રામ વીજળીકરણનુ આયોજન અને વ્યૂહરચના**

દિનદયાળ ઉપાધ્યાય ગ્રામ જ્યોતી યોજના હેઠળ વીજળીકરણ થયા વગર રહી ગયેલાં બાકીનાં તમામ ગામોને વીજળી પૂરી પાડવાની કામગીરી મિશન મોડમાં હાથ ધરાઈ હતી. વર્ષ ૨૦૧૫-૧૬ પહેલાનાં ૩ વર્ષમાં (એટલે કે ૨૦૧૨-૧૩માં ૨૫૮૭, ૨૦૧૩-૧૪માં ૧૧૯૭ અને ૨૦૧૫-૧૫માં ૧૪૦૫) ગ્રામ વીજળીકરણની ગતિ થોડી ધીમી રહી હતી. આ ઉપરથી અવુ ફલિત થયું કે આ જ રીતે કામગીરી ચાલતી રહેશે તો ગ્રામ વીજળીકરણની કામગીરી પૂરી થતાં બીજાં દસ વર્ષ લાગી જશે. આથી વર્તમાન સ્થિતિ સમજવા માટે, સાધનોની ઉપલબ્ધી અંગે, તથા પ્રગતિને વેગ આપવા માટેનાં સંભવિત સુધારાત્મક પગલાં અંગે તમામ સહયોગીઓ સાથે વિસ્તૃત પરામર્શ કરવામાં આવ્યો, મોનિટરીંગની વ્યવસ્થા ગોઠવાઈ અને તેને કારણે નવા વિચારો અને વ્યૂહરચના અને અભિગમનો ઉદ્દભવ થયો જેમાં અન્ય બાબતોની સાથે સાથે નીચેની બાબતોનો પણ સમાવેશ થતો હતો :

(૧) સબળ આયોજન હાથ ધરી શકાય તે માટે ૨૦૧૧નો સેન્સસ કોડ ધરાવતાં યોગ્ય ગામોની ઓળખ: સેન્સસ કોડ ૨૦૧૧ મુજબ વીજળીકરણ થયું ન હોય તેવાં ગામોની યાદી આપવા તમામ રાજયોને વિનંતિ કરવામાં આવી જેથી તેનું ચોકકસ નામ, સ્થાન ભૌગોલિક સ્થિતિ વગેરે જાણી શકાય. આ કાર્યક્રમ અગાઉ, સામાન્ય રીતે કામકાજમાં થયેલી પ્રગતિની દેખરેખ ગામડાંની સંખ્યાને આધારે રખાતી હતી.

(૨) દૂર દૂરનાં અને જ્યાં પહોંચવુ દૂષ્કર હોય તેવાં ગામો માટે સોલર પીવી આધારિત ઓફ ગ્રીડ ઉપાયો: એવુ અવલોકન પ્રાપ્ત થયું હતું કે બાકી રહી ગયેલાં વીજળીકરણ નહી થઈ શકેલાં ગામો દૂર દૂરના સ્થળે આવેલાં છે અને તેમજ મુશ્કેલ ભૂ પ્રદેશ, બરફથી છવાયેલ ટેકરીઓ, અથવા તો ગીચ જંગલમાં આવેલ ગામો તથા ડાબેરી ઉગ્રવાદીઓની અસર ધરાવતા વિસ્તારો વગેરેનો સમાવેશ થતો હતો. આવાં ગામો સુધી પહોંચવું કે જરૂરી માળખાગત સાધનો પહોંચાડવાં તે સાચા અર્થમાં પડકારરૂપ બાબત બની ગઈ હતી. આથી એવો નિર્ણય લેવામાં આવ્યો કે જો કેટલાંક ગામોમાં ગ્રીડનું વિસ્તરણ અર્થક્ષમ ન હોય કે ખર્ચને વિપરિત અસર થતી હોય તો આવાં ગામોને ઓફ ગ્રીડ પધ્ધતિથી સોલાર ફોટોવોલેટીક આધારિત ઉપાયો હાથ ધરીને વીજળીકરણ કરવું. દિનદયાળ ઉપાધ્યાય ગ્રામ જયોતિ યોજના હેઠળ આ મુજબના ઓફ -ગ્રીડ પ્રોજેકટસને મંજૂરી આપવામાં આવી

(૩) સ્ટાન્ડર્ડ બીડીંગ દસ્તાવેજો વિકસાવવામાં આવ્યા અને ઈ-ટેન્ડર ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું.

(૪) ઈનોવેશન ફાયનાન્સિંગ : જેમ જેમ કામકાજમાં ગતિ આવતી ગઈ તેમ તેમ આ યોજના માટે રાજયો માટે ભંડોળ ઉપલબ્ધ કરવાની જરૂર જણાઈ. અંદાજપત્રિય સહયોગની સાથે સાથે નાણાં મંત્રાલયે ઊર્જા મંત્રાલયને પાવર ફાયનાન્સ કોર્પોરેશન (PFC) અને રૂરલ ઈલેક્ટ્રિફિકેશન કોર્પોરેશન (REC) દ્વારા બજારમાંથી બોન્ડ મારફતે નાણાં ઉભાં કરવાની છૂટ આપી, જેથી કામગીરી હાથ ધરવા માટે રાજ્યોને પૂરતાં નાણાં ઉપલબ્ધ કરાવી શકાય. છેલ્લાં ૨ નાણાંકિય વર્ષમાં બજેટ સિવાયના સ્ત્રોતો (EBR) દ્વારા રૂ.૯,૦૦૦ કરોડ ઉભા કરવામાં આવ્યા.

(૫) રાજ્યોને કામગીરી હાથ ધરવામાટે સુગમતા પૂરી પાડવામાં આવી: વિવિધ પ્રકારની ભૌગોલિક અને ભૂભૌગોલિક તેમજ અન્ય સ્થિતિને ધ્યાનમાં લેતાં એવુ સમજાયું કે દરેક રાજય માટે એક સરખુ વલણ કે અભિગમ કામે લાગશે નહી. આથી રાજ્યોને જરૂરિયાત મુજબ ટર્ન-કી ધોરણે/અંશતઃ ટર્નકી ધોરણે અથવા ડિપાર્ટમેન્ટલ પધ્ધતિથી પ્રોજેકટ હાથ ધરવા માટે પૂરતી સુગમતા પૂરી પાડવામાં આવી.

(૬) રાજ્યોનુ હેન્ડ હોલ્ડીગ / વીજ વિતરણ કંપનીઓ (Discoms):

રાજ્ય સરકારો અથવા તો વીજ વિતરણ કંપનીઓને જરૂરી સહાય પૂરી પાડવામાં આવી. લગભગ દરેક રાજ્યમાં નોડલ એજન્સીની ઓફિસો શરૂ કરવામાં આવી. રોજે રોજ સહાય પૂરી પાડવા માટે તથા કામગીરી પૂર્ણ કરવા માટે રાજ્ય સરકારના અધિકારીઓ સાથે પરામર્શ કરવા અધિકારીઓને ડેપ્યુટ કરવામાં આવ્યા. રાજ્યની વીજ વિતરણ સંસ્થાઓ અથવા તો ઊર્જા વિભાગની કામગીરી વિસ્તારવા અને તેને સબળ બનાવવા માટે તેમજ મોનીટરીગ અને કાર્યક્રમના ઝડપી અમલીકરણ માટે રૂરલ ઈલેક્ટ્રિફિકેશન કોર્પોરેશન દ્વારા બ્લોક અથવા તો જીલ્લા સ્તરે ગ્રામ વિદ્યુત અભિયંતા (GVAs)ની નિમણુંક કરવામાં આવી. આ GVAs સ્થાનિક વિસ્તારોના એન્જીન્યરો હતા જે વીજ વિતરણ કંપનીઓને વ્યાપક ફીલ્ડ મોનિટરીગમાં સહાય કરતા હતા.

(૭) માઈલસ્ટોન આધારિત મોનિટરીગઃ થઈ રહેલી પ્રગતિ ઉપર પકડ જળવાઈ રહે તે માટે ગ્રામ વીજળીકરણની સમગ્ર પ્રક્રિયાને ચોકક્સ સમયમર્યાદા આપીને ૧૨ વિભાગો અથવા તો માઈલસ્ટોનમાં વહેંચી નાખવામાં આવી હતી. આ માઈલસ્ટોનમાં કામગીરી સોંપવાથી માંડીને, સર્વે, સામગ્રીનું એકત્રિકરણ, સ્થળ પર સામગ્રી પહોંચાડવી, ઈરેકશન, કમિશનીગ તથા કામગીરીને વેગ આપવા (energisation) જેવી બાબતોનો સમાવેશ થતો હતો. પ્રોજેકટની કામગીરી પૂર્ણ થવામાં ખાત્રી રહે તથા ગામડાંનુ ઊર્જાકરણ થાય તે હેતુથી પ્રોજેકટ મેનેજમેન્ટ ટૂલ્સનો ચુસ્તીથી ઉપયોગ કરવામાં આવતો હતો.

(૮) પારદર્શકતા અને જવાબદેહિતા : ગામડાંના વીજળીકરણની પ્રક્રિયા અને પ્રગતિ અંગે જાહેર જનતાને વ્યાપકપણે પૂરતી માહિતી ઉપલબ્ધ થતી રહે તે માટે અને અમલીકરણમાં પારદર્શકતા જળવાય તે હેતુથી મોબાઈલ એપ્પ “Garv” રજૂ કરવામાં આવી હતી જાહેર જનતાને પૂરતી માહિતી મળતી રહે તે હેતુથી વિસ્તૃત જવાબદેહિતા ધરાવતુ વાતાવરણ ઊભું કરવામાં આવ્યું હતું.

(૯) નિયમિતપણે સમિક્ષા અને મોનિટરીગ : કેન્દ્ર સરકારના સ્તરે તેમજ રાજ્ય સરકાર અને વીજવિતરણ કંપનીઓના સ્તરે નિયમિત સમિક્ષા અને મોનિટરીગ ચાલુ રહે તે માટેની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. બહેતર સંકલન અને પ્રોજેકટ મેનેજમેન્ટ હાથ ધરી શકાય તે માટે નિયમિત સમિક્ષા બેઠકો પણ યોજવામાં આવતી હતી. ફીલ્ડમાં કામ કરવામાં અવરોધક બનતી સમસ્યાઓને આવી સમિક્ષા બેઠકમાં ચર્ચા કરવીને તેનો તાત્કાલિક ઉકેલ લાવવામાં આવતો હતો.

**પ્રગતિ**

રાજ્યો દ્વારા ઉપર જણાવાઈ તે મુજબની વ્યૂહરચના દ્વારા તથા ખૂબ જ વિચારપૂર્વક તૈયાર કરાયેલા સહયોગ યુક્ત આયોજન દ્વારા જે પ્રગતિ હાંસલ થઈ તે અમલીકરણના પ્રથમ વર્ષમાં જ ઉપસી આવી હતી. ૨૦૧૫-૧૬માં ગ્રામ વીજળીકરણમાં નોંધપાત્ર વધારો થઈ શક્યો હતો (અગાઉનાં વર્ષોની તૂલનામાં ૭૧૦૮ ગામોનું વીજળીકરણ થઈ શક્યું હતું અને અગાઉના ૩ વર્ષમાં થયેલી પ્રગતિ કરતાં વધુ સારૂ પરિણામ હાંસલ થયું હતું. (૨૦૧૨-૧૩ઃ ૨૫૮૭, ૨૦૧૩-૧૪ઃ ૧૧૯૭, ૨૦૧૪-૧૫ઃ ૧૪૦૫).

**સમયાંતરે થયેલી પ્રગતિ નીચે મુજબ છે :**

| જાહેરાત થઈ તે પછીના દિવસોની સંખ્યા | વીજળીકરણ કરાયેલાં ગામોની સંખ્યા |
|---|---|
| ૨૦૦ | ૬૦૨૧ |
| ૪૦૦ | ૧૦,૨૩૩ |
| ૬૦૦ | ૧૩,૧૭૪ |
| ૮૦૦ | ૧૪૭૦૧ |
| ૧૦૦૦ | ૧૮૪૫૨ |

- ૧૭૨૧ ગામો ગોચરની જમીનોમાં આવેલાં હતાં અને ત્યા કોઈ વસવાટ જણાયો નથી.

**પડકારોનું અમલીકરણ અને સુધારાત્મક પગલાં**

અહી એ બાબતનો ઉલેલેખ કરવો યોગ્ય જણાશે કે બાકી રહેલાં મોટા ભાગનાં ગામોમાં દૂર દૂરના સ્થળે આવેલાં છે અને જ્યાં પહોંચવુ દૂષ્કર છે તેવાં તેમજ મુશ્કેલ ભૂ પ્રદેશ, બરફથી છવાયેલ ટેકરીઓ અથવા તો ગીચ જંગલમાં આવેલ ગામો તથા ડાબેરી ઉગ્રવાદીઓની અસર ધરાવતા વિસ્તારો વગેરે ગામોનો સમાવેશ થાય છે. આથી આવા મુખ્ય અવરોધ બનેલા પડકારોનો સામનો કરીને તથા તકલીફો હલ કરીને આઝાદીનાં આટલાં બધાં વર્ષ વિત્યા પછી દેશના

ગરીબ નાગરિકો સુધી વીજળીકરણ કાર્યક્રમ પહોંચાડવાનુ ખૂબ જ મહત્વનું બની રહે છે. કામકાજમાં જેમ વધુ પ્રગતિ થાય તેમ મુશ્કેલીના સ્તરમાં વધારો થતો રહે છે. જે મુખ્ય પડકારોનો સમાવેશ થતો હતો તે નીચે મુજબ છેઃ

સ્થળ પર પહોંચવામાં મુશ્કેલી અને પરંપરાગત ગ્રીડ સિસ્ટમની બિનઅર્થક્ષમતાઃ

૨,૭૬૨ ગામ

મુશ્કેલ પહાડી વિસ્તારોઃ ૨૪૫ ગામ (જમ્મુ અને કાશ્મીર- ૫૪, અરૂણાચલ પ્રદેશ- ૧૮૨, મેઘાલય- ૯)

સામગ્રી માથે ઉપાડીને ૧ થી ૧૦ દિવસમાં પહોંચાડાઈ હોય તેવા ગામોઃ ૧૦૨ ગામ (અરૂણાચલ -૯૦, મણિપુર-૧૨)

હેલિકોપ્ટર દ્વારા સામગ્રીનું પરિવહન કરાયું હોય તેવા ગામોઃ ૫૧ ગામ (જમ્મુ અને કાશ્મીર- ૩૫, અરૂણાચલ પ્રદેશ- ૧૬)

ડાબેરી ઉગ્રવાદીઓની પ્રવૃત્તિઓથી માઠી અસર પામેલાં ગામોઃ (બિહાર- ૧૦૪૪, ઝારખંડ- ૨,૪૭૮, છત્તીસગઢ- ૧૦૫૧, મધ્ય પ્રદેશ- ૧૪, ઓડિશા- ૩૦૨૭)

વન વિભાગની મંજૂરી મેળવવી પડી હોય તેવા ગામોઃ ૪૧૫ ગામ (ઝારખંડ- ૧૫૫, ઉત્તરા ખંડ- ૨૩, ઓડિશા- ૪૫, આસામ- ૩૨, મધ્ય પ્રદેશ- ૧૬૦)

રેલવેની મંજૂરી મેળવવી પડી હોય તેવા ગામોઃ ૩૮ ગામ (બિહાર- ૩૭, આસામ- ૧) કેવી વિપરીત પરિસ્થિતિમાં કામ કરવું પડ્યું છે તેનો નિર્દેશ કરતી તસવીરો

(તસવીરો મૂકવી)

આ કામગીરી હાથ ધરવામાં જે ગતિશીલતા દાખવવામાં આવી તેનો નિર્દેશ એ હકિકત પરથી પ્રાપ્ત થાય છે કે અમલીકરણની પ્રક્રિયા દરમ્યાન ૯ રાજ્યોએ જ્યાં વીજળી પહોંચી નથી તેવા વધારાના અન્ય ૧૨૨૭ ગામો હોવાનો અહેવાલ આપ્યો. આવા ગામોમાં વીજળીકરણની પ્રક્રિયા ઝડપભેર હાથ ધરવામાં આવી. આમાંથી ૧૧૯૩ ગામોનું વીજળીકરણ કરાયું છે અને વસવાટ વગરના બાકીના ૩૪ ગામોમાં પણ ઝડપથી વીજળીકરણની પ્રક્રિયા હાથ ધરાશે.

આ રીતે રાજ્ય સરકારો, વીજ વિતરણ કરતી કંપનીઓ, કોન્ટ્રાક્ટરો, વેન્ડર્સ, ઉપકરણોના ઉત્પાદકો અને રાજ્યના લોકોના સહયોગથી ભારતના પ્રધાનમંત્રી શ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ ૧૦૦૦ દિવસની નિર્ધારિત મર્યાદા પહેલાં લક્ષ્યાંક પૂરો કરી દેવામાં આવ્યો છે.

ઊર્જા મંત્રાલયની મજલ હજુ ચાલુ છે. હવે પછીનો લક્ષ્યાંક દેશના તમામ આવાસોનું વીજળીકરણ કરવાનો છે. આ યોજનાના અમલીકરણ માટે 'પ્રધાન-મંત્રી સહજ બીજલી હર ઘર યોજના' નો પ્રારંભ કર્યો છે. સૌભાગ્ય દ્વારા છેલ્લા માઈલ સુધી કનેક્ટીવિટી અને બાકી રહી ગયેલા ગ્રામ્ય અને શહેરી વિસ્તારોના તમામ ગામોને સર્વિસ કનેક્શન્સ આપવામાં આવશે અને એ દ્વારા દેશમાં તા.૩૧ માર્ચ, ૨૦૧૯ સુધીમાં આવાસોના સાર્વત્રિક વીજળીકરણનું ધ્યેય પૂર્ણ કરાશે.

**લેખક ભારત સરકારના ઊર્જા મંત્રાલયમાં સચિવ છે. ભારત સરકારના વહાણવટા વિભાગ ઉપરાંત તે વિદેશ વ્યાપાર વિભાગના ડિરેક્ટર જનરલ તરીકે તથા વ્યાપાર અને ઉદ્યોગ મંત્રાલયમાં અધિક સચિવ તરીક રહી ચૂક્યા છે. તેમણે કોલસા મંત્રાલયમાં વરિષ્ઠ સ્થાન સંભાળ્યું છે અને ત્યાં તેમને કોલ બ્લોક્સની ફાળવણી અને એલોટમેન્ટની મહત્વની જવાબદારી સોંપવામાં આવી હતી. આ ઉપરાંત તેમને આસામ અને મેઘાલયમાં મહત્વની કામગીરીઓ સોંપવામાં આવી હતી.**

**E-mail : secy-power@nic.in**

**યોજના વાંચો યોજના વંચાવો યોજના વસાવો**

# રિન્યુએબલ એનર્જી વિસ્તરણ કાર્યક્રમ ૨૦૨૨

**મનોજકુમાર ઉપાધ્યાય અને**
**અભિનવ ત્રિવેદી**



વર્ષ ૨૦૨૨ સુધીમાં રિન્યુએબલ એનર્જીનો ૧૭૫ ગીગા વોટનો લક્ષ્યાંક હાંસલ કરવા માટે નવી અને રિન્યુએબલ એનર્જીના મંત્રાલય દ્વારા ઉદ્યોગો માટે વીન્ડ-સોલાર હાઈબ્રીડ પાવર પ્રોજેકટસ, ઓનશોર વીન્ડ પાવર પ્રોજેકટસ, બાયોમાસ પાવર અને બગાસ કો-જનરેશન અને બાયોમાસ ગેસીફાયર પ્રોજેકટસ, સોલર પાર્ક વિકાસની યોજના અને અલ્ટ્રા મેગા પાવર પ્રોજેકટસ, નહેરોના કાંઠે અને કેનાલની ઉપર ગ્રીડ કનેકટેડ સોલાર પીવી પાવર પ્લાન્ટસ, તથા બાયોગેસ આધારીત ગ્રીડ પાવર જનરેશન પ્રોગ્રામ હાથ ધર્યા છે.

પ ભારતનુ રિન્યુએબલ એનર્જી ક્ષેત્ર રાષ્ટ્રની ઊર્જા જરૂરિયાત સંતોષવાના ઉપાયનું મહત્વનું સાધન બની રહ્યું છે. ભારતના ઊર્જા ક્ષેત્રના ચિત્રમાં છેલ્લાં થોડાં વર્ષમાં રિન્યુએબલ એનર્જીની દેખીતી છાપ વર્તાય છે. આ ક્ષેત્ર વર્ષ ૨૦૨૨ સુધીમાં રિન્યુએબલ એનર્જીની સ્થાપિત ક્ષમતા ૧૭૫ ગીગા વોટની કરવાનો લક્ષ્યાંક હાસલ કરવાને માર્ગે છે. નવી અને રિન્યુએબલ એનર્જીનું મંત્રાલય (MNRE), માર્ચ ૨૦૧૮ સુધીનાં છેલ્લાં ચાર વર્ષમાં (મે ૨૦૧૪થી માર્ચ ૨૦૧૮) રિન્યુએબલ એનર્જીનો દુનિયાનો સૌથી મોટો ક્ષમતા વિસ્તરણ કાર્યક્રમ હાથ ધરીને ૩૩.૭૩ ગીગા વોટ રિન્યએબલ એનર્જીનું ઉત્પાદન નોંધાવીને ક્લિન એનર્જીના ભાવિ માટે કેટલાંક કદમ ઉઠાવ્યાં છે. વર્ષ ૨૦૨૨ સુધીમાં રિન્યુએબલ એનર્જીનો ૧૭૫ ગીગા વોટનો લક્ષ્યાંક હાંસલ કરવા માટે નવી અને રિન્યુએબલ એનર્જીના મંત્રાલય દ્વારા ઉદ્યોગો માટે વીન્ડ-સોલાર હાઈબ્રીડ પાવર પ્રોજેકટસ, ઓનશોર વીન્ડ પાવર પ્રોજેકટસ, બાયોમાસ પાવર અને બગાસ કો-જનરેશન અને બાયોમાસ ગેસીફાયર પ્રોજેકટસ, સોલર પાર્ક વિકાસની યોજના અને અલ્ટ્રા મેગા પાવર પ્રોજેકટસ, નહેરોના કાંઠે અને કેનાલની ઉપર ગ્રીડ કનેકટેડ સોલાર પીવી પાવર પ્લાન્ટસ, તથા બાયોગેસ આધારીત ગ્રીડ પાવર જનરેશન પ્રોગ્રામ હાથ ધર્યા છે.

આ બધામાં નેશનલ સોલાર મિશન એ ખૂબ જ આશાસ્પદ પ્રોગ્રામ છે, જેમાં સોલાર એનર્જી દ્વારા થતા વીજ ઉત્પાદન દ્વારા સૌર ઊર્જાના ઉત્પાદન ખર્ચને કોલસો અથવા તો ગેસ આધારિત વીજ ઉત્પાદનના લેવલમાં મૂકવાનો પ્રયાસ કરાયો છે. સૌર ઊર્જાના ભાવ હાલમાં (યુનિટ દીઠ રૂ.૨.૪૪) અને પવન ઊર્જાના ભાવ (યુનિટ દીઠ રૂ.૨.૬૪ જેટલા) ઐતિહાસિક નીચા સ્તરે છે. આ ભાવ પારદર્શક બીડીગ અને રિન્યુએબલ સેકટરને સુવિધાઓ દ્વારા મોટા પાયે વેગ આપીને હાંસલ કરાયા છે.

નજીકનાં વર્ષોમાં સૌર ઊર્જાના ભાવ ઘટવાનો જે ક્રમ જોવા મળ્યો તેની તરાહ નીચેના કોઠામાં દર્શાવવામાં આવી છે :

| ક્રમ | સમય ગાળો | ક્ષમતા | ઓછામાં ઓછા દર (Rs./KWH) | સ્કીમ | રાજ્ય |
|---|---|---|---|---|---|
| ૧ | ફેબ્રુઆરી ૨૦૧૭ | ૭૫૦ મેગા વોટ | ૩.૩૦ | રાજ્યની યોજના | મધ્યપ્રદેશ (REWA સોલાર પાર્ક) |
| ૨ | મે ૨૦૧૭ | ૨૫૦ મેગા વોટ | ૨.૬૨ | વીજીએફ સ્કીમ | રાજસ્થાન (ભાડલા IV સોલાર પાર્ક) |
| ૩ | મે ૨૦૧૭ | ૫૦૦ મેગા વોટ | ૨.૪૪ | વીજીએફ સ્કીમ | રાજસ્થાન (ભાડલા III સોલાર પાર્ક) |
| ૪ | ઓગસ્ટ ૨૦૧૭ | ૫૦૦ મેગા વોટ | ૨.૬૫ | સ્ટેટ સ્કીમ | ગુજરાત (નોન - સોલર પાર્ક) |

(સ્ત્રોત : નવી અને રિન્યુએબલ એનર્જી મંત્રાલય, ભારત સરકાર)

ભારત સરકાર વીજ ઉત્પાદન આધારિત પ્રોત્સાહનો (GBIs), મૂડી અને વ્યાજ ઉપર સબસીડી, વાએબલ ગેપ ફંડીગ, રાહત દરે ધિરાણ, નાણાંકિય પ્રોત્સાહનો સહિતનાં વિવિધ પ્રોત્સાહન પૂરાં પાડીને રિન્યુએબલ ઊર્જાને પ્રોત્સાહન પૂરી પાડી રહી છે. નવી અને રિન્યુએબલ એનર્જીના મંત્રાલય દ્વારા નાણાંકિય સહયોગ ઉપરાંત પણ કેટલાંક પગલાં ભરવામાં આવ્યાં છે, જેમાં રિન્યુએબલ ઊર્જા ખરીદીના લેખિત કરારનું પાલન (RPO) વીજ ધારા અને ટેરીફ પોલિસીમાં સુધારો તથા રિન્યુએબલ ઊર્જા ઉત્પાદનના લેખિત કરારના પાલન (RGO) માટે કાયદાનો મજબૂત અમલ, ગ્રીન એનર્જી કોરીડોર પ્રોજેકટ મારફતે વીજળીનું વિતરણ કરતી કંપનીઓ માટે રિન્યુએબલ ઊર્જાના ઉપાડને પ્રોત્સાહન માટે ઈન્ટીગ્રેટેડ પાવર ડેવલપમેન્ટ સ્કીમ (IPDS) તથા આ ઉપરાંત નેટ મીટરીગં ફરજીયાત કરવાની યોજના દ્વિપક્ષી કરાર હેઠળ તથા આંતરરાષ્ટ્રીય દાતાઓ પાસેથી દાન મેળવવાની કામગીરી ઉપરાંત લક્ષ્યાંક હાંસલ કરવા માટે ગ્રીન કલાયમેટ ફંડનો સમાવેશ થાય છે.

નવી અને રિન્યુએબલ એનર્જીનું મંત્રાલય દ્વારા હાથ ધરવામાં આવેલાં મહત્વનાં કદમ

**સૌર ઊર્જા**

- સૌર પાર્કસના વિકાસ અને અલ્ટ્રા મેગા પાવર પ્રોજેકટસ યોજનાની ક્ષમતા ૨૦ ગીગા વોટથી વધારીને ૪૦ ગીગા વોટ કરવામાં આવી છે.
- નવાં બાધકામ અથવા તો હાયર ફલોર એરિયા ગુણોત્તર દ્વારા બિલ્ડીગ બાય-લોઝમાં સુધારા કરીને બેંકો/ નેશનલ હાઉસિંગ બેંક દ્વારા આવી યોજનાઓને આવાસ ધિરાણનો હિસ્સો બનાવવામાં આવ્યો છે.
- મિશન સ્ટેટમેન્ટ હેઠળ અને સ્માર્ટ સીટીઝ વિકસાવવાની યોજનાઓમાં રૂફ ટોપ ફોટો વેલેટીક સિસ્ટમ અને ૧૦ ટકા રિન્યુએબલ ઊર્જા ફરજીયાત કરવાની જોગવાઈ કરવામાં આવી છે.
- સૌર પ્રોજેકટસની શેર મૂડીની જરૂરિયાત સંતોષવા માટે કર મુક્ત સોલાર બોન્ડ દ્વારા ભંડોળ ઉભુ કરવામાં આવ્યું છે.
- સૌર ઊર્જા ખરીદવા માટે ટેરીફ આધારિત સ્પર્ધાત્મક બીડીગ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.
- રૂફ ટોપ સોલર પીવીની સ્થાપના માટે જનરલ કેટેગરીમાં સમાવેશ પામતાં રાજ્યોમાં આવાસ, સંસ્થાકીય અને સામાજીક ક્ષેત્રમાં નક્કી કરાયેલ લઘુત્તમ માપદંડની ૩૦ ટકા રકમ તથા વિશેષ કેટેગરીનાં રાજ્યોમાં લઘુત્તમ માપદંડના ૭૦ ટકા જેટલી રકમ કેન્દ્ર સરકારની નાણાંકિય સહાય તરીકે આપવામાં આવે છે.
- ક્વોલિફાઈડ ટેકનિકલ શ્રમ દળ ઉભુ કરવા માટે સૂર્ય મિત્ર કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી છે અને આ કાર્યક્રમ હેઠળ ૧૧,૦૦૦થી વધુ વ્યક્તિઓને તાલિમ આપવામાં આવી છે.

**પવન ઊર્જા**

- વીન્ડ પાવરની સ્થાપિત ક્ષમતાની દ્રષ્ટીએ ભારતની ગણના ચીન, અમેરિકા અને જર્મની પછી ચોથા ક્રમે કરવામાં આવે છે.
- નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ વીન્ડ એનર્જી દ્વારા (NIWE) દ્વારા દેશની પવન ઊર્જા ક્ષમતાની ફરીથી આકારણી કરવામાં આવી છે અને એવો અંદાજ મુકવામાં આવ્યો છે કે ૧૦૦ મીટરની હબ હાઈટ ઉપર ભારતની ક્ષમતા ૩૦૨ ગીગા વોટ છે.
- ભારત ખૂબ લાંબો સાગરકાંઠો ધરાવેછે, જ્યાં ઓફશોર વીન્ડ પાવર પ્રોજેકટસ વિકસાવવાની સારી ક્ષમતા છે. કેબિનેટે નેશનલ ઓફશોર વીન્ડ પાવર પોલિસીને મંજૂરી આપી દીધી છે.
- નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ વીન્ડ એનર્જી દ્વારા (NIWE) દ્વારા તામિલ નાડુની પવનના અનુમાનની આગાહીને આધારે ગુજરાત અને રાજસ્થાન સરકાર સાથે સમજૂતિના કરાર કર્યા છે.
- ૧૨૦ મીટરની ઉંચાઈએ પવનના સ્ત્રોતનો મેસો (MESO) સ્કેલ નકશો તૈયાર કરવામાં આવ્યો છે કારણ કે સ્છાપિત કરવામાં આવતાં મોટા ભાગના ટર્બાઈન હબની ઉંચાઈ ૧૦૦ મીટર કરતાં વધારે હોય છે.

**બાયો એનર્જી**

- કેન્દ્ર સરકાર દ્વારા નાણાંકિય સહાય મળવા પાત્ર બાયોમાસ પ્રોજેકટસમાં બાયો માસ કમ્બશન, બોયમાસ ગેસીફિકેશન અને બાયોમાસ કો-જનરેશનનો સમાવેશ થાય છે.

- કેપ્ટીવ વીજ ઉત્પાદન માટે ઓફ-ગ્રીડ બાયોમાસ પાવર પ્રોજેકટસને પ્રોત્સાહન આપવામાં આવે છે.
- નેશનલ બોયો ગેસ એન્ડ મેન્યોર મેનેજમેન્ટ પ્રોગ્રામ હેઠળ મુખ્યત્વે ગ્રામ્ય અને અર્ધ શહેરી આવાસોમાં સ્થાપવામાં આવે છે.

**રિન્યુએબલ એનર્જીને પ્રોત્સાહન માટે ટેરિફ પોલિસીમાં સુધારા**

- માર્ચ ૨૦૨૨ સુધીમાં સોલર રિન્યુએબલ ખરીદીની બાંહેધરી ૮ ટકા સુધી લઈ જવાશે.
- નવા કોલસા અથવા લિગ્નાઈટ આધારિત થર્મલ પ્લાન્ટસની સ્થાપના માટે રિન્યુએબલ ઊર્જા પેદા કરવાની લેખિત બાંહેધરી લેવામાં આવે છે.
- સૌર અને પવન ઊર્જા માટે આંતર રાજય ટ્રાન્સમિશન ચાર્જ માફ કરવામાં આવ્યો છે.
- વધુમાં સુધારેલી ટેરિફ પોલિસી મુજબ ઊર્જા મંત્રાલયે લાંબા ગાળાની વૃધ્ધિની સંભાવનાને ધ્યાનમાં લઈને વીજ ખરીદીની લેખિત બાંહેધરીમાં આગામી ૩ વર્ષ એટલે કે ૨૦૧૬-૧૭, ૨૦૧૭- ૧૮, અને ૨૦૧૮-૧૯ માટે નક્કી કરેલા સુધારેલુ પ્રમાણ નીચે મુજબ છે.

**ગ્રીન એનર્જી કોરિડોર**

રિન્યુએબલ ઊર્જાનું વિપુલ ઉત્પાદન ધરાવતાં ૮ રાજ્યો (તામિલ નાડુ, રાજસ્થાન, કર્ણાટક, આંધ્ર પ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત, હિમાચલ પ્રદેશ, અને મધ્ય પ્રદેશ) માં આંતર - રાજ્ય ટ્રાન્સમિશન વ્યવસ્થા ઉભી કરીને અંદાજે ૨૦,૦૦૦ મેગાવોટ જેટલી રિન્યુએબલ એનર્જીને ગ્રીડમાં લઈ જવામાં આવી છે. રૂ.૧૦૧૪૧ કરોડનો કુલ પ્રોજેકટ ખર્ચ કે જેમાં અંદાજે ૯૪૦૦ કી.મી. ટ્રાન્સમિશન લાઈન્સ અને સબ સ્ટેશન આવરી લેવાયાં છે અને અંદાજે ૧૯,૦૦૦ મેગાવોટ MVAની ક્ષમતા ઉભી કરવામાં આવી છે.

**હાથ ધરવામાં આવેલી અન્ય પહેલ**

- ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ (આઈએસએ) ની સ્થાપના કરવામાં આવી છે, જેને ડિસેમ્બર ૨૦૧૭માં કાનૂની સ્વરૂપ આપવામાં આવ્યું. આ પ્રયાસ દ્વારા ભારતે ફ્રાન્સ સાથે મળીને આંતરરાષ્ટ્રીય રિન્યુએબલ સમુદાયમાં મહત્વનું કદમ ભર્યું છે. આ સંસ્થાનુ મુખ્ય મથક ભારતમાં રાખવામાં આવ્યું છે. ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ (આઈએસએ) એ કર્કરેખા અને મકર રેખા વચ્ચે આવેલા ૧૨૧ દેશોની આંતરરાષ્ટ્રીય સંસ્થા છે.
- સોલાર આધારિત વીજ ઉત્પાદન, બાયો માસ આધારિત વીજ ઉત્પાદન, રૂ.૧૫ કરોડ સુધીની બેંક લોન, વીન્ડ પાવર સિસ્ટમ્સ, માઈક્રો હાઈડલ પ્લાન્ટસ અને રિન્યુએબલ ઊર્જા આધારિત જાહેર વપરાશ વ્યવસ્થાને એટલેકે સ્ટ્રીટ લાઈટીંગ સિસ્ટમ્સ અને દૂર દૂરનાં ગામોના વીજળીકરણ માટે રૂ.૧૫ કરોડ સુધીનાં બેંકનાં ધિરાણો આપવામાં આવશે. વ્યક્તિગત પરિવાર માટે ધિરાણ લેનાર દીઠ ધિરાણની રકમ રૂ.૧૦ લાખ નક્કી કરવામાં આવી છે.
- ઈલેકટ્રીસીટી એકટ ૨૦૦૩ની જોગવાઈઓને ધ્યાનમાં રાખીને ઓટોમેટિક રૂટ દ્વારા રિન્યુબલ ઊર્જાના ઉત્પાદન અને વિતરણ માટે ૧૦૦ ટકા સુધીના સીધા વિદેશી મૂડીરોકાણ (એફડીઆઈ) ને મંજૂરી આપવાની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

| **લાંબા ગાળાની યોજના** | **૨૦૧૬-૧૭** | **૨૦૧૭-૧૮** | **૨૦૧૮-૧૯** |
|---|---|---|---|
| નૉન-સોલાર | ૮.૭૫ ટકા | ૯.૫૦ ટકા | ૧૦.૨૫ ટકા |
| સોલાર | ૨.૭૫ ટકા | ૪.૭૫ ટકા | ૬.૭૫ ટકા |
| **કુલ** | **૧૧.૫૦ ટકા** | **૧૪.૨૫ ટકા** | **૧૭.૦૦ ટકા** |

સહયોગ સ્વીકાર :

આ લેખ લખવા માટે લેખકોની ટીમ નવી અને રિન્યુએબલ એનર્જી મંત્રાલય (MNRE),, ભારત સરકારનો જરૂરી માહિતી સામગ્રી પૂરી પાડવા માટે આભાર વ્યક્ત કરે છે. અહી વ્યક્ત કરાયેલાં તમામ તારણો અને અર્થઘટન સાથે સંમત નહી થતા હોય તો પણ અમે નીતિ આયોગ અને MNREના અમારા સાથીદારોનો પણ સંશોધનમાં ઊંડાણપૂર્વકની સમજ, નિપુણતાનો લાભ આપવા બદલ આભાર માને છે.

**મનોજકુમાર ઉપાધ્યાય ભારત સરકારના નીતિ આયોગના ઊર્જા, જલવાયુ પરિવર્તન અને ઓવરસીઝ એંગેજમેન્ટ વર્ટિકલના નાયબ સલાહકાર છે અને ગુણવત્તાયુક્ત નીતિ સંશોધન અને વ્યૂહરચના ઘડતરની એકંદરે મહત્વની જવાબદારી સંભાળે છે. તેમણે ત્રણ અભ્યાસ હાથ ધર્યા છે અને તેમણે તાજેતરમાં High Penetration of Renewable Energy in India - TechnoEconomic Analysis of Balancing Requirement by ૨૦૨૨ વિષયે અભ્યાસ હાથ ધર્યો છે. અભિનવ ત્રિવેદી નીતિ આયોગના યુવા પ્રોફેશનલ છે અને RE grid integration, Waste to Energy and Methanol Economy ઉપર કામ કરી રહ્યા છે.**

**E-mail :**
**mk.upadhyay@nic.in**
**abhinav.trivedi@nic.in**

# યુવાનો અને સમાજ સાથે જોડાણ

**અમરેન્દ્ર કુમાર દુબે**



યુવા બાબતોના વિભાગમાં બે મુખ્ય સંસ્થાઓ છે, જેમના નામ છે નહેરુ યુવા કેન્દ્ર સંગઠન (એનવાયકેએસ) અને નેશનલ સર્વિસ સ્કીમ (એનએસએસ). આ બંને સંસ્થાઓ સ્વૈચ્છિક ધોરણે યુવાનોને સમાજ સાથે જોડવામાં મદદરૂપ થઈ શકે છે. અને આ જોડાણ યુવાનોમાં સ્વયંસેવાની ભાવનાને વધારવા પર આધારિત હોય તે આવશ્યક છે.આથી, યુવાનોનું સામાજિક જોડાણ સ્વૈચ્છિક ધોરણે હોય છે.

'રાષ્ટ્રીય યુવા નીતિ, ૨૦૧૪માં યુવાનની વ્યાખ્યા નિશ્ચિત કરાઈ છે, જે મુજબ ૧૫થી ૨૯ વર્ષની વય જૂથમાં આવતી વ્યક્તિને યુવાન કહી શકાય છે.[1] પરંતુ યુવાનને એક જ વયજૂથમાં વર્ગીકૃત કરી શકાય નહીં. તેઓ સમાજ, સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિ, સામાજિક આર્થિક સ્થિતિ, શૈક્ષણિક સ્થિતિ, ભૌગોલિક વિસ્તારોથી ઉપર વિવિધ જૂથનું પ્રતિનિધિત્વ કરે છે અને આ બધા ઉપરાંત તેમની પોતાની ધારણાઓ અને મહત્વાકાંક્ષાના પાસા સૌથી મહત્વના છે.'

'યુવાન' શબ્દ ત્રણ સ્પષ્ટ સૂચિતાર્થ દર્શાવે છે : પ્રથમ, તે ચોક્કસ વયજૂથનું પ્રતિનિધિત્વ કરે છે. બીજું, તે એવા વ્યક્તિઓનું જૂથ દર્શાવે છે, જે શિક્ષણ અને રોજગારીની દૃષ્ટિએ પરીવર્તિનશીલ તબક્કામાંથી પસાર થઈ રહ્યા છે. અને છેલ્લું, યૌવનનો અર્થ છે એવું જૂથ, જે તેમના જીવનને અસર કરતાં વિશેષ સામાજિક, સાંસ્કૃતિક અને મનોવૈજ્ઞાનિક પરીબળો પર અસર કરતું જૂથ.

પરંતુ સ્વાભાવિક છે કે ચોક્કસ વયજૂથમાં હોવાનો અર્થ એ નથી કે તે વ્યક્તિને યુવાન કહી શકાય. યુવાનની પરીભાષામાં જોઈએ તો સૌથી મહત્વનું છે કે આ એવું વયજૂથ છે, જે કિશોરાવસ્થામાંથી પુખ્તવયમાં પરીવર્તન કરી રહ્યું છે અને કુશળતા અથવા શિક્ષણમાંથી રોજગારી તરફ આગળ વધી રહ્યું છે. આ એવું વયજૂથ છે, જેમાં યુવાનો તેમના હેતુઓ અને અપેક્ષાઓને વાસ્તવિક બનાવવા અને જે ક્ષેત્રમાં પોતાના માટે અર્થપૂર્ણ જોડાણની સંભાવનાઓ જણાય છે તેમાં પોતાને કામ કરવા માટેનું આયોજન કરે છે. તે પ્રવૃત્તિઓના વ્યાપક ક્ષેત્રને આવરી લે છે. તે દ્વિતીય અને તૃતિય ક્ષેત્રની પ્રવૃત્તિઓ અથવા જાહેરજીવનને લગતી પ્રવૃત્તિઓ અથવા સ્વતંત્ર વ્યવસાયના ક્ષેત્રોને આવરી લે છે. આ પ્રક્રિયામાં યુવાનોને કુશળતાની તાલિમ અથવા તેના ઈચ્છિત વિષયમાં શિક્ષણ મળી શકે છે અને તે તેના ઈચ્છિત વ્યવસાય મારફત આજીવિકા રળી શકે છે. તેના વ્યવસાયમાં તેની સખત મહેનત મારફત તે સફળ થઈ શકે છે અને વિકાસ કરી શકે છે. અને આ જ એ તબક્કો છે, જયારે તેના જીવનના સામાજિક-સાંસ્કૃતિક પાસા તેમજ મનોવૈજ્ઞાનિક મુદ્દાઓ પહેલા કરતાં તેમને વધુ આકર્ષક બનાવવાના શરૂ કરે છે. કેટલીક વખત આ પ્રકારના આકર્ષણ ખૂબ જ વ્યાપક પણ બની શકે છે ને કેટલાંક કિસ્સામાં નબળા પરીણામ પણ મળી શકે છે.

**જૂથ માટે અગ્રતાના ક્ષેત્રો**

યુવાનો માટે આ એક મહત્વનું પાસુ છે, જેને રાષ્ટ્રીય યુવા નીતિ, ૨૦૧૪[2]માં ભારત સરકારે ઓળખી કાઢ્યું છે. તેમાં હેતૂઓ અને અગ્રતાના ક્ષેત્રોને ઓળખી કાઢવામાં આવ્યા છે, જે નીચે મુજબ છે.:-

| હેતૂઓ | અગ્રતાના ક્ષેત્રો |
|---|---|
| ૧.ઉત્પાદક કાર્યબળ ઊભું કરવું, જે ભારતના આર્થિક વિકાસમાં સક્ષમ યોગદાન આપી શકે. | શિક્ષણ |
| | રોજગારી અને કુશળતા વિકાસ |
| | ઉદ્યોગસહાસ્કિતા |
| ૨.ભાવી પડકારોનો સામનો કરવા સજ્જ બની શકે તેવી મજબૂત અને સ્વસ્થ પેઢી વિકસાવવી. | સ્વાસ્થ્ય અને સ્વસ્થ જીવનપદ્ધત્તિ |
| | સ્પોર્ટ્સ |
| ૩.રાષ્ટ્રીય માલિકીપણાની ભાવના વિકસાવવા સામાજિક મૂલ્યનું સિંચન કરવું અને સમાજ સેવાને પ્રોત્સાહન આપવું. | સામાજિક મૂલ્યોને પ્રોત્સાહન |
| | સમાજ સાથે જોડાણ |
| ૪.ગવર્નન્સના તમામ સ્તરે ભાગીદારીની સુવિધા અને નાગરિક જોડાણ | રાજકીય અને શાસનમાં ભાગીદારી |
| ૫.જોખમ સમયે યુવાનોને સાથ આપવો અને ગરીબ તથા વંચિત યુવાનો માટે સમાન તકોનું સર્જન કરવું. | સમાવેશક |
| | સામાજિક ન્યાય |

અગ્રતાના દરેક ક્ષેત્ર મહત્વના છે અને યુવાનોના સકારાત્મક વિકાસ માટે તેના પર કામ કરવાની જરૂર છે. અને શિક્ષણ, રોજગારી, સ્વાસ્થ્ય, સ્પોર્ટ્સ વગેરે પર ઘણું બધું લખાઈ ગયું છે અને લખાવાનું ચાલુ જ રહેશે. અહીં માત્ર અગ્રતાના બે ક્ષેત્રો અંગે ચર્ચા કરવામાં આવશે. :-

(૧) સામાજિક મૂલ્યોને પ્રોત્સાહન,

(૨) સમાજ સાથે જોડાણ

ઉપરના ટેબલમાં સ્પષ્ટ કરી દેવાયું છે કે હેતુઓ હેઠળ 'રાષ્ટ્રીય માલિકીપણાની ભાવના વિકસાવવા સામાજિક મૂલ્યનું સિંચન કરવું અને સમાજ સેવાને પ્રોત્સાહન આપવું', અગ્રતાના આ બે ક્ષેત્રો અંગે નીચે વિસ્તૃતથી જણાવાયું છે.

**સામાજિક મૂલ્યોને પ્રોત્સાહન**

યુવાનો ઉત્પાદક કાર્યબળ છે અને અનુભવ સાથે તેઓ જીવનના તેમના ક્ષેત્રમાં નેતા બની શકે છે. ભારત સાંસ્કૃતિક, વંશીય, ભાષા, સમાજ અને ધર્મની દૃષ્ટિએ વૈવિધ્યપૂર્ણ રાષ્ટ્ર છે. ભૌગોલિક દૃષ્ટિએ પણ ભારત વૈવિધ્યપૂર્ણ છે. આ સમાજો ભૌગોલિક પડકારો અને તેમની જીવન પદ્ધતિને કેવી રીતે આકાર આપવો તે અલગ અલગ રીતે નિશ્ચિત કરે છે. પરંતુ આ વૈવિધ્ય હોવા છતાં દેશના વિવિધ સમાજો અને વંશ એક સમાન દોરાઓથી બંધાયેલા છે. આ અંગેનું કદાચ સૌથી શ્રેષ્ઠ ઉદાહરણ પૌરાણિક મહાકાવ્ય ગ્રંથો મહાભારત અને રામાયણ છે. આ મહાકાવ્યોનો ભારતની દરેક ભાષાઓમાં અનુવાદ થયો છે અને તેની મુખ્ય કથા સમાન રહે છે. માત્ર તેની પેટા કથાઓ (જેને મહાભારતમાં ઉપાખ્યાન કહેવાયા છે) જ સમાન વિષયની આજુબાજુમાં વિવિધ આકાર લઈ રહી છે. આધુનિક સમયની વાત કરીએ તો આઈટીનો ઉપયોગ અને યુવાનો દ્વારા સામનો કરવામાં આવતી વિવિધ સમસ્યાઓ અંગે તેમની સામાન્ય ભાવનાઓ અને તેમની માન્યતાઓ સમગ્ર દેશમાં એકંદરે સમાન છે. આજનો યુવાન તેની ક્ષમતા દર્શાવવા માટે તેમના મૂળ વતન અથવા વંશ અથવા જાતિને બાજૂ પર મુકીને વિકાસ, સંચાર પદ્ધતિ, જોડાણ, તકો અંગે વાતો કરે છે. આ સમાનતાનું મુખ્યત્વે એક કારણ એ છે કે ભારત એક રાષ્ટ્ર તરીકે વિવિધ સંસ્કૃતિ અને ચોક્કસ પરંપરાઓ અને રિવાજોના કેન્દ્રની આજુબાજુ ફરે છે, જે યુગોથી જળવાઈ રહ્યા છે અને આ સંસ્કૃતિ, પરંપરાઓ સામાજિક મૂલ્યોનું સર્જન કરે છે. આ સામાજિક મૂલ્યો સમગ્રતયા ભારતીય સમાજને ખાસ કરીને ભારતીય યુવાનોને એક તાંતણે બાંધે છે.

**સમાજ સાથે જોડાણ**

યુવાનો માટે સામાજિક જોડાણ તેમની અગ્રતાનું બીજું સૌથી મહત્વનું ક્ષેત્ર છે. આ જોડાણ સામાજિક મૂલ્યો અને આ સમાજના સામાજિક આર્થિક તાણાંવાણામાંથી પેદા થાય છે. સામાજિક જોડાણ નિશ્ચિતપણે વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ મારફત ગતિ કરે છે. આ પ્રવૃત્તિઓ એનએસએસ અને એનવાયકેએસ દ્વારા હાથ ધરવામાં આવે છે. યુવાનો સ્વાભાવિકપણે જ વસતીના સૌથી મોટા હિસ્સાનું પ્રતિનિધિત્વ કરે છે, જેમને સમાજની સેવાના કામમાં પ્રેરિત કરી શકાય છે.

યુવા બાબતોના વિભાગમાં બે મુખ્ય સંસ્થાઓ છે, જેમના નામ છે નહેરુ યુવા કેન્દ્ર સંગઠન (એનવાયકેએસ) અને નેશનલ સર્વિસ સ્કીમ (એનએસએસ). આ બંને સંસ્થાઓ સ્વૈચ્છિક ધોરણે યુવાનોને સમાજ સાથે જોડવામાં મદદરૂપ થઈ શકે છે. અને આ જોડાણ યુવાનોમાં સ્વયંસેવાની ભાવનાને વધારવા પર આધારિત હોય તે આવશ્યક છે.આથી, યુવાનોનું સામાજિક જોડાણ સ્વૈચ્છિક ધોરણે હોય છે. આ સ્વયંસેવા વિવિધ પ્રવૃત્તિઓના વ્યાપક ક્ષેત્રો માટે જરૂરી સેવાઓ માટે ફરજિયાત ભરતીના બદલામાં જોડાણની પસંદગીની પદ્ધતિ હોય છે. એનએસએસ/એનવાયકેએસના સ્વયંસેવકો દ્વારા હાથ ધરવામાં આવતી પ્રવૃત્તિઓના બિનપરંપરાગત ક્ષેત્રો પર તે ભાર મૂકે છે. અને યુવાનોના પ્રતિભાવની આ વ્યવસ્થામાં એવી સ્થિતિ સર્જાય છે કે તેમનામાં રહેલા સામાજિક મૂલ્યો આગળ આવે છે અને આ પ્રકારના જોડાણો મારફત તેમનો સમાજ પ્રત્યેનો લગાવ મજબૂત થાય છે.

**નહેરુ યુવા કેન્દ્ર સંગઠન (એનવાયકેએસ)**

નહેરુ યુવા કેન્દ્ર સંગઠન (એનવાયકેએસ)ની સ્થાપના વર્ષ ૧૯૭૨માં

થઈ હતી. એનવાયકેએસ યુવાનોના વિશ્વના સૌથી મોટા સંગઠનોમાંથી એક છે. એનવાયકેએસમાં હાલ ૧.૨૯ લાખથી વધુ યુવાન ક્લબો મારફત ૮૭ લાખ યુવાનો નોંધાયેલા છે. એનવાયકેએસ નહેરુ યુવા કેન્દ્રો મારફત ૬૨૩ જિલ્લાઓમાં હાજરી ધરાવે છે. આ સંગઠનનો હેતુ યુવાનોની વ્યક્તિગત પ્રતિભા અને તેમનામાં નેતૃત્વના ગુણો વિકસાવવાનો તેમજ તેમને રાષ્ટ્રના વિકાસની પ્રવૃત્તિઓમાં જોડવાનો છે. એનવાયકેએસની પ્રવૃત્તિઓ પ્રત્યેક જિલ્લામાં જિલ્લા યુવાન સંકલનકાર અને પ્રત્યેક બ્લોકમાં ૨ રાષ્ટ્રીય યુવા સ્વયંસેવકો મારફત ચાલી રહી છે. વધારામાં એનવાયકેએસ નવી દિલ્હીમાં તેના રાષ્ટ્રીય મુખ્યાલયમાં રાજ્ય સ્તરની સંસ્થાઓ ઉપરાંત ૨૯ ઝોનલ ઓફિસ ધરાવે છે.

**એનવાયકેએસની અનેક પ્રવૃત્તિઓમાંથી કેટલીક અંગે અહીં સંક્ષિપ્તમાં વિગતો રજૂ કરવામાં આવી છે.:**

(૧) યુવા નેતૃત્વ અને સામાજિક વિકાસ અંગે તાલિમ : આ કાર્યક્રમનો આશય અન્યો અર્થપૂર્ણ જીવન જીવી શકે અને રાષ્ટ્રના વિકાસમાં યોગદાન આપી શકે તે માટે અન્યોને મદદરૂપ થવા યુવાનોમાં નેતૃત્વની ભાવના વિકસાવવાનો છે. આ કાર્યક્રમ પાંચ દિવસનો છે. વર્ષ ૨૦૧૭-૧૮માં એનવાયકેએસ દ્વારા આવા ૪૫૦થી વધુ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં અંદાજે ૧૯,૦૦૦થી વધુ યુવાનોએ ભાગ લીધો હતો.

(૨) યુવા સંમેલન અને યુવા ક્રિતિ : આ કાર્યક્રમનું આયોજન જિલ્લા એનવાયકેએસ દ્વારા પ્રત્યેક વર્ષે કરવામાં આવે છે. તેમના ઉત્પાદનો રજૂ કરવા અને તેમની પોતાની અભિવ્યક્તિ માટે, તેમના અનુભવોનું આદાનપ્રદાન કરવા અને યુવાનોના સશક્તિકરણ માટે શ્રેષ્ઠ કાર્યપદ્ધતિનું સૂચન કરવા માટે ગ્રામીણ યુવાનો માટે આ શ્રેષ્ઠ મંચ છે અને તે યુવાનોને અદ્ભૂત તક પૂરી પાડે છે. વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન અંદાજે ૩૦૦થી વધુ કાર્યક્રમોનું આયોજન કરાયું હતું, જેમાં ૨,૦૬,૦૦૦ યુવાનોએ ભાગ લીધો હતો.

(૩) યુવા આદર્શ ગ્રામ વિકાસ કાર્યક્રમ : આ કાર્યક્રમનો આશય યુવાનો માટે યુવાનો દ્વારા પસંદ કરાયેલા જિલ્લાઓમાં એક ગામને મોડેલ ગામ તરીકે વિકસાવવાનો છે. આ માટેની પ્રવૃત્તિઓમાં ગામને ખુલ્લામાં શૌચથી મુક્ત કરવું, ૧૦૦ ટકા રોગ પ્રતિરક્ષા, પ્રાથમિક શાળામાં બાળકોનો ૧૦૦ ટકા પ્રવેશ, સ્વચ્છતા, નિવારક સ્વાસ્થ્ય સંભાળ, સરકારના મહત્વના કાર્યક્રમોને લોકપ્રિય બનાવવા વગેરેનો સમાવેશ થાય છે. આ એક વર્ષ લાંબો કાર્યક્રમ છે અને તે દેશના પસંદગીના ૭૮ જિલ્લાઓમાં હાથ ધરાઈ રહ્યો છે. આ કાર્યક્રમ ૩૧મી ડિસેમ્બર ૨૦૧૭થી શરૂ થયો છે.



(૪) આદિવાસી યુવા એક્સચેન્જ કાર્યક્રમ (ટીવાયઈપી) : ગૃહ મંત્રાલયના ભંડોળથી પ્રત્યેક વર્ષે આદિવાસી યુવા એક્સચેન્જ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં નક્સલ પ્રભાવિત પ્રવૃત્તિઓ ચાલતી હોય તેવા ગામડાઓમાંથી આદિવાસી યુવાનોને દેશના અન્ય ભાગોમાં લઈ જવામાં આવે છે અને દેશના સાંસ્કૃતિક વારસાથી તેમને માહિતગાર કરવામાં આવે છે. આ રીતે તેમને વિકાસની પ્રવૃત્તિઓ સાથે જોડવામાં આવે છે અને તેમને દેશના અન્ય ભાગોમાં લોકો સાથે ભાવનાત્મક જોડાણ વિકસાવવા સક્ષમ બનાવાય છે. વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન ૨,૦૦૦થી વધુ આદિવાસી યુવાનો માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

(૫) એક ભારત શ્રેષ્ઠ ભારત (આંતર રાજ્ય યુવા એક્સચેન્જ કાર્યક્રમ) : 'એક ભારત શ્રેષ્ઠ ભારત' કાર્યક્રમની જાહેરાત સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૦મી જન્મતિથિના પ્રસંગે ૩૧મી ઓક્ટોબર ૨૦૧૫માં માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવી હતી. આ કાર્યક્રમનો મુખ્ય આશય આપણા રાષ્ટ્રની વિવિધતામાં એકતાની ઊજવણી કરવાનો અને આપણા દેશના લોકો વચ્ચેનું પરંપરાગત ભાવનાત્મક

જોડાણ જાળવી રાખવા અને વધુ મજબૂત બનાવવાનો છે. ઉપરાંત બધા જ ભારતીય રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો વચ્ચે ઊંડા અને માળખાગત જોડાણ મારફત રાષ્ટ્રીય એકીકરણની ભાવનાને પ્રોત્સાહન આપવાનો પણ હેતુ છે. રાજ્યો વચ્ચે એક વર્ષ લાંબા જોડાણ મારફત રાષ્ટ્રીય એકીકરણના ભાવનાને પ્રોત્સાહન આપી શકાય છે. ઉપરાંત રાજ્યોનો ભવ્ય વારસો અને સંસ્કૃતિ, રાજ્યોની પરંપરા અને રીવાજો દર્શાવીને લોકોને ભારતની વૈવિધ્યતા સમજાવી શકાય છે. આ કાર્યક્રમ માનવ સંશાધન વિકાસ મંત્રાલયના વહીવટી સહયોગ હેઠળ ચાલે છે.

નહેરુ યુવા કેન્દ્ર સંગઠને વર્ષ ૨૦૧૭-૧૮ માટે આંતર રાજ્ય યુવા એક્સચેન્જ કાર્યક્રમ એક ભારત શ્રેષ્ઠ ભારત શરૂ કર્યો છે. આ કાર્યક્રમ ૧૫ રાજ્યોની જોડમાં એટલે કે તેલંગાણા અને હરિયાણા, કેરળ અને હિમાચલ પ્રદેશ, તામિલાડુ અને જમ્મુ અને કાશ્મીર, ઓડિશા અને મહારાષ્ટ્ર, ઝારખંડ અને ગોવા, કર્ણાટક અને ઉત્તરાખંડ, મેઘાલય અને ઉત્તર પ્રદેશ, સિક્કિમ અને દિલ્હી, મણિપુર અને મધ્ય પ્રદેશ વગેરેમાં હાથ ધરવામાં આવ્યો છે.

(૬) અન્ય પ્રવૃત્તિઓ : એનવાયકેએસે અન્ય મંત્રાલયોના સહયોગમાં વૃક્ષારોપણ, રક્તદાન કેમ્પ અને સ્વૈચ્છિક રક્ત દાતાનો પ્રવેશ, બાળકોના રસીકરણ (ઓપરેશન : ઈન્દ્રધનુષ), માતાઓનું રસીકરણ, આંતરરાષ્ટ્રીય યોગ દિનની ઊજવણી જેવી અન્ય વિવિધ પ્રવૃત્તિઓ પણ હાથ ધરી છે. સૌથી તાજેતરમાં યુવાનો હાલ ચાલી રહેલા સ્વચ્છ ભારત સમર ઈન્ટર્નશિપમાં જોડાયા છે. પીવાનું પાણી અને સ્વચ્છતા મંત્રાલય હેઠળ આ કાર્યક્રમ ચાલી રહ્યો છે, જેમાં યુવાનોએ સ્વચ્છતા સંબંધિત મુદ્દાઓ અને સ્વાસ્થ્ય તથા સ્વચ્છતાની તરફેણ કરતા સ્વૈચ્છિક કામ માટે ૧૦૦ ક્લાક ફાળવ્યા હતા. એ જ રીતે જળ સંશાધન મંત્રાલય હેઠળ એનવાયકેએસના યુવાનો સ્વચ્છ ગંગાના મિશન હેઠળ નમામી ગંગા કાર્યક્રમમાં જોડાયા છે.

**નેશનલ સર્વિસ સ્કીમ (એનએસએસ) :**

એનએસએસની સ્થાપના વર્ષ ૧૯૬૯માં થઈ હતી. તેનો પ્રાથમિક હેતુ સમાજમાં સ્વયંસેવા મારફત યુવાનોમાં વ્યક્તિત્વ વિકાસ અને ચરિત્ર નિર્માણનો છે. 'સેવા મારફત શિક્ષણ' એનએસએસનો મૂળ મંત્ર છે. એનએસએસનો વૈચારિક અભિગમ મહાત્મા ગાંધીના મૂલ્યો દ્વારા પ્રેરિત છે. તેથી જ એનએસએસનો મોટો 'નોટ મી, બટ યુ' છે. એનએસએસે ૧૯૬૯માં ૩૭ યુનિવર્સિટીઓમાં ૪૦,૦૦૦ સ્વયંસેવકો સાથે શરૂઆત કરી હતી. હાલમાં એનએસએસ ૩૬.૬ લાખ સ્વયંસેવકો ધરાવે છે. એનએસએસના ૩૯,૬૯૫ યુનિટ્સ ૩૯૧ યુનિવર્સિટીઓ તથા ૨ પરિષદો અને ૧૬,૨૭૮ સિનિયર સેકન્ડરી સ્કૂલોમાં ફેલાયેલા છે.

**મૂળભૂત ડિઝાઈન /કાર્યક્રમનું માળખુ :**

એનએસએસની રચનામાં એવી કલ્પના કરવામાં આવી છે કે આ યોજના હેઠળ પ્રત્યેક શૈક્ષણિક સંસ્થાને આવરી લેવામાં આવે, જ્યાં એનએસએસનું ઓછામાં ઓછું એક યુનિટ હોય, જેમાં ૧૦૦ વિદ્યાર્થીઓ સ્વયંસવેકો તરીકે જોડાયા હોય અને પ્રોગ્રામ ઓફિસર (પીઓ) તરીકે એક શિક્ષક તેમનું નેતૃત્વ કરે. પ્રત્યેક એનએસએસ યુનિટ તેની પ્રવૃત્તિઓ માટે એક ગામ અથવા એક ઝૂંપડપટ્ટીને દત્તક લે. પ્રત્યેક એનએસએસ સ્વયંસેવક સેવાના કાર્ય માટે બે વર્ષ માટે ઓછામાં ઓછા વાર્ષિક ૧૨૦ ક્લાકનો સમય ફાળવે તે જરૂરી છે. એટલે કે તેઓ બે વર્ષમાં ૨૪૦ ક્લાક ફાળવશે. વધારામાં પ્રત્યેક સ્વયંસેવકે એનએસએસ યુનિટ દ્વારા આયોજિત ૭ દિવસના વિશેષ કેમ્પમાં ભાગ લેવાનો રહેશે. આ યુનિટ તેમણે દત્તક લીધેલા ગામ અથવા શહેરી ઝુંપડપટ્ટીમાં કેમ્પના સમયમાં કામ કરશે.

**એનએસએસ હેઠળ હાથ ધરાનારી પ્રવૃત્તિઓ**

: એનએસએસની મુખ્ય પ્રવૃત્તિ સમાજની સેવા કરવાની છે. જોકે, સંસ્થાના સ્વયંસેવકોએ સમાજની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ચોક્કસ પ્રવૃત્તિઓ હાથ ધરવાની હોય છે. એનએસએસના સ્વયંસેવકો જે ક્ષેત્રોમાં મુખ્યત્વે કામ કરે છે તેમાં શિક્ષણ, સ્વાસ્થ્ય, પારિવારિક કલ્યાણ અને સ્વચ્છતા, પર્યાવરણ જાળવણી, સામાજિક સેવાના કાર્યક્રમો, મહિલાઓના કલ્યાણમાં સુધારા માટેના કાર્યક્રમો, ઉત્પાદનલક્ષી કાર્યક્રમો, કુદરતી આપત્તિ /આપત્તિઓ દરમિયાન રાહત અને પુનઃવસન કાર્ય વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત એનએસએસના સ્વયંસેવકો પ્રજાસત્તાક દિનના પરેડ કેમ્પ, એડવેન્ચર કેમ્પ, રાષ્ટ્રીય એકીકરણ કેમ્પ અને ઉત્તર-પૂર્વીય એનએસએસ મહોત્સવ, રાષ્ટ્રીય યુવા ઉત્સવ દરમિયાન 'સુવિચાર' અને 'યુવા સંમેલન' જેવા કાર્યક્રમોમાં પણ અન્ય મહત્વની પ્રવૃત્તિઓમાં પણ ભાગ લે છે.

**સ્વૈચ્છિક સેવાઓના કેટલાક ઉદાહરણો :**

સ્વૈચ્છિક સામાજિક જોડાણના કેટલાક ઈચ્છિત લાભ છે. તે યુવાનોને સમાજ, તેની આજુબાજુના વિસ્તારો અને તેમની સમસ્યાઓ તેમજ તેના લાભોને જાણવા અને સમજવામાં મદદરૂપ થાય છે. તેનાથી યુવાનોનું ફિલ્ડ એક્સપોઝર વધે છે, જે તેમને કોઈપણ સમસ્યા અથવા પરિસ્થિતિનું નિરિક્ષણ કરવામાં વ્યાપક અભિગમ વિકસાવવામાં મદદરૂપ થાય છે. યુવાનો એક વખત જમીની વાસ્તવિક્તાઓ જૂએ એટલે સમસ્યાઓને સમજવાનું તેમનું વિઝન વિસ્તૃત થાય છે. આ બાબતો તેમને તાર્કિક અને ન્યાયિક બનવામાં મદદરૂપ થાય છે. સમસ્યાઓને જમીની સ્તર પર જોવાથી યુવાનો સમજી શકે છે કે તેમણે બે અલગ અલગ જગ્યાએ જોયેલી સ્થિતિઓ એકદમ વિપરિત હોઈ શકે છે અને તે બંને પરિસ્થિતિના આધારે એકદમ સાચી પણ હોઈ શકે છે. સમાજ સાથેનું સ્વૈચ્છિક જોડાણ તેમને અન્યોના ગુણોની પ્રશંસા કરવામાં મદદરૂપ થાય છે. સંક્ષિપ્તમાં કહીએ તો એમ કહી શકાય કે સ્વયંસેવા યુવાનોમાં 'ભાવનાત્મક ગુણ' વિકસાવવામાં મદદરૂપ થાય છે, જે કિશોરાવસ્થામાંથી પુખ્તવયમાં પરીવર્તનનો સામનો કરતા મુદ્દાઓને હેન્ડલ કરવામાં ખૂબ જ મહત્વનો છે. એનવાયકેએસ /એનએસએસના સ્વયંસેવકો દ્વારા હાથ ધરવામાં આવતી કેટલીક પ્રવૃત્તિઓના અન્ય ઉદાહરણો આ બાબતને સ્પષ્ટપણે દર્શાવે છે.

(૧) **ગિરિવિકાસ પ્રોજેક્ટ :** આદિવાસી વસતીને રાષ્ટ્રના મુખ્ય પ્રવાહ સાથે ભેળવવા માટે સક્ષમ બનાવવામાં શિક્ષણ /સાક્ષરતા મહત્વની ભૂમિકા ભજવી શકે છે તે બાબતને ધ્યાનમાં રાખતાં જિલ્લા વહીવટીતંત્રની મદદથી કેરળના નહેરુ યુવા કેન્દ્ર પલક્કડે પ્રયોગાત્મક ધોરણે ગિરિવિકાસ પ્રોજેક્ટ હાથ પર લીધો હતો. પલક્કડના માલમપુઝા ગામ સ્થિત શૈક્ષણિક અને વહીવટી બ્લોકને સમાવતું ગિરિવિકાસ કેમ્પસ ૧.૫ એકર વિસ્તારમાં ફેલાયેલું છે, જ્યાં છોકરીઓ અને છોકરાઓની હોસ્ટેલ છે. કેરળ રાજ્યના એસટી ડેવલપમેન્ટ વિભાગે આ પ્રોજેક્ટને સહાય કરી હતી.

આ પ્રોજેક્ટ એસએસએલસી (માધ્યમિક સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ)/ +૨ નપાસ આદિવાસી વિદ્યાર્થીઓને પરીક્ષામાં પાસ થવા માટે અભ્યાસનું સાનુકૂળ વાતાવરણ, શિક્ષણ અને અભ્યાસ સિવાયની પ્રવૃત્તિઓની સુવિધા પૂરી પાડે છે. અહીં આદિવાસીઓને ૧૦ મહિના સુધી રહેવાસી કોચિંગ પૂરું પાડવામાં આવે છે. આ પ્રોજેક્ટનો આશય આદિવાસીઓના મગજમાંથી લઘુમતી ભાવના દૂર કરવાનો, સ્વચ્છતા, શિસ્ત અને સખત મહેનત જેવા જીવનના મહત્વના પાસાઓનું તેમનામાં આરોપણ કરીને તેમના વ્યક્તિત્વને ખીલવવાનો પણ છે.

એસએસએલસીના નિયમિત અભ્યાસક્રમ ઉપરાંત અહીં વિદ્યાર્થીઓને અંગ્રેજી અને કમ્પ્યુટર પણ શીખવવામાં આવે છે. તેમજ યોગ, સ્પોર્ટ્સ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ જેવી પ્રવૃત્તિઓ પણ હાથ ધરવામાં આવે છે. વધુમાં સ્વાસ્થ્ય અને સામાજિક મુદ્દાઓના વિવિધ પાસા પણ ઊજાગર કરવામાં આવે છે અને તેમને સામાજિક વિચારકો, અગ્રણી સાહિત્યકારો, રાજકીય નેતાઓ અને અધિકારીઓ દ્વારા અપાતા ભાષણો સાંભળવાની અને તેમની સાથે વાતચીત કરવાની પણ તક અપાય છે.

ગિરિવિકાસ પ્રોજેક્ટે આદિવાસી છોકરાઓ અને છોકરીઓને સફળતાપૂર્વક એસએસએલસી આપવા માટે તૈયાર કર્યા અને તેમની એકંદર સફળતાની ટકાવારી ૮૮ હતી.

(૨) **કેફી પદાર્થો અને દારૂનું સેવન અટકાવવું (એનવાયકેએસ) :** એનવાયકેએસે સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયના નાણાકીય સહયોગ સાથે 'કેફી પદાર્થો અને દારૂનું સેવન અટકાવવા માટે જાગૃતિ અને શિક્ષણ' નામથી એક વર્ષ લાંબો એક પાયલટ પ્રોજેક્ટ શરૂ કર્યો. પંજાબના ૧૦ જિલ્લાના ૭૫ બ્લોક હેઠળ ૩,૦૦૦ ગામો તથા મણિપુરમાં ૭ જિલ્લામાં ૨૫ બ્લોક હેઠળ ૭૫૦ ગામડાઓમાં આ પ્રોજેક્ટનો અમલ શરૂ કરવામાં આવ્યો હતો.

આ પ્રોજેક્ટ એકબાજુ કિશોરો અને યુવાનો, ઊંચું જોખમ અને નબળા જૂથો તેમજ તેમના પરીવારજનો અને સમાજના સભ્યો પર અને તેમાં વિવિધ હિસ્સેદારોના સહયોગને તૈયાર કરવા પર કેન્દ્રીત હતો. આ હિસ્સેદારોમાં એનવાયકેએસ યુવા ક્લબો, મહિલા જૂથો, ગ્રામ પંચાયતો, સ્થાનિક રાજકીય અને ધાર્મિક નેતાઓ, ગામમાં વગ ધરાવનારા અને સેવા પૂરી પાડનારાઓનો સમાવેશ થાય છે. બીજીબાજુ આ પ્રોજેક્ટ કેફી પદાર્થો અને દારૂના સેવન પરની નિર્ભરતાની સમસ્યાનો ઉકેલ લાવે છે.

આ પ્રોજેક્ટનો મૂળ આશય દારૂના

સેવન તથા કેફી પદાર્થો પર નિર્ભરતાના પરીણામો તથા અસર તેમજ તેને અટકાવવાની પદ્ધતિઓ અંગે લક્ષ્યાંકિત જનતા અને હિસ્સેદારોને શિક્ષિત કરવાનો અને તેમનામાં જાગૃતિ લાવવાનો તેમજ સ્વાસ્થ્ય અને અર્થપૂર્ણ જીવન જીવવા માટે અવલંબનની પદ્ધતિઓ દૂર કરવામાં વ્યાવસાયિક મદદ લેવાનો હતો.

આ પ્રોજેક્ટ હેઠળ વ્યક્તિગત સંપર્ક અને અગ્રણી શૈક્ષણિક કાર્યક્રમો હેઠળ ૩૭,૫૦૦ તાલિમબદ્ધ સ્થાનિક ગ્રામીણ યુવા ક્લબના સભ્યોએ કેફી દ્રવ્યો અને દારૂના સેવનની લત ધરાવતા ૬૨,૬૫૪ લોકોને ઓળખી કાઢ્યા હતા અને ૩,૭૫,૦૦૦ યુવાનોને આ લત અંગે માહિતગાર અને શિક્ષિત કર્યા હતા. ઉપરાંત કેફી દ્રવ્યોના સેવન અને દારૂની કુટેવની સમસ્યાના ઉકેલ અને તેના પરીણામો સમજાવવા માટે ગ્રામવાસીઓમાં જાહેર જાગૃતિ પ્રસાર, લોકોના એકત્રીકરણ, માહિતીના પ્રસાર, શિક્ષણ અને પ્રેરક પ્રવૃત્તિઓ પણ ગ્રામ સ્તરે યોજાઈ હતી.

(૩) **નમામી ગંગે અને યુવાનો (એનવાયકેએસ) :** નેહરુ યુવા કેન્દ્ર સંગઠને ૮મી જૂન ૨૦૧૫ના રોજ રાષ્ટ્રીય નદી ગંગાના પુનરુત્થાન, પ્રદૂષણથી મુક્તિ અંગે જાગૃતિ ફેલાવવા માટે નેશનલ મિશન ફોર ક્લિન ગંગા (એનએમસીજી) સાથે સમજૂતી કરાર કર્યા છે અને તે મુજબ 'નમામી ગંગે કાર્યક્રમમાં યુવાનોની સામેલગીરી' મથાળા હેઠળ એક કાર્યક્રમ શરૂ કર્યો છે.

આ પ્રોજેક્ટનો આશય પ્રશિક્ષિત અને અત્યંત ઉચ્ચ સ્તરે પ્રેરિત સ્થાનિક યુવાનોનો સર્વાંગ વિકાસ કરવાનો, સમાજના તમામ ક્ષેત્રના લોકોનો સહયોગ મેળવવા અને જાગૃતિ લાવવા તથા પ્રદૂષિત ગંગાના પરીણામો અને અસરો અંગે લક્ષ્યાંકિત વર્ગને શિક્ષિત કરવા તથા સ્વચ્છ ગંગા સંબંધે વર્તમાન સરકારી યોજનાઓ અને સેવાઓ અંગે માહિતી પૂરી પાડવાનો છે. હાલમાં આ પ્રોજેક્ટ ચાર રાજ્યો – ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ, બિહાર અને પશ્ચિમ બંગાળના ૨૯ જિલ્લાઓમાં ગંગા નદીના કિનારે ૨૩૩૬ ગામો અને ૧૨૦૩ ગ્રામ પંચાયતોને આવરી લે છે. આ પ્રોજેક્ટ હેઠળ ગંગા નદીના કિનારાના ગામોમાં ૨૪૨૬ યુવા ક્લબોની રચના કરવામાં આવી છે અને આ પ્રોજેક્ટ પર કામ કરવા માટે ૧૩૦૦૦ ગંગા દૂત બનાવવામાં આવ્યા છે.

(૪) પાણીની ગુણવત્તાનો મુદ્દો : કરીમ સિટી કોલેજ યુનિટ (એનએસએસ) : ઝારખંડના જમશેદપુરની કરિમ સિટી કોલેજના એનએસએસના સ્વયંસેવકોએ તેમણે દત્તક લીધેલા ગામના લોકો દ્વારા પીવા અને અન્ય હેતુ માટે ઉપયોગમાં લેવામાં આવતા પાણીના સ્રોતનો સંગ્રહ અને પરીક્ષણ કરવાની પહેલ શરૂ કરી હતી. કોલેજની કેમિસ્ટ્રીની લેબોરેટરીમાં પાણીનું પરીક્ષણ કરાયું હતું. તેનો રીપોર્ટ જિલ્લા ઓથોરિટીને સોંપવામાં આવ્યો હતો. જિલ્લા ઓથોરિટીએ પાણીનું પુનઃ પરીક્ષણ કરાવ્યું હતું અને પાણીનું પ્રદૂષણ ઘટાડવા તથા ગ્રામવાસીઓને પીવા માટે સ્વચ્છ પાણી પૂરું પાડવા માટે જરૂરી પગલાં હાથ ધર્યા હતા.

(૫) **કરૈકુડ તામિલનાડુમાં એન્જિનિયરિંગ અને ટેક્નોલોજીની અલાગપ્પા ચેટ્ટીઅર સરકારી કોલેજ (એનએસએસ) :** આ કોલેજના એનએસએસ યુનિટે પાલાવાન્ગુડી ગામમાં પાણીની ચેનલો અને દબાણોનો સરવે કર્યો હતો અને બધી જ ટેન્કો માટે જોડાયેલી ચેનલોનું નિરિક્ષણ કર્યું હતું. તેમણે સિવિલ એન્જિનિયરિંગ વિભાગમાંથી કુલ સ્ટેશનની મદદથી પાલાવાન્ગુડી ગામમાં મેપિંગ કર્યું હતું. સ્થાનિક લોકોની મદદથી કામકાજ વધારીને અતિક્રમણ અને કાટમાળ દૂર કરવા જેવા કામો પણ હાથ ધરવામાં આવ્યા હતા. અંતે, આ મહેનત રંગ લાવી અને બધી જ ટેન્કો વરસાદી જળથી ભરાઈ ગઈ હતી. બધી જ વોટર ચેનલ્સ હવે પાણીના પ્રવાહ માટે સક્ષમ છે. આ મહેનતથી ગામની વરસાદી જળના સંચયની જરૂરિયાત માટે સમસ્યાનો કાયમી ઉકેલ આવી ગયો. (દિનામાલર અખબારમાં પ્રકાશિત, મદુરાઈ આવૃત્તિ).

(૬) **સિધિ ઉત્થાન પ્રોજેક્ટ (એનએસએસ) :** અમદાવાદમાં શહેરી ઝુંપડપટ્ટી વિસ્તાર સિધિ બસ્તિમાં સિધિ મુસ્લિમ સમાજ રહે છે. સરસપુર આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના એનએસએસ યુનિટે આ ઝૂંપડપટ્ટીને દત્તક લીધી હતી. આ જગ્યાનો ઉપયોગ એક દાયકાથી વધુ સમયથી કચરાના ડમ્પિંગ ઝોન તરીકે થતો હતો અને અહીં લોકોનું જીવન ખૂબ જ મુશ્કેલ બની ગયું હતું. સરસપુર કોલેજના એનએસએસ સ્વયંસેવકોએ આ વિસ્તારની કચરાપટ્ટી સાફ કરી અને સ્વચ્છતા અભિયાન ચલાવ્યું તથા આ વિસ્તારને સ્વચ્છ રાખવાનું શરૂ કર્યું. એનએસએસ સ્વયંસેવકોના ચાર

વર્ષના સાતત્યપૂર્ણ પ્રયાસોના કારણે સિધિ શહેરી ઝુંપડપટ્ટી વિસ્તારને કચરામુક્ત ઝોન જાહેર કરવામાં આવ્યો હતો. તંત્રના આ પગલાંનો ૩૦૦થી વધુ સિધિ મુસ્લિમોને લાભ થયો અને કોલેજ નજીકના ૨,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓને આ પહેલથી ફાયદો થયો. અમદાવાદમાં સરસપુર આર્ટ્સ અને કોમર્સ કોલેજના એનએસએસના સ્વંયવકોએ તેમના ઘરોને સ્વચ્છ કર્યા અને રંગી નાંખ્યા તથા તેમના શૌચાલયો રીનોવેટ કરાવ્યા તથા તેને કામ કરવાની સ્થિતિમાં લાવ્યા. આ ઉપરાંત એનએસએસ યુનિટે તેમના લોક નૃત્ય 'સિદિધમાલ'ને પ્રોત્સાહન આપવામાં મદદ કરી અને ૨૦૦થી વધુ સિધિઓ માટે કમ્પ્યુટર શિક્ષણના ક્લાસ શરૂ કર્યા. આ ક્લાસમાં સિધિ છોકરીઓ પણ જોડાઈ અને સિધિ બસ્તીમાં 'લર્ન વીથ ફન' કાર્યક્રમનું આયોજન કર્યું, જેનો લાભ સિધિ છોકરીઓ, મહિલાઓ અને બાળકોને મળ્યો. તેમને તેમના ઘરે રમતો રમવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરવાની સાથે શિખવાનો પણ લાભ મળ્યો.

(૭) **એલઈડી બલ્બ કેમ્પસ (એનએસએસ) :** ડિરેક્ટોરેટ ઓફ વોકેશનલ હાયર સેકન્ડરી એજ્યુકેશનના એનએસએસ યુનિટ દ્વારા કેરળના ૧૪ જિલ્લાઓમાં ૨ દિવસના ૩૦૮ ઉનાળુ કેમ્પનું આયોજન કર્યું હતું અને એલઈડી બલ્બ બનાવવા, રીપેરિંગ માટે ઘરોમાંથી નુકસાન પામેલા અને બગડી ગયેલા એલઈડી બલ્બસનો સંગ્રહ જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કર્યું. ઉપરાંત સામાજિક-આર્થિકરીતે નબળા લોકોમાં એલઈડી બલ્બનું વિતરણ, ગામોમાં ઊર્જાના વપરાશ પર જાગૃતિ કાર્યક્રમો વગેરે જેવા કાર્યક્રમોનું પણ આયોજન કર્યું. આ માટે કેરળ એનર્જી મેનેજમેન્ટ સેન્ટર દ્વારા એલઈડી બલ્બ બનાવવા અને તેના રીપેરિંગ પર એનએસએસ સ્વયંસેવકોને તાલીમ આપવા માટે ૪ કલાકનો સમય ફાળવ્યો હતો. ૧૫૪૦૦ એનએસએસ સ્વયંસેવકો અને ૩૦૮ પ્રોજેક્ટ અધિકારીઓએ આ કેમ્પસમાં ભાગ લીધો હતો.

**લેખક ભારત સરકારના યુવા બાબતો અને રમત ગમત વિભાગના સચિવ છે. તે ભારત સરકારમાં અને કેરાલા સરકારમાં વિવિધ પદ ઉપર કામ કરી ચૂક્યા છે. તેમણે પ્રોફેશનલ જર્નલ્સમાં વિવિધ વિષયો ઉપર લેખ લખ્યા છે. આ જર્નલ્સમાં ઈન્ડિયન જર્નલ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન, ઈન્ડિયન જર્નલ ઓફ સોશ્યલ વર્ક, જર્નલ ઓફ રૂરલ ડેવલપમેન્ટ, કુરૂક્ષેત્ર અને નિશ્ચિત વિષયના કેટલાક ગ્રંથોનો સમાવેશ થાય છે.**
**E-mail : secy-ya@nic**

## આગામી આકર્ષણ
## ઓગસ્ટ-૨૦૧૮
## સામાજિક સશક્તિકરણ
## SOCIAL EMPOWERMENT

**અમારું નવું સરનામું**
**એ-૨/૩ & ૨/૪, આકાશદર્શન કોલોની, ભાઈકાકાનગરની પાછળ, આસોપાલવ બંગ્લોઝની બાજુમાં, જનસેવા કેન્દ્ર થલતેજની પાસે, સોમવિલા બંગ્લોઝ રોડ, થલતેજ, અમદાવાદ-૩૮૦૦૫૯.**
**ફોન : ૦૭૯-૨૬૫૮ ૮૬૬૯, ૨૬૫૮ ૧૪૫૦.**

**Our New Address**
A-2/3 & 2/4, Akashdarshan Colony, B/h. Bhaikaka Nagar, B/s, Asopalav Bunglows, Nr. Janseva Kendra Thaltej, Somvilla Bunglows Road, Thaltej, Ahmedabad - 380059. Gujarat.
Phone : 079-2658 8669, 2658 1450.

# ખેડૂતોનું કલ્યાણ : કટિબધ્ધતા સાથે અગ્રતા

જગદીપ સકસેના




ભારત જ્યારે તેની આઝાદીનાં ૭૫ વર્ષની ઉજવણી કરવાનું છે ત્યાં સુધીમાં એટલે કે વર્ષ ૨૦૨૨ સુધીમાં પ્રધાનમંત્રીશ્રી એ ખેડૂતોની આવક બમણી કરવાની ઘોષણા કરી છે. આ બાબતને અનુસરીને કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય દ્વારા એક ૭ મુદ્દાની વ્યુહરચના ઘડી કાઢવામાં આવી છે, જેમાં ખેડૂતોની આવક વધારવા માટેના કેટલાક મહત્વના અને સક્ષમ મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા છે.

કરોડો ઉદ્યમશીલ ખેડૂતો ભારતના અર્થતંત્રનો મુખ્ય આધાર છે. આમ છતાં તેમના કલ્યાણની બાબત ઘણાં લાંબા સમયથી હાંસિયામાં ધકેલાઈ ગયેલી છે, પરંતુ કેન્દ્રમાં નવી અને વધુ સંવેદનશીલ સરકારે આ આર્થિક-સામાજીક મહત્વ ધરાવતી બાબતને વર્ષ ૨૦૧૪માં અગ્ર સ્થાને મૂકી છે. ત્યાર પછી કૃષિ વિકાસને ખેડૂત માટે કલ્યાણલક્ષી અભિગમ દ્વારા ગ્રામ સમુદાયના લોકોનું સશક્તિકરણ કરીને વધુ આવક, રોજગારી અને તેને પરિણામે સમૃધ્ધિ લાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. વધુમાં ભારત જ્યારે તેની આઝાદીનાં ૭૫ વર્ષની ઉજવણી કરવાનું છે ત્યાં સુધીમાં એટલે કે વર્ષ ૨૦૨૨ સુધીમાં પ્રધાનમંત્રીશ્રી એ ખેડૂતોની આવક બમણી કરવાની ઘોષણા કરી છે. આ બાબતને અનુસરીને કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય દ્વારા એક ૭ મુદ્દાની વ્યુહરચના ઘડી કાઢવામાં આવી છે, જેમાં ખેડૂતોની આવક વધારવા માટેના કેટલાક મહત્વના અને સક્ષમ મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા છે. આ મુદ્દાઓમાં, ઈનપુટ ખર્ચના અસરકારક ઉપયોગ દ્વારા ખેતીની જમીનનું એકમ દીઠ ઉત્પાદન વધારીને, કાપણી પછી થતો બગાડ નિવારીને તથા મૂલ્ય વૃધ્ધિ દ્વારા ખેત પેદાશોના વેચાણમાં સુધારા દ્વારા મહત્વનાં જોખમોને સુરક્ષા આવરણથી આવરી લઈને તેમજ ખેતી સંલગ્ન પ્રવૃત્તિઓને (બાગાયત, પશુપાલન, મધમાખી ઉછેર, મરઘાં ઉછેર અને સંકલિત ખેતી) જેવી બાબતો ઉપર વિશેષ ઝોક આપવા જેવાં મહત્વનાં પાસાંનો સમાવેશ થાય છે.

**માર્કેટીંગ મંત્રોઃ**

કેન્દ્ર સરકારના વર્તમાન બજેટ (૨૦૧૭-૧૮) માં સરકારે તમામ મહત્વના ૨૩ રવિ પાક અને ખરીફ પાકના લઘુત્તમ ટેકાના ભાવ ઓછામાં ઓછા દોઢ ઘણા રહે તેવાં હિંમતભર્યાં તથા ખૂબ જ ઈચ્છીત કદમો ઉઠાવ્યાં છે. આમ છતાં જો કૃષિ પેદાશોના ભાવ ટેકાના લઘુત્તમ ભાવથી નીચે આવે તો ટેકાના ભાવે ખરીદીની ખાતરી થાય તે પ્રકારે આવી જાહેરાતોને અનુરૂપ કદમ ઉઠાવવાં આવશ્યક બની રહે છે. આ બાબતની નોંધ લઈને નીતિ આયોગે કેન્દ્ર અને રાજ્ય સરકારો સાથે પરામર્શ કરીને બજારની આવી વિપરીત હાલતમાં ખેડૂતોનાં હિતોનું રક્ષણ કરવા માટે એક વ્યવસ્થા (મિકેનિઝમ) ઉભી કરવા માટે સૂચના આપવામાં આવી છે. સરકારે પણ અતિશય પૂરવઠાની કે તેના જેવી સ્થિતિ ઉભી થાય તો વધારાની (સરપ્લસ) પેદાશો ખરીદવાની કટિબધ્ધતા વ્યક્ત કરી છે. મધ્ય પ્રદેશ સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી 'ભાવાંતર ભૂગતાન યોજના' (Price-deficit financing scheme) માં બજારમાં ભાવોની મોટી વધઘટ થાય ત્યારે ભાવનુ જોખમ ભરપાઈ કરવાની યોજના શરૂ




કરી છે. સ્થળ પરથી મળેલા પ્રોત્સાહક પ્રતિભાવોમાં જાણવા મળ્યું છે કે અન્ય રાજ્યોએ પણ આ યોજનાનુ પુનરાવર્તન કર્યું છે. સરકારે પણ માંગ અને ભાવની ધારણાને આધારે યોગ્ય નીતિઓ અને પ્રણાલીઓ વિકસાવવા, ફ્યુચર અને ઓપ્શન માર્કેટ વિકસાવવા, વેરહાઉસ ડીપોઝીટરી સિસ્ટમનું વિસ્તરણ કરવા તથા આયાત અને નિકાસ સંબંધી મુદ્દાઓમાં સમયસર નિર્ણયો લેવા માટે કવાયત હાથ ધરી છે.

આપણા ૮૫ ટકા કે તેથી વધુ ખેડૂતો નાના અને સિમાંત ખેડૂતોના સમૂહમાંથી આવે છે, તેમની પાસે વેચાણ પાત્ર વધારાનો જથ્થો ઓછો હોય છે અને તેમણે ઉંચો સોદા ખર્ચ ભોગવવો પડે છે. આથી સરકારે લાયસન્સીગ અને કરવેરાના અવરોધો નિવારવા માટે અને ખેડૂતોના દબાણ હેઠળના વળતરમાં વધારો કરવા માટે ઈલેક્ટ્રોનિક નેશનલ એગ્રીકલ્ચરલ માર્કેટ (e-NAM) ની વર્ષ ૨૦૧૫માં શરૂઆત કરી છે. અત્યારસુધીમાં ૧૬ રાજ્ય અને ૨ કેન્દ્ર શાસિત પ્રદેશોની ૫૮૫ ખેત પેદાશ બજાર સમિતિઓ (એપીએમસી અથવા મંડી) અંદાજે ૯૦ જેટલી ખેત પેદાશોનું ઓનલાઈન વેચાણ વ્યવસ્થા પૂરી પાડતા આ પ્લેટફોર્મમાં જોડાઈ છે.

૯૯ લાખથી વધુ ખેડૂતો અને વેપારીઓ સક્રિયપણે આ સુવિધાનો ઉપયોગ કરી રહ્યા છે. આમ છતાં જે ખેડૂતો એપીએમસીની નિકટ નથી તે e-NAM સુવિધાના લાભથી વંચિત રહ્યા છે. સરકારે તાજેતરમાં આ દિશામાં મહત્વનું કદમ ઉઠાવીને ૨૨,૦૦૦ રૂરલ હાટનું અપગ્રેડેશન અને વિકાસની કામગીરી કરવાનું યોગ્ય કદમ ઉઠાવીને તેનું ગ્રામીણ એગ્રીકલ્ચરલ માર્કેટ (GrAMs) માં રૂપાંતર કરવાનું પગલું ભર્યું છે. આ (GrAMs) ને e-NAM સાથે ઈલેક્ટ્રોનિક પધ્ધતિથી જોડવામાં આવ્યાં છે. આ GrAMs એપીએમસીના નિયમોમાંથી મુક્તિ આપવામાં આવી છે. જેથી દૂર દૂરના ખેડૂતોને પણ e-NAMના લાભ પ્રાપ્ત થઈ શકે. સરકારે આ હેતુ માટે રૂ.૨,૦૦૦ કરોડનું ભંડોળ ધરાવતું એગ્રી- માર્કેટ ઈનફ્રાસ્ટ્રક્ચર ફંડ મંજૂર કર્યું છે.

'પ્રધાન મંત્રી કિસાન સંપદા' યોજના એ વધુ એક ફ્લેગશીપ કાર્યક્રમ છે, જેનો ઉદ્દેશ ખેડૂતોને પ્રોસેસીંગ અને મૂલ્ય વૃધ્ધિની સુવિધાઓની સાથે સાથે માર્કેટીંગનો સપોર્ટ પૂરો પાડીને ખેડૂતોનું કલ્યાણ અને સમૃધ્ધિ લાવવાનો છે. આ યોજનાથી ૨૦ લાખ ખેડૂતોને લાભ થશે તેવી અપેક્ષા છે અને પાંચ લાખથી વધુ વ્યક્તિઓને ૨૦૧૯-૨૦ સુધીમાં સીધી અથવા તો આડકતરી રોજી મળવાની તેમજ અંદાજે રૂ.૩૧,૪૦૦ કરોડના મૂડી રોકાણનો લાભ થવાની અપેક્ષા છે. એક છત્ર રૂપ યોજના તરીકે આ યોજના હેઠળ મેગા ફૂડ પાર્કસ ને કાર્યરત કરાશે, સકંલિત કોલ્ડ ચેઈન અને વેલ્યુ એડિશન ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું વિસ્તરણ કરાશે. ફૂડ પ્રોસેસીંગ અને સાચવણીની સુવિધાઓ વિસ્તારાશે, એગ્રો પ્રોસેસીંગ ક્લસ્ટર્સ માટે માળખાગત સુવિધાઓ વિકસાવાશે અને ખેડૂતોના લાભ માટે બેકવર્ડ અને ફોરવર્ડ લીન્કેજીસની રચના કરાશે. વિવિધ કર પ્રોત્સાહનો, ૧૦૦ ટકા સીધા વિદેશી મૂડી રોકાણની છૂટ અને નાબાર્ડ દ્વારા એગ્રો પ્રોસેસીંગ યુનિટસને આસાન ધિરાણ પૂરૂ પાડવા માટે રૂ.૨૦૦૦ કરોડનું ખાસ ભંડોળ ઉભા કરીને સરકાર એગ્રો પ્રોસેસીંગ એકમોને પ્રોત્સાહન આપી રહી છે. ઘણી મોટી સંખ્યામાં ખેડૂતો ટામેટાં, ડુંગળી અને બટાકાનું વાવેતર કરીને રોજગારી મેળવે છે. સમગ્ર વર્ષ દરમ્યાન આ મહત્વના શાકભાજી દેશભરમાં વપરાય છે. આમ છતાં, આ શાકભાજી નાશવંત હોવાના કારણે મોસમી અને પ્રાદેશિક ઉત્પાદનમાં મોટી વધઘટ રહેવાના કારણે ઘણી વખત ખેડૂતો અને ગ્રાહકો બંનેને હતાશાની સ્થિતિ ઉભી થાય છે. આવી પરિસ્થિતિ વચ્ચે સરકારે તાજેતરમાં 'ઓપરેશન ફ્લડ' ની તરાહ ઉપર 'ઓપરેશન ગ્રીન' નો પ્રારંભ રૂ.૫૦૦ કરોડનું ભંડોળ પૂરૂ પાડીને કર્યો છે. આ યોજના હેઠળ ખેડૂતોની સાથે સાથે

ગ્રાહકોના હિતોનું રક્ષણ કરવા માટે, આ પાકનું માર્કેટીંગ હાથ ધરવા માટે એગ્રી-લોજીસ્ટીક્સ, પ્રોસેસીંગ સુવિધાઓ અને પ્રોફેશનલ મેનેજમેન્ટનો ઉપયોગ કરવામાં આવશે. આ ઉપરાંત ખેત પેદાશોની નિકાસના નિયમોનું ઉદારીકરણ કરીને નિકાસલક્ષી ખેતીને ખેડૂતલક્ષી બનાવાશે.

**ખેડૂતોને ધિરાણઃ**

દેશમાં અવાર નવાર વિવિધ પ્રકારના બેંકીંગ સુધારાઓ હાથ ધરવામાં આવ્યા હોવા છતાં ખેડૂતોને તેમની ખેતીની જરૂરિયાતો માટે સંસ્થાકિય ધિરાણો મેળવવા માટે ઘણાં પડકારોનો સામનો કરવો પડે છે. આથી સરકાર ક્રમશઃ કૃષિ ક્ષેત્ર માટે સંસ્થાકિય ધિરાણનું કદ વધારતી જાય છે. ૨૦૧૪-૧૫માં રૂ.૮.૫ લાખ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી તે વધારીને હવે રૂ.૧૧ લાખ કરોડ કરવામાં આવી છે. તાજેતરમાં માછીમારી અને પશુપાલનનો વ્યવસાય કરતા ખેડૂતોને તેમની કાર્યકારી મૂડીની જરૂરિયાતો પૂરી કરવા માટે સહાયરૂપ થવા માટે કિસાન ક્રેડિટ કાર્ડની સુવિધા વિસ્તારીને લંબાવવામાં આવી છે. આ ઉપરાંત ટૂંકા ગાળાના પાક ધિરાણોમાં વ્યાજ સહાય, કોલેટરલ ગેરંટીથી મુક્ત કૃષિ ધિરાણો અને સંયુક્ત જવાબદારી જૂથોને પ્રોત્સાહિત કરીને સરકારે તમામ ધિરાણ પાત્ર ખેડૂતોને અવરોધ વગર અને સમયસર ધિરાણ મળી રહે તેની ખાત્રી પૂરી પાડી છે. સરકારે નેશનલ કો-ઓપરેશન ડેવલપમેન્ટ કોર્પોરેશનને ફાળવવામાં આવતી રકમમાં નોંધપાત્ર વધારો કરીને સહકારી મંડળીઓ અને તેના સભ્યોને ધિરાણ પૂરાં પાડવાની વ્યવસ્થા કરી છે.

હાલમાં ખેડૂતોની ઘણી મોટી સંખ્યા જમીનની માલિકી ધરાવતી નથી. તેઓ લીઝ ઉપર જમીન લઈને ખેતી કરે છે, પરંતુ તેમને કૃષિ ધિરાણો મળતા નથી. પરંપરાગત શાહુકારો પાસેથી વધારે ઉંચા વ્યાજથી અને શોષણ થાય તેવી શરતોથી આ ગણોતિયા ખેડૂતોને ધિરાણ લેવાની ફરજ પડે છે. આવી તકલીફો નિવારવા માટે ભારત સરકારની વિનંતીથી નીતિ આયોગે ખેતીની જમીનને લીઝ ઉપર લેવા અંગેનો મોડેલ કાયદો વિકસાવવા માટે એક નિષ્ણાંત જૂથની રચના કરી છે. આ મોડેલ એગ્રીકલ્ચરલ લેન્ડ લીઝીંગ એક્ટ-૨૦૧૬ લીઝથી ખેતી કરનાર ખેડૂતોને ઘણા લાભ પૂરાં પાડે છે. હવે ખેતીના હેતુથી અને અન્ય પ્રવૃત્તિઓ માટે લીઝ ઉપર લેવાયેલી જમીન, એ જમીન માલિકો અને લીઝ મારફતે ખેતી કરનાર વચ્ચેનો પરસ્પરનો કરાર હોવાથી ગણોતિયા ખેડૂતો નાણાંકિય સંસ્થાઓ પાસેથી ધિરાણ, પાક વીમો, આફતના સમયે રાહત અથવા તો કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા આપવામાં આવતા વિવિધ લાભ મેળવવા પાત્ર બને છે.

સરકાર ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન્સ (FPOs) અને મહિલા સ્વ-સહાય જૂથોને તેમની પ્રવૃત્તિઓ માટે પ્રોત્સાહનો આપીને એસોસિએટેડ સ્મોલ હોલ્ડર તરીકે આવકમાં વધારો કરી રહી છે. આ પ્રકારના ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન સહકારી તરાહ ઉપર અને રૂ.૧૦૦ કરોડથી ઓછા વાર્ષિક વ્યવહારો કરે તો તેમને આવક વેરામાંથી મુક્તિ આપવામાં આવી છે.

આ બધા મોડેલમાં બાગાયત એ મહત્વનો હિસ્સો છે, પરંતુ ખેડૂતોની આવકમાં મોટો વધારો કરી શકવાની તેની વ્યાપક ક્ષમતાને કારણે તેને અલાયદી સહાય આપવામાં આવે છે. બાગાયતના સકંલિત વિકાસ માટેનું નવું મિશન આવા વિવિધ ઘટકોને બાગાયતના યાંત્રિકરણ, કોલ્ડ ચેઈન્સ અને વેલ્યુ ચેઈન્સના વિકાસ અને યોગ્ય ટેકનોલોજીના વિકાસ અને તબદીલીમાં તેમજ ગુણવત્તાયુક્ત પ્લાન્ટીંગ મટિરીયલ્સ પ્રાપ્ત કરવા માટે સહાય પૂરી પાડી રહ્યું છે. બાગાયતી પાક અંગેનો આ નવો ક્લસ્ટર અભિગમ ઉત્પાદનથી માંડીને એક જ સ્થળે માર્કેટીંગ સહિતની સમગ્ર ચેઈન વિકસાવવામાં લાભદાયી પૂરવાર થઈ રહ્યો છે.

**ઓર્ગેનિક ખેતી- પરિસ્થિતિ પલટવાની ક્ષમતા ધરાવતું પરિબળ**

આરોગ્ય સંબંધિત સમસ્યાઓ બાબતે વધતી જતી ચિંતાને કારણે આપણા ખોરાકની પસંદગીમાં ભારે ફેરફારો થયા છે અને એ કારણે આપણે મજબૂતપણે ઓર્ગેનિક પ્રોડ્ક્ટસ તરફ વળ્યા છીએ. આ તરાહ ભારત અને વિદેશમાં પ્રસરતી જાય છે અને એ કારણે ઓર્ગેનિક પ્રોડક્ટસના ભાવ વધવા તરફ છે. નસીબ જોગે ભારતનું હવામાન અને આર્થિક-સામાજીક સ્થિતિ ઓર્ગેનિક ખેતી માટે પ્રોત્સાહક છે અને તેની ક્ષમતા ખેડૂતોને પ્રોત્સાહન આપીને તથા જરૂરી બજાર સહાય પૂરી પાડીને વિસ્તારી શકાય તેમ છે. આ બાબતને ધ્યાન પર લઈને ભારત સરકારે ઓર્ગેનિક ખેતીને પ્રોત્સાહન માટે 'પરંપરાગત કૃષિ વિકાસ યોજના' હાથ ધરીને ઓર્ગેનિક ખેતી તથા ઓર્ગેનિક પેદાશો માટે માર્કેટીંગ નેટવર્કને પ્રોત્સાહન આપવાના પ્રયાસો હાથ ધર્યા છે. આ વિષયમાં ક્લસ્ટર આધારિત અભિગમ અમલમાં મૂકવામાં આવ્યો છે, જેમાં ૫૦ ખેડૂતોને ૫૦ હેક્ટર જમીન માટે સંગઠીત બનાવીને ખેતી અને બાગાયતના એવા પાક લેવામાં આવે છે કે જેની ઓર્ગેનિક પેદાશ તરીકે બજારમાં માંગ હોય. દરેક ખેડૂતને હેક્ટર દીઠ રૂ.૫૦ હજારની આર્થિક સહાય ત્રણ વર્ષ માટે પૂરી પાડવામાં આવે છે. આ ઉપરાંત ઓર્ગેનિક ક્લસ્ટર્સને ઓર્ગેનિક પેદાશો એકત્ર કરવા અને તેનું બજાર સુધી પરિવહન કરવા માટેની જોગવાઈ કરવા માટે રૂ.૧,૨૦,૦૦૦ની નાણાંકિય સહાય પૂરી પાડવામાં આવે છે. છેલ્લા ૪ વર્ષ દરમ્યાન સરકારે આ યોજના હેઠળ રૂ.૯૪૭ કરોડની રકમની વહેંચણી કરીને આ વર્ષના અંત

સુધીમાં ૧૦,૦૦૦ ઓર્ગેનિક ક્લસ્ટર્સનો લક્ષ્યાંક હાંસલ કર્યો છે. ખાસ કરીને આદિવાસી વિસ્તારો, વરસાદી ખેતીના વિસ્તારો અને ટેકરાળ વિસ્તારો તેમજ દૂર દૂરના વિસ્તારોમાં લાભથી વંચિત રહી ગયેલા આ વિસ્તારોના ખેડૂતોના કલ્યાણ માટે ઓર્ગેનિક ક્લસ્ટર્સ વિકસાવવામાં આવ્યા છે. ઓર્ગેનિક ખેતીથી પાકના વાવેતર ખર્ચમાં ૨૦ ટકા સુધીનો ઘટાડો થાય છે, જેને કારણે તેમના ચોખ્ખા નફામાં ૨૦ થી ૩૦ ટકા જેટલો વધારો થાય છે.

અતિ સાનુકૂળ સંજોગોને ધ્યાનમાં લઈને સરકારે રૂ.૪૦૦ કરોડના ખર્ચે ત્રણ વર્ષ માટે (૨૦૧૫ થી ૨૦૧૮) 'મિશન ફોર ડેવલપમેન્ટ ઓફ ઓર્ગેનિક વેલ્યુ ચેઈન ઈન નોર્થ ઈસ્ટ રિજીયન' નામની સમર્પિત યોજના શરૂ કરી છે. વર્ષ ૨૦૧૬માં સિક્કીમને ભારતનું પ્રથમ ઓર્ગેનિક સ્ટેટ જાહેર કરીને ઉત્તર-પૂર્વના રાજ્યો ઓર્ગેનિક ખેતી મોટા પાયે હાથ ધરી શકે તે માટે વધુ પ્રોત્સાહન પૂરાં પાડવામાં આવ્યા છે. ઉત્તર-પૂર્વ ક્ષેત્ર ખૂબ ઝડપથી નિકાસ ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને ભારતમાં ઓર્ગેનિક પ્રોડક્ટસના મથક તરીકે વિકસી રહ્યું છે.

**આવકમાં વધારોઃ**

વિવિધ ટેકનિકલ અહેવાલોનો આધાર લઈને સરકારે વિવિધ આનુષાંગિક કૃષિ પ્રવૃત્તિઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું છે અને તેનાથી ખેડૂતોની આવકમાં વધારો થાય તેવા પરિણામો પ્રાપ્ત થયા છે. નાણાંકિય ફાળવણીઓમાં વધારો કરીને અને મધમાખી વિકાસ કેન્દ્રોની સકંલિત સ્થાપના કરીને સરકારે મધના ઉત્પાદનને વેગ આપ્યો છે અને છેલ્લા ૪ વર્ષમાં તેમાં નવી ઉંચાઈઓ હાંસલ થઈ છે. મધનું ઉત્પાદન કરતું એકમ માત્ર ૫૦ બોક્સના નાના પાયે કામ કરતું હોય તો પણ તે ખેડૂતને રૂ.૨ લાખથી રૂ.અઢી લાખની નિયમિત આવક મેળવવાની ક્ષમતા ઉભી કરી આપે છે. સમાન પ્રકારે વાંસને પણ ઘણીવાર તેની વ્યાપક બિઝનેસ ક્ષમતાને કારણે 'ગ્રીન ગોલ્ડ' તરીકે ઓળખવામાં આવે છે. વાંસના વૃક્ષને બિન જંગલ વિસ્તારોમાં પણ વૃક્ષ તરીકે વર્ગીકરણ કરવામાં આવતું હતું. સરકારે તેનું 'ઘાસ' તરીકે પુનઃવર્ગીકરણ કર્યું છે અને જો તેને જંગલની બહારના વિસ્તારમાં ઉગાડવામાં આવે તો તેની ખેતી, પાક, પરિવહન અને ઉપયોગને હસ્તકલાની ચીજોના કાચા માલ તરીકે વર્ગીકૃત કર્યું છે. તાજેતરમાં પુનઃગઠીત નેશનલ બામ્બુ મિશનનો પ્રારંભ રૂ.૧૨૯૦ કરોડના ખર્ચે કરીને વાંસ ક્ષેત્રને સમગ્રલક્ષી ઢબે પ્રોત્સાહિત કરવામાં આવેલ છે. સ્થાનિક અને વિદેશના બજારોમાં ભારે માંગ અને પોસાય તેવા ભાવને કારણે 'મશરૂમ' નો પાક બિઝનેસની વ્યાપક ક્ષમતા ધરાવે છે. વણખેડાયેલી આ ક્ષમતાનો ઉપયોગ કરવા માટે અને ખેડૂતોની આવકમાં વધારો કરવા માટે ખાસ કરીને મર્યાદિત સ્રોતો ધરાવતા ખેડૂતોને મશરૂમની ખેતીને ઈન-ડોર સ્થિતિમાં નાણાંકિય અને ટેકનિકલ સહયોગ પૂરો પાડવામાં આવ્યો છે. આ ઉપરાંત ખેડૂતોને વધુ આવક મળી રહે તે માટે તેમના ઘરની પાછળના વિસ્તારમાં મરઘાં ઉછેર, બકરાં ઉછેર, ભૂંડ ઉછેર અને તળાવોના માછલીના ઉછેરને સરકાર પ્રોત્સાહન પૂરૂ પાડી રહી છે. 'મેરા ગાંવ, મેરા ગૌરવ' નામની દરેક યોજના માટે કૃષિ વૈજ્ઞાનિકોના જૂથની રચના કરીને ખેતી અને સંલગ્ન પ્રવૃત્તિઓમાં નવી ટેકનોલોજીસના ઉપયોગ માટે પાંચ ગામડાં દત્તક લઈને નવતર પ્રકારની યોજના હાથ ધરી છે. ખેડૂતોને જ્ઞાન, કૌશલ્ય અને તેમની આવકમાં વૃધ્ધિ થાય તેવી માહિતી આ યોજના હેઠળ પૂરી પાડવામાં આવે છે.

એક નવતર કદમ ઉઠાવીને સરકાર ખેડૂતોને તેમની બિન ઉત્પાદક જમીનમાં સૌર ઊર્જા પેદા કરવા માટે પ્રોત્સાહિત કરી રહી છે. આનાથી બે પ્રકારના હેતુઓ પાર પડશે. તેમના ખેતરોને સિંચાઈ આપવા માટે સોલર પંપ સ્થાપી શકાશે અને વિજળીનો વધારાનો પૂરવઠો ગ્રીડમાં પૂરો પાડીને વધારાની આવક મેળવી શકાશે. રાજ્ય સરકારોને સૌર ઊર્જાનું વિતરણ કરતી કંપનીઓ આ પ્રકારની વિજળી ખરીદે તે માટેની વ્યવસ્થા ગોઠવવા માટે અથવા તો પોસાય તેવા વળતર યુક્ત દરે લાયસન્સથી નક્કી કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી રહી છે.

ભારત સરકાર પ્રમાણિકપણે ખેડૂતોની આવક વર્ષ ૨૦૨૨ સુધીમાં બમણી કરવાના ધ્યેય સાથે આગળ વધી રહી છે અને તે માટે યોગ્ય નીતિઓ, અર્થક્ષમ કાર્યક્રમો અને તેને અનુરૂપ નાણાંકિય ફાળવણી કરવામાં આવી છે, પરંતુ ખેડૂતોની ઉંચી આવકનું ધ્યેય હાંસલ કરવા માટે રાજ્ય સરકારો, સહકારી મંડળીઓ, ખેડૂતોની સંસ્થાઓ અને સંબંધિત ઉદ્યોગો અને ખેડૂતો સહિતના અન્ય સહયોગીઓએ પણ એકરૂપતા દાખવીને મિશન મોડમાં કામ કરવાનું રહેશે.


**લેખક સાયન્સ કોમ્યુનિકેટર અને પ્રતિષ્ઠીત સંપાદક છે. ખેતી વિષયક બાબતોમાં સ્પેશ્યાલાઈઝેશન તથા નિપુણતા ધરાવે છે. તે ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચરલ રિસર્ચ, નવી દિલ્હી ખાતે હિંદી પ્રકાશનોના મુખ્ય સંપાદક હતા અને હાલમાં ઈન્ડિયન ડેરી એસોસિએશન, નવી દિલ્હી દ્વારા પ્રકાશિત દુગ્ધ સરિતા નામના હિંદી સામાયિકના સંપાદક છે. તે ઓલ ઈન્ડિયા રેડિયો, દૂરદર્શન જેવા વિવિધ મિડિયામાં વિજ્ઞાન અને કૃષિ લક્ષી પરામર્શ બાબતે નિયમિત પ્રદાન કરે છે. જન સમુદાયમાં વિજ્ઞાનને પ્રચલિત કરવા માટે તેમને કેટલાક પ્રતિષ્ઠીત નેશનલ એવોર્ડ પણ મળી ચૂક્યા છે.**

**E-mail : jgdsaxena@gmail.com**

# પડકારો છતાં ઉડાન ભારતના નાના શહેરોને પાંખો આપી રહી છે

**સિંધુ ભટ્ટાચાર્ય**



વિશ્વમાં સૌથી વધુ ઝડપથી વૃદ્ધિ પામતા ઉડ્ડયન બજારમાં ભારત ટોચ પર છે પરંતુ, હજી પણ ભારતના મોટા શહેરોના એરપોર્ટ પર જ ટ્રાફિક વધી રહ્યો છે. મુસાફરોની દ્રષ્ટિએ જોઈએ તો ભારતના મુખ્ય છ એરપોર્ટ-દિલ્હી, મુંબઈ, બેંગ્લોર, ચેન્નાઈ, કોલકત્તા અને હૈદરાબાદ દેશના બે તૃત્યાંક્ષ પેસેન્જર વહન કરે છે અને કુલ એરક્રાફટ મૂવમેન્ટના ૬૦%થી વધુ માત્ર આ છ એરપોર્ટ થકી જ થાય છે.

ભારતમાં ખંડેર હાલતમાં પડેલા એરપોર્ટની સંખ્યા અઢળક છે, જે એરપોર્ટ તરીકે કાર્યરત થવા માટે તૈયાર છે પરંતુ, કેટલાક કારણોસર તેનો ઉપયોગ નથી થઈ રહ્યો. આપણી પાસે દેશભરમાં કુલ ૪૦૦થી વધુ એરપોર્ટ અને હવાઈ પટ્ટી છે પરંતુ, તેમાંથી માત્ર ૭૫%નો જ ઉપયોગ ગત વર્ષ સુધી શક્ય હતો.

રસપ્રદ વાત એ છે કે ભારતમાં અમુક એરપોર્ટનું બાંધકામ બીજા વિશ્વયુદ્ધ દરમિયાન કરવામાં આવ્યું હતું, ત્યારબાદ તે બિનકાર્યક્ષમ બન્યાં છે. અમુક એરપોર્ટ પર મૂળભૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે પરંતુ, તેને કાર્યરત બનવા માટે વધારાના મૂડી ખર્ચની તાતી જરૂર છે. અમુક એરપોર્ટ તો માત્ર રાજકીય હેતુઓથી જ બનાવામાં આવ્યા હતા, તેનો કોઈપણ કોમર્શિયલ ઉપયોગ થયો નથી. આ એરપોર્ટ પરથી આજ દિન સુધી કોઈ ફ્લાઈટ ઉપડી નથી કે ફ્લાઈટ લેન્ડ થઈ નથી.

વિશ્વમાં સૌથી વધુ ઝડપથી વૃદ્ધિ પામતા ઉડ્ડયન બજારમાં ભારત ટોચ પર છે પરંતુ, હજી પણ ભારતના મોટા શહેરોના એરપોર્ટ પર જ ટ્રાફિક વધી રહ્યો છે. મુસાફરોની દ્રષ્ટિએ જોઈએ તો ભારતના મુખ્ય છ એરપોર્ટ-દિલ્હી, મુંબઈ, બેંગ્લોર, ચેન્નાઈ, કોલકત્તા અને હૈદરાબાદ દેશના બે તૃત્યાંક્ષ પેસેન્જર વહન કરે છે અને કુલ એરક્રાફટ મૂવમેન્ટના ૬૦%થી વધુ માત્ર આ છ એરપોર્ટ થકી જ થાય છે. આ માહિતી એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના એક રીપોર્ટમાં જ જણાવાઈ છે. જોકે આપણે એમ ન કહી શકીએ કે આ છ એરપોર્ટ માટે પણ યોગ્ય જરૂરી કામકાજ થઈ શક્યું છે.

અત્યાર સુધી ભારતનું એવિયેશન ક્ષેત્ર મુખ્યત્વે મોટા શહેરોમાં જ કેન્દ્રિત થયું છે અને નાના એરપોર્ટો નિષ્ક્રિય રહ્યાં છે. પરંતુ, સરકાર હવે આ સ્થિતિ સુધારવા માંગે છે.

આ માટે સરકારનો મુદ્રાલેખ હતોઃ પગમાં 'હવાઈ ચપ્પલ' પહેરનાર પણ 'હવાઈ જહાજ'માં સફર કરી શકવો જોઈએ એટલે કે મોદી સરકારે ટાયર-૨ અને ટાયર-૩ શહેરોમાં ફ્લાઇટની કનેક્ટિવિટી વધારવી પડશે અને સાથે-સાથે ભાડા પણ પરવડે તેવા રહેવા જોઈએ. આનાથી પડતર એરપોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપયોગી બનશે તથા ભારતના અંતરિયાળ વિસ્તારમાં રહેલા વ્યવસાય અને વ્યકિતઓને હવાઈ જોડાણ પૂરું પાડશે.

એપ્રિલ, ૨૦૧૭માં ઉડાન યોજનાની શરૂઆત બાદ હવાઈક્ષેત્રે જે ફેરફાર આવ્યાં તે નોંધપાત્ર અને અમૂલ્ય છે. ઉડાન અંતર્ગત નાના નગરો, દુર્ગમ પડાડી પ્રદેશો અને દેશના ઉત્તર-પૂર્વના શહેરોને ભારતના એવિયેશન મેપ હેઠળ આવરી લેવામાં આવ્યા છે. ઉડાનનું વિસ્તૃતિકરણ કરવામાં આવ્યું 'ઉડે દેશ કા આમ નાગરિક'. ગયા વર્ષે ૨૭મી એપ્રિલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શિમલાથી દિલ્હી

સુધીની એલાયન્સ એરની પ્રથમ ઉડાન ફ્લાઈટને લીલીઝંડી બતાવી હતી. તે જ દિવસે નાંદેડ-હૈદરાબાદ અને કડાપા-હૈદરાબાદ વચ્ચેની ફ્લાઈટને પણ શરૂ થઈ હતી. ઉડાનમાં એરલાઈન્સો માટે બે બીડિંગ રાઉન્ડ યોજવામાં આવશે-પ્રથમ તબક્કામાં ૩૧ ખંડેર હાલતમાં પડેલ એરપોર્ટને શરૂ કરવાનો લક્ષ્યાંક મૂકવામાં આવ્યો અને બીજા તબક્કામાં અન્ય ૨૯ ખંડેર એરપોર્ટ પર ફ્લાઈટો શરૂ કરવાની હતી.

ઉદાહરણ તરીકે શિમલામાં શરૂ થયેલ ફ્લાઈટને જ લઈએ તો તેને પ્રાથમિક તબક્કે સપ્તાહમાં પાંચ દિવસ શરૂ કરવામાં આવી હતી, તેમાં દરેક ફ્લાઈટમાં ૩૫ સીટ હતી પરંતુ, સામે પક્ષે શિમલા એરપોર્ટ ખાતેની મર્યાદાના કારણે દિલ્હીથી રીટર્નમાં આ ફ્લાઈટમાં માત્ર ૧૫ જ મુસાફરો હતા.

દિલ્હી-શિમલા ફ્લાઈટ શરૂ થતા ૨૦૧૨થી બિનકાર્યરત શિમલા એરપોર્ટ ફરી જીવંત બન્યું હતું. ૨૦૧૨માં મુસાફરો ન મળતા ઓપરેટિંગ એરલાઈન્સે અહીં સેવા બંધ કરી હતી.

તો સવાલ થાય કે એર ઈન્ડિયા શિમલાથી ફરી ફ્લાઈટ શરૂ કરી કેમ ? જો આ રૂટ આર્થિક રીતે ન પરવડે તો ફરી શરૂ કેમ કર્યો ? ઉડાન સ્કીમ હેઠળ રાજ્ય અને કેન્દ્ર સરકાર અગાઉથી નિર્ધારિત વાયેબિલિટી ગેપ ફંડિંગ (વીજીએફ) ફોર્મ્યુલા અંતર્ગત સબસિડી આપે છે. આ ફ્લાઈટ હેઠળ દરેક સીટ પર સરકારોએ ૩૩૦૦ રૂપિયાની સબસિડી આપી છે. દરેક ફ્લાઈટની પ્રત્યેક બેઠક પર ઉડાન હેઠળ ૫૦% સુધીની સબસિડી આપવામાં આવે છે. આ સિવાય એરલાઈન્સને એક્સક્લુઝીવ રૂટ પર મોનોપોલી પણ આપવામાં આવે છે. લેન્ડિંગ એરપોર્ટ પર સસ્તું ફ્યુઅલ, શૂન્ય એરપોર્ટ ચાર્જિસ વગેરેની સવલત પણ આપવામાં આવે છે. સામે પક્ષે ઉડાન સ્કીમ હેઠળ એરલાઈન્સે પ્રત્યકે કલાક અથવા ૫૦૦ કિલોમીટર સુધી દરેક સીટનું મહત્તમ ભાડું રૂ. ૨૫૦૦ જ રાખવું પડશે.

**વીજીએફને ફંડિંગ કઈ રીતે પુરૂં પાડવામાં આવે છે ?**

વ્યસ્ત એરપોર્ટ પરથી ઉડાન ભરવા માટે એરલાઈન્સે પ્રત્યેક ફ્લાઈટે ૫૦૦૦ રૂપિયા સરકારને આપવામાં આવે છે અને આ ઉડાનની સબસિડી સામે ક્રોસ-સબસિડી આપવામાં આવે છે. જોકે આ નિયમ માત્ર પ્રોફિટેબલ રૂટ પર જ લાગુ કરવામાં આવશે, તેમ સરકારી અધિકારીઓએ જણાવ્યું છે. ઉડાન હેઠળ પ્રથમ વર્ષમાં આ શુલ્કથી ૩૦૦ કરોડ એકત્ર કરવામાં આવ્યા હતા અને સામે રાજ્ય સરકારે ૬૦ કરોડ અને કેન્દ્ર સરકારે ૨૦૦ કરોડ વધારાના આપ્યાં હતા. આમ વીજીએફ પેઆઉટ ૧૨ મહિનામાં ૫૬૦ કરોડ રૂપિયા રહ્યું હતું.

ઉડાન યોજનાની સફળતાનું પરિમાણ માપવા માટે શિમલા ફ્લાઈટને જ ઉદાહરણ તરીકે લઈએ તો લૉંચિંગના ૧ વર્ષમાં શિમલા-દિલ્હી વચ્ચે ઉડાન હેઠળ ૧૨,૦૦૦ મુસાફરોએ સેવાનો લાભ લીધો હતો, જેમાં સરેરાશ લોડ ફેક્ટર ૯૦% હતું. લોડ ફેક્ટર એટલેકે કુલ સીટની સામે કુલ પેસેન્જરનું સરેરાશ પ્રમાણ. ઉડાન હેઠળ આ હવાઈ યાત્રાનું ભાડું ૧૯૭૦ રૂપિયા રહ્યું છે અને નોન-ઉડાન સ્કીમમાં ભાડું ૪૦૦૦ રૂપિયાની આસપાસ હતું.

**ઉડાન યોજનાનો અન્ય એક મહત્વપૂર્ણ પોઈન્ટઃ**

પૂર્વીય સિક્કિમ ખાતે આવેલ પાક્યોંગ શહેરનું નામ હવે ટૂંક સમયમાં દેશના એવિએશન (ઉડયન) નક્શા પર દેખાશે.સસ્તા દરે વિમાની સેવા આપનાર એરલાઈન્સ કંપની સ્પાઇસ જેટ ટૂંક સમયમાં બોમ્બાર્ડિયર Q-400 એરક્રાફ્ટ સાથે પાક્યોંગથી દિલ્હી સુધીની સેવા શરૂ કરશે.

દિલ્હી ઉપરાંત સ્પાઇસ જેટે સિક્કિમની રાજધાની ગંગટોકથી ૩૫ કિલોમીટર દૂર પાક્યોંગથી કોલકાતા અને ગુવાહાટી સુધીની મુસાફરી માટે પણ વિમાની સેવા શરૂ કરવાની યોજના બનાવી છે.કેન્દ્ર સરકારની ઉડાન (ઉડે દેશ કા આમ નાગરિક) યોજના હેઠળ આ સુવિધા લોકોને આપવામાં આવશે. ઉડાન હેઠળ કેટલાક એવા ખંડેર અને બિનકાર્યક્ષમ એરપોર્ટ છે જ્યાં હાલ ઓપરેશન બંધ છે.જેમાં પંજાબના આદમપૂર, ભટિંડા અને પઠાણકોટનો સમાવેશ થાય છે.ઉપરાંત રાજસ્થાનના બિકાનેર અને જેસલમેર અને ગુજરાતના ભાવનગર, જામનગર, મુન્દ્રા તથા અન્ય શહેરોનો સમાવેશ થાય છે.

આ સિવાય એવા એરપોર્ટ જે પહેલાથી મર્યાદીત હવાઈ મુસાફરી સેવા આપી રહ્યાં છે એવા એરપોર્ટને પણ ઉડાન સ્કીમમાં સામેલ કરવામાં આવશે.એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે,'કેન્દ્ર સરકારે ઉડાન સ્કિમ હેઠળ બિનકાર્યક્ષમ અને ઉપયોગ વિનાના એરપોર્ટ પર ફરી ઓપરેશન શરૂ કરવા માટે પહેલાથી જ રૂ. ૪૫૦૦ કરોડનું ફંડ નિર્ધારિત કર્યું છે.'

ઉપરાંત તેમણે જણાવ્યું કે,'નાના શહેરોને પણ હવાઈ મુસાફરીથી કનેક્ટ કરવા માટે વર્ષોથી બિનઉપયોગી એવા એરપોર્ટ પર ફરી ઓપરેશન શરૂ કરવાની આવશ્યકતા છે.જોકે ઓપરેશન શરૂ કરતા પહેલા ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (ડીજીસીએ) તરફથી લાઈસન્સ મળવવું જૂરૂરી છે. જેની પ્રક્રિયા હાલ ચાલું છે.' વધુ ઉમેરતા તેમણે કહ્યું કે, 'છત્તીસગઢમાં જગદલપુર

શહેર ખાતે ઓપરેશન શરૂ કરવા માટે તૈયાર છે અને તે માટે લાઈસન્સ પણ મળી ગયું છે.પરંતુ બિલાસપુરના અંબિકાપુર ખાતે હાલ લાઈસન્સ ન મળતા ઓપરેશન શરૂ કરવાનું કામ અટવાયું છે. ઉપરાંત ઓરિસ્સામાં ઉત્કેલા અને જેયપુર શહેરમાં ફ્લાઈટ સેવા શરૂ કરવામાં આવશે ઝારશાગુડાથી સેવા શરુ કરી દેવામાં આવી છે.'

નોંધનીય છે કે ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતું સ્થાનિક ઉડ્ડયન બજાર છે અને જો આ વૃદ્ધિ સતત હાંસલ કરવી હોય તો પ્રાદેશિક જોડાણ મહત્વનું છે. મેટ્રો શહેરોમાં એરપોર્ટ કનેક્ટિવિટી મહત્વની છે. પરંતુ પ્રાદેશિક શહેરોનું જોડાણ દેશના ગ્રોથ અને વિકાસને વધુ આગળ લઈ જશે.

ઉડાન સ્કીમ હેઠળ નાના શહેરોના જોડાણ માટે નવી એરલાઈન્સ જેમકે એર ડેક્કન અને એર ઓરિસ્સાએ પણ રસ દાખવ્યો છે અને આ એરલાઈન્સે પહેલા તબક્કામાં આરસીએસ રૂટના મોટાભાગના રૂટમાં વધારો કર્યો છે. ઉપરાંત ઈન્ડિગો, સ્પાઇસ જેટ અને જેટ એરવેઝ જેવી મોટી એરલાઈન્સ કંપનીઓ પણ ઉડાન યોજનામાં ભાગ લેવા તૈયાર થઈ ગઈ છે.

પરંતુ કોઇ પણ મહત્વાકાંક્ષી કનેક્ટિવિટી સ્કીમની જેમ ઉડાનની શરૂઆત પણ યોજના અનુસાર થઈ નથી. પ્રારંભમાં દરેક બિન ઉપયોગી અને બિનકાર્યક્ષમ એરપોર્ટ પર ઓપરેશન શરૂ કરવાનું અને તેને કાર્યક્ષમ કરવાની કલ્પના કરવામાં આવી હતી પરંતુ તેમ થયું નથી. ઉપરાંત એરલાઈન માટે દરેક નવા રૂટ (નવા અને સ્થાપિત)ની બોલી પ્રક્રિયા શરૂ કરવાની યોજના પણ ધીમી ગતિએ ચાલું છે અને હાલ પણ ઉડાન યોજના હેઠળ હેલિકોપ્ટરની સર્વિસ નથી.

નોંધનીય છે કે, ઉડાન હેઠળ સેવા આપતી એરલાઈન કંપનીઓના ભૂતકાળના અનુભવ પ્રમાણે સેવા માટે પર્યાપ્ત ભંડોળની અછત છે અને દૂરસ્થ સ્થાનોથી મુસાફરીની સેવા આપવા માટે આર્થિક અને લોજિસ્ટિક સંઘર્ષ કરવો પડે છે. બોલીના પહેલા તબક્કામાં પાંચ કંપનીઓને ૧૨૮ રૂટ સોપવામાં આવ્યા હતા જે સપ્ટેમ્બર-૨૦૧૭ના અંત સુધી ઓપરેટ થવાના હતા.પરંતુ એક વર્ષ પછી પણ માત્ર અડધા રૂટ પર ઓપરેશન શરૂ થયું છે.

સ્થાપિત ખેલાડીઓ જેમ કે એલાયન્સ એર,સ્પાઇસ જેટ અને ટૂ જેટ દ્વારા તેમને સોપવામાં આવેલ લગભગ બધા રૂટ્સ પર સેવા શરૂ કરવામાં આવી છે પંરતુ બીજી તરફ નાની એરલાઈન કંપનીઓ જેમ કે એર ઓરિસ્સા અને એર ડેક્કન જેમને આ કુલ રૂટ્સનો ૩/૪ ભાગ સોપવામાં આવ્યો હતો તેમાંથી માત્ર ૧૫% રૂટ્સ પર ઓપરેશન શરૂ કર્યુ છે.એર ઓરિસ્સાને સોપવામાં આવેલ ૫૦ રૂટ્સમાંથી માત્ર ૮ જયારે એર ડેક્કનને સોપવામાં આવેલ ૩૪ રૂટ્સમાંથી માત્ર ૧૦ રૂટ્સ પર ફ્લાઈટ્સની સેવા શરૂ કરવામાં આવી છે. જોકે જેટ એરવેઝ જુલાઈથી ઉડાન યોજના હેઠળ સેવા આપશે જ્યારે ઈન્ડિગો અને સ્પાઇસ જેટ જુલાઈથી ઉડાન હેઠળ ઓપરેશન શરૂ કરશે.

આ સિવાય સર્વિસ ક્વોલિટીની વાત કરીએ તો ઉડાન સ્કીમ હેઠળ આપવામાં આવતી સેવાઓ અપેક્ષા અનુરૂપ નથી. ડીજીસીએની એપ્રિલ રિપોર્ટ મુજબ, એર ઓડિશા અને એર ડેક્કન તેના સંબંધિત અન્ય એરક્રાફ્ટની સરખામણીએ ચોથા અને ત્રીજા સ્થાને હતી. ઘરેલું એરલાઈન્સની સામે આ બે એરલાઈન્સ કંપનીઓ દ્વારા મુસાફરો પાસેથી સૌથી વધુ કેન્સલેશન ચાર્જિસ વસૂલવામાં આવે છે. જોકે હાલ આ નવી એરલાઈન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મુદ્દાઓથી સંઘર્ષ કરી રહી છે અને કદાચ પૂરતી માંગ ઉભી કરવા થોડી વધુ રાહ જોવી પડશે.

આ ઉપરાંત ઉડાનના અન્ય નિરુત્સાહી વલણની વાત કરીએ તો એ છે નોન-સ્ટાટર હોલિકોપ્ટર સર્વિસ. અપર્યાપ્ત વીજીએફના કારણે પહેલા તબક્કામાં કોઈ બોલી મળી નહોતી અને હવે બીજા તબક્કામાં પણ નિયમનકારો દ્વારા સુનિશ્ચિત હેલિકોપ્ટર ઓપરેશન્સ માટેના નિયમો તૈયાર કરવામાં આવી રહ્યાં છે. નોંધનીય છે કે અત્યાર સુધી દેશમાં કોઈ પણ સ્થળે હેલિકોપ્ટરની કોઈ સુનિશ્ચિત સેવા નથી, જેથી નિયમો થોડા હળવા કરવાની આવશ્યક્તા છે.

છેલ્લે, ઓપરેટર કે જેમને તેમની પસંદગીના ઉડાન માર્ગો પ્રાપ્ત થયા છે,તેઓને ત્રણ વર્ષ પૂરા થવાના વીજીએફ સમયગાળા પછી આને ટકાવી રાખવા માટે મુશ્કેલ થઈ શકે છે, કારણ કે ઓઇલની કિંમતમાં સતત વધારો થઈ રહ્યો છે. જોકે ઉડાન હેઠળ ફ્લાઈટ સેવા વધુ આકર્ષક બનાવવા સરકારે ત્રણ વર્ષના નિયમોમાં વિશેષ છૂટછાટ આપવા માટે પહેલાથી જ મંજૂરી આપી છે. જો ઓપરેટરને કામ કરતા માર્ગો પર કોઈ વાંધો ન હોય પરંતુ લાંબાગાળાના વ્યવહાર પર ચિંતા યથાવત રહે.

**લેખક છેલ્લા ૨૪ વર્ષથી બિઝનેસ અને પોલિસી જર્નાલિસ્ટ છે અને નાગરિક ઉડ્ડયન, રેલ્વેઝ, ઓટોમોબાઈલ્સ, ટેલિકોમ અને રિટેઈલ જેવા વિષયો પર અગ્રણી સમાચાર પત્રો અને સામાયિકોમાં વ્યાપક અહેવાલ લેખન અને સમીક્ષક તરીકેની કામગીરી બજાવે છે. તે ભારતની પ્રથમ ડીજીટલ ન્યૂઝ અને ન્યૂઝ વેબસાઈટ 'Firstpost' ના સિનિયર એડિટર તરીકેની કામગીરી બજાવવા ઉપરાંત CNBC-TV૧૮ અને AIR માં કોન્ટ્રીબ્યુટીંગ એડિટર તરીકેની કામગીરી બજાવી ચૂક્યા છે.**
**E-mail: sinjain@gmail.com**

# એફોર્ડેબલ હાઉસિંગ (પરવડે તેવા ઘર) ઉપલબ્ધ કરાવવા: પ્રત્યેક વ્યક્તિને માથે છત સુનિશ્ચિત કરી રહ્યા છીએ

રણજીત મેહતા



૨૧મી સદીને શહેરી સદી કહેવામાં આવે છે, કારણ કે સભ્યતાનું પ્રભાત ખીલ્યુ ત્યારબાદથી સર્વપ્રથમ વાર, હાલ ગ્રામીણ વિસ્તારોની તુલનામાં શહેરી ભારતમાં વધુ લોકો વસવાટ કરી રહ્યા છે. શહેરીકરણનો આ પ્રવાહ આજના ઝડપી ગતિએ પરિવર્તિત થતાં જગતમાં અપરિહાર્ય છે, ખાસ કરીને ઉભરતી અર્થવ્યવસ્થાઓમાં. ગ્રામીણ વિસ્તારોમાંથી શહેરી વિસ્તારોમાં ખાસ કરીને મેટ્રો શહેર અને રાજ્યોના પાટનગરમાં ઓચિંતો વસાહતીઓનું સ્થળાંતરણએ દેશના તમામ શહેરોની સૌથી મહત્વપૂર્ણ સમસ્યા છે.

સભ્યતાનું પ્રભાત ખીલ્યું ત્યારથી જ મકાન અથવા ઘર દરેક વ્યક્તિ, પરિવારો, સમુહો અને સરકાર માટે મોટી ચિંતાનો વિષય રહ્યો છે. ૨૧મી સદીને શહેરી સદી કહેવામાં આવે છે, કારણ કે સભ્યતાનું પ્રભાત ખીલ્યુ ત્યારબાદથી સર્વપ્રથમ વાર, હાલ ગ્રામીણ વિસ્તારોની તુલનામાં શહેરી ભારતમાં વધુ લોકો વસવાટ કરી રહ્યા છે. શહેરીકરણનો આ પ્રવાહ આજના ઝડપી ગતિએ પરિવર્તિત થતાં જગતમાં અપરિહાર્ય છે, ખાસ કરીને ઉભરતી અર્થવ્યવસ્થાઓમાં. ગ્રામીણ વિસ્તારોમાંથી શહેરી વિસ્તારોમાં ખાસ કરીને મેટ્રો શહેર અને રાજ્યોના પાટનગરમાં ઓચિંતો વસાહતીઓનું સ્થળાંતરણએ દેશના તમામ શહેરોની સૌથી મહત્વપૂર્ણ સમસ્યા છે. દરેક શહેરમાં રહેણાંકની અછત હોવાને કારણે અહીં લગભગ પચાસ ટકા જેટલી વસતી ઝુંપડપટ્ટીમાં રહે છે.

આપણે જેમ પાછલા કેટલાક દાયકાઓમાં જોયું છે, તેમ જંગી શહેરીકરણ, આવકના સ્તરમાં વૃદ્ધિ અને પરિવર્તિત થતી વસતીને કારણે, ભવિષ્યની વસતીને સમાવવા માટે પરિવહન સેવા, રહેણાંક માટેની જમીન અને અન્ય શહેરી સેવાઓ પર ભારે દબાણ છે. પાછલા દાયકામાં વસતીમાં વૃદ્ધિના એકંદર દરમાં પડતી જોવા મળી છે, ત્યારે શહેરી વસતીમાં રાષ્ટ્રીય વસતી વધારા દર કરતા લગભગ બમણા દરે વધવાનું ચાલું છે. વર્ષ ૨૦૩૧ સુધીમાં ભારતમાં શહેરી વસતીની સંખ્યા, વર્ષ ૨૦૧૧ની ૩૭.૭ કરોડની શહેરી વસતીની તુલનામાં વધીને ૬૦ કરોડ (કુલ વસતીના ૫૦ ટકા કરતા પણ વધારે) થઇ જાય તેવી સંભાવના છે અને કુલ શહેરની સંખ્યા વધીને ૮૭ થઇ જશે તેવી અપેક્ષા છે. (૨૦૧૧માં ૫૦ શહેર હતા). વધુમાં, ૨૦૦૯-૨૦૧૦માં અંદાજીત ૬૨-૬૩ ટકાની તુલનામાં વર્ષ ૨૦૩૧માં જીડીપીમાં શહેરી ક્ષેત્રનો ફાળો વધીને ૭૫ ટકા સુધી પહોંચી જાય તેવો અંદાજ સેવવામાં આવી રહ્યો છે. (હાઇ પાવર્ડ એક્સપર્ટ કમિટી (HPEC)ના અંદાજ અનુસાર). તે કારણે આપણા શહેરી વિસ્તારોમાં જીવન ધોરણની ગુણવત્તા સુધારવાની અને વર્તમાન અને અપેક્ષિત ભવિષ્યની રહેણાંક અછત અને શહેરી વિસ્તારોમાં પ્રવર્તમાન અન્ય માળખાકીય સુવિધાઓ સંબંધિત સમસ્યાઓમાં તાત્કાલિક ધોરણે સુધારો કરવાની તાતી જરૂરિયાત રહેલી છે.

૧૨મી પંચ વર્ષીય યોજનામાં સરકારે શહેરી વિસ્તારોમાં કુલ ૧.૮ કરોડથી વધુ મકાનોની કમી હોવાનો અંદાજ વ્યક્ત કર્યો હતો (અર્બન હાઉસિંગ સંબંધિત ટેકનીકલ ગ્રુપ, ૨૦૧૧ અનુસાર). આ ૧.૮ કરોડ યૂનિટ્સ અથવા ઘર વચ્ચે, આર્થિક રીતે નબળા વર્ગો (EWS) અને નીચલી આવક

ધરાવતા જૂથ (LIG) વર્ગમાં મકાનની અછત સૌથી વધારે છે અને તે કુલ અછતમાં આ વર્ગની ટકાવારી ૯૬ ટકા જેટલી થવા પામે છે. હાઉસિંગ અને શહેરી ગરીબી નાબૂદીકરણ મંત્રાલય (MHUPA)ના અનુસાર EWS અને LIG જૂથની વાર્ષિક આવક મર્યાદા અનુક્રમે ૧,૦૦,૦૦૦ અને ૧,૦૦,૦૦૦-૨,૦૦,૦૦૦ રૂપિયા છે. એટલું જ નહીં ગ્રામીણ વિસ્તારોમાં અંદાજે ૪૪.૬૭ મિલિયન મકાનોની અછત છે, જે પૈકી ૯૦ ટકા ગરીબી રેખા હેઠળ છે. મકાનોની આ અછતને પૂરી કરવા માટે સરકારના અંદાજ મુજબ ઓછામાં ઓછા ૧૬.૨૦ મિલિયન નવા અને લોકોને પોસાય તેવા મકાનોની જરૂરિયાત છે અને તે પૈકીના ૧.૩ કરોડ જેટલા મકાનોની જરૂર વર્તમાન ઘરોની ગીચતાને દૂર કરવા માટે જરૂરી છે, જે ઘરોમાં હાલ મોટી સંખ્યામાં લોકો રહે છે. તેવા પરિવારો જેમને નવીનીકરણની જરૂર છે, તેઓ પાયાની સુવિધા સુધી પણ પહોંચ ધરાવતા નથી. (NHB, 2011)

આ સમસ્યાને સમજતા, અફોર્ડેબલ હાઉસિંગ (પરવડી શકે તેવા ઘર)એ મોદી સરકારના રાષ્ટ્રીય એજન્ડામાં કેન્દ્રીય સ્થાન મેળવ્યું છે. ૨૦૨૨ સુધીમાં તમામ લોકો પાસે પોતાનું ઘર હોય તે માટેની પ્રતિબદ્ધતાએ સરકારનું વિઝન છે, જે નાટકીય રીતે તમામ હિતધારકો સામે વિભિન્ન તક અને જરૂરિયાતો રજૂ કરે છે અને આ સ્વપ્નને વાસ્તવિકતામાં પરિવર્તિત કરવુંએ તેજસ્વી ભારતના નિર્માણની દિશામાં ડગલું રહેશે. ''હાઉસિંગ ફોર ઑલ બાય ૨૦૨૨'' નામક આ પરિવર્તનકારી યોજનાનો પ્રારંભ ભારત સરકારે ૧૭ જૂન, ૨૦૧૫ના રોજ પ્રધાન મંત્રી આવાસ યોજના હેઠળ કર્યો હતો, જેનો આશય શહેરી વિસ્તારના ગરીબ વર્ગના લોકોને સસ્તા અને પોસાઇ શકે તેવા મકાનો ઉપલબ્ધ કરાવવાનો હતો.

**પ્રધાન મંત્રી આવાસ યોજના (PMAY) – હાઉસિંગ ફોર ઑલ ૨૦૨૨**

લોકોને સસ્તા દરે મકાનો પૂરા પાડવાનો પ્રયાસો વર્ષોથી ચાલતા રહ્યા છે, ત્યારે વર્ષ ૨૦૧૫માં શરૂ કરવામાં આવેલી પીએમએવાય યોજનાએ તે પ્રયત્નોને નવી ગતિ અને પ્રેરણા આપે છે. પીએમએવાય-શહેરી (PMAY-U) માં પહેલાની તમામ શહેરી હાઉસિંગ સ્કીમોને આવરી લેવામાં આવી હતી અને તે યોજનાનો આશય વર્ષ ૨૦૨૨ સુધીમાં તમામ લોકોને પોતાનું ઘર મળી રહે તે સુનિશ્ચિત કરવાનો છે. પીએમએવાય-યૂ યોજના મારફત ૨ કરોડ જેટલા મકાનોની કમીને દૂર કરવાની પરિકલ્પના કરવામાં આવી છે.

**આ મિશનના ચાર મુખ્ય પરિબળ છેઃ**

**(અ) ઇન-સિટુ-સ્લમ રિડેવલપમેન્ટ (મૂળ સ્થાને જ ઝુંપડપટ્ટીનો પુર્નવિકાસ) (ISSR):**

આ જમીનનો સંસાધન તરીકે ઉપયોગ કરે છે. આ યોજનાનો આશય ઝુંપડપટ્ટીમાં રહેતા અને લાયક રહેવાસીને તેમની પ્રવર્તમાન ઝુંપડપટ્ટીનો જાહેર-ખાનગી જમીન પર પુર્નવિકાસ કરીને તેમને મકાનો ઉપલબ્ધ કરાવવાનો છે. તે માટે કેન્દ્ર સરકાર દ્વારા આ યોજના હેઠળ જેતે રાજ્યો કે કેન્દ્ર શાસિત પ્રદેશોના સત્તાધિશોને યોજનાના આયોજન અને અમલીકરણ માટેની ઓથોરિટીને ઘર દીઠ એક લાખ રૂપિયાની ગ્રાન્ટ આપવામાં આવે છે.

**(બ) એફોર્ડેબલ હાઉસિંગ ઇન પાર્ટનરશિપ (AHP):**

તેનો આશય એફોર્ડેબલ હાઉસિંગ પ્રોજેક્ટ્સમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારીને પ્રોત્સાહન આપવા માટે ખાનગી ડેવલપરોને નાણાકીય સહાયતા આપવાનો છે. ખાનગી પ્રોજેક્ટ્સ, જ્યાં પ્રોજેક્ટના ઓછામાં ઓછા ૩૫ ટકા મકાનો ઇડબલ્યૂએસ શ્રેણી માટે તૈયાર કરાતા હોય, તેમાં પ્રતિ ઇડબલ્યૂએસ મકાન દીઠ ૧.૫ લાખ રૂપિયા કેન્દ્ર સરકાર દ્વારા કેન્દ્રીય સહાયતા ચૂકવવામાં આવે છે.

**(ક) ક્રેડિટ લિન્ક્ડ સબસિડી સ્કીમ (CLSS):**

આ યોજના EWS, LIGઅને MIG પરિવારોને ઘર ખરીદવા માટે સંસ્થાગત ક્રેડિટ (નાણાકીય લોન)ની સુવિધા પૂરી પાડે છે, જ્યાં સબસિડીની રકમ પ્રાથમિક ધીરધાર સંસ્થાન મારફત લાભાર્થીના ખાતામાં સીધી જમા કરાય છે. આ યોજના હાઉસિંગ લોનને ઘટાડે છે અને માસિક હપતાઓ પણ ઘટે છે.

**(ડ) બેનિફિશિયરી લેડ કન્સ્ટ્રક્શન ઓર એનહેન્સમેન્ટ (BLC):**

આ યોજના ઇડબલ્યૂએસ અને એલઆઇજી વર્ગના દરેક પરિવારાને નવા ઘરના બાંધકામ અથવા તો વર્તમાન ઘરમાં વૃદ્ધિ કરવા માટે પરિવાર દીઠ ૧.૫ લાખ રૂપિયાની કેન્દ્રીય સહાયતા આપે છે.

સરકારની ૨૪ કલાક પાણીની સુવિધા, શૌચાલય અને વીજળીની સુવિધા ધરાવતા પાક્કા અને સસ્તા મકાનો ઉપલબ્ધ કરાવવાની પરિકલ્પના છે. પીએમએવાય યોજના હેઠળ સરકારની વર્ષ ૨૦૨૨ સુધીમાં આર્થિક રીતે પછાત વર્ગ અને નીચી આવક જૂથ ધરાવતા વર્ગના લોકો સહિતના શહેરી ગરીબો માટે  બે કરોડ મકાનોનું નિર્માણ કરવાનો પ્રસ્તાવ છે. જે માટે સરકાર ૨ ટ્રિલિયન(૩૧ અબજ એમેરિકન ડોલર) રૂપિયા કેન્દ્ર સરકાર તરફથી આપશે. આ યોજનાને અન્ય યોજનાઓ સાથે મિલાવી દેવામાં આવી છે જેથી દરેક ઘરમાં શૌચાલય, સૌભાગ્ય યોજના ઇલેક્ટ્રિકસિટી જોડાણ, ઉજ્જવલા યોજના એલપીજી ગેસ કનેક્શન

અને પીવા માટેનું પાણી અને જન-ધન બેન્કિંગ સુવિધા વગેરે હોય.

**આ યોજનાના કેન્દ્રમાં તેવા શહેરી વિસ્તારો છે જેમાં રાજ્યો-કેન્દ્રશાસિત પ્રદેશોને શહેરો પાસે નીચે પ્રમાણેના વિકલ્પો છે:**

- જમીનનો સંસાધન તરીકે ઉપયોગ કરીને ખાનગી ડેવલપરો મારફત ઝુંપડપટ્ટીના રહેવાસીઓનું તેમના મૂળ સ્થાને જ પુર્નવસન.
- ક્રેડિટ લિન્ક્ડ સબસિડી મારફત નબળા વર્ગના લોકો માટે એફોર્ડેબલ હાઉસિંગને પ્રોત્સાહન.
- જાહેર અને ખાનગી ક્ષેત્રની ભાગીદારી સાથે એફોર્ડેબલ હાઉસિંગ પ્રોજેક્ટ્સ અને
- લાભાર્થીને મકાન નિર્માણ કે પ્રવર્તમાન મકાનના વિસ્તાર માટે સબસિડી આપવી.

આ ઉપરાંત, ભારત સરકાર તમામ લોકોને મકાનો મળી રહે તે માટે બજેટ મારફત પણ કેટલાક પગલા ભરી રહી છે.

વર્ષ ૨૦૧૭-૧૮ના બજેટમાં રિયલ એસ્ટેટ સેક્ટર માટે કરવામાં આવેલી જોગવાઇઓ ગેમ ચેન્જર સાબિત થાય તેવી છે, ખાસ કરીને ૨૦૨૨ સુધીમાં તમામ લોકોને મકાન ઉપલબ્ધ કરાવવાના લક્ષ્યને પ્રાપ્ત કરવાની દિશામાં તે વિશેષ છે.

વર્ષ ૨૦૧૭-૧૮ના બજેટમાં એફોર્ડેબલ હાઉસિંગને પ્રોત્સાહન આપવા માટે સંખ્યાબંધ પગલાઓની જાહેરાત કરવામાં આવી હતી.

૨૦૧૭-૧૮ના બજેટમાં હાઉસિંગ સેક્ટરને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવેલી કેટલીક મુખ્ય જોગવાઇઓ નીચે પ્રમાણે છે



- એફોર્ડેબલ હાઉસિંગને ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો દરજ્જો અપાયો છે.
- વર્ષ ૨૦૧૯ સુધીમાં ગ્રામીણ વિસ્તારોમાં એક કરોડ મકાનો તૈયાર કરાશે.
- નેશનલ હાઉસિંગ બેન્ક ૨૦,૦૦૦ કરોડ રૂપિયાની લોનને રિફાઈનાન્સ કરશે.
- પ્રધાન મંત્રી આવાસ યોજનાને ૨૩,૦૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી હતી.
- રિયલ એસ્ટેટ સેક્ટરને તેમના નહીં વેચાયેલા મકાનો પર ટેક્સમાં રાહત મળશે, કારણ કે કેપિટલ ગેઇન ટેક્સ ચૂકવવાની જવાબદારી પ્રોજેક્ટ પૂરો થાય તે વર્ષમાં જ પેદા થશે.
- ૩૦ અને ૬૦ ચોરસ મીટરના બિલ્ટ એરિયાના સ્થાને એફોર્ડેબલ હાઉસિંગમાં ૩૦ અને ૬૦ મીટરના કાર્પેટ એરિયા લાગૂ પડશે.
- સ્થાવર મિલક્ત માટેના કેપિટલ ગેઇન ટેક્સ માટેનો હોલ્ડિંગ પીરિયડ ૩ વર્ષથી ઘટાડીને ૨ વર્ષ કરી દેવામાં આવ્યો છે.
- નહીં વેચાયેલા સ્ટોક માટે કમ્પ્લિશન સર્ટિફિકેટ પ્રાપ્ત થવાના ૧ વર્ષ સુધી ટેક્સમાં બ્રેક.
- ઈન્દિરા આવાસ યોજનાને ૬૦૦ જિલ્લા સુધી લંબાવવામાં આવશે.
- કેપિટલ ગેઇન્સ માટેના ઇન્ડેક્સેશનને ૦૧-૦૪-૮૧થી ખસેડીને ૦૧-૦૪-૨૦૦૧ કરવામાં આવ્યો છે.

હાઉસિંગ સેક્ટર માટે ભરવામાં આવેલા આ પરિવર્તન કારી પગલાઓ અહીં નીચે વિગતાવર રીતે ચર્ચવામાં આવ્યા છે.

**એફોર્ડેબલ હાઉસિંગ સેક્ટરને ઈન્ફ્રાસ્ટ્રકચરનો દરજ્જો**

ભારત સરકારનું આ મહત્વપૂર્ણ પગલું છે. જેની લાંબા સમયથી માગ કરાઇ રહી હતી તે,એફોર્ડેબલ હાઉસિંગ સેક્ટરને

પ્રદાન કરાયેલા ઇન્ફ્રાસ્ટ્રક્ચર દરજ્જાની હકારાત્મક અસર પડશે અને તે હાઉસિંગ ફોર ઑલ બાય ૨૦૨૨ મિશનને મોટું પ્રોત્સાહન આપશે. ખાનગી સેક્ટરના પ્લેયર્સની ભાગીદારીથી સ્પર્ધામાં વધારો થશે, જેના પરિણામે મધ્યમવર્ગ અને નીચલી આવક ધરાવતા વર્ગના લોકોને પોતાનું પહેલુ મકાન ખરીદવા માટે સારા વિકલ્પો ઉપલબ્ધ થશે.

પ્રધાન મંત્રી આવાસ યોજના (PMAY) મારફત નીચી કિંમતના મકાનોને વધુ જોર અપાયું છે. આ યોજના હેઠળ સરકારે જાહેરાત કરી છે કે નવ લાખથી ઉપરની લોન પર માત્ર ચાર ટકા અને ૧૨ લાખથી ઉપરની લોન પર ૩ ટકા વ્યાજ વસૂલવામાં આવશે. જોકે, અહીં એક સંદિગ્ધતા પણ છે કે તેવા લોકો જેઓ આર્થિક રીતે પછાત વર્ગની કેટેગરીમાં નથી આવતા અથવા તો તેવા લોકો જેઓ નીચલી આવક જૂથમાં નથી આવતા તેઓ લાભાર્થી રહેશે કે કેમ. સરકારે સાથે જ આવા પ્રોજેક્ટને સંપન્ન કરવાનો સમયગાળો ૩ વર્ષથી વધારીને ૫ વર્ષ કર્યો છે. આમ, વધુ પ્રોજેક્ટ્સ નફા સાથે જોડાયેલા આવક વેરા રાહત માટે લાયક બનશે. અત્યારસુધી, ઉંચી માગ હોવા છતાં આપણે એફોર્ડેબલ હાઉસિંગ સેક્ટરમાં ખાનગી ડેવલપરની ખુબજ મર્યાદિત ભાગીદારી જોઇ છે. નફા સાથે જોડાયેલી કર મુક્તિ અને એફોર્ડેબલ હાઉસિંગને ઇન્ફ્રાસ્ટ્રક્ચરના દરજ્જાથી ડેવલપર્સને વધુ એફોર્ડેબલ હાઉસિંગ પ્રોજેક્ટ હાથ ધરવામાં પ્રોત્સાહન આપશે અને તેના કારણે આ સેક્ટરમાં ખાનગી સેક્ટરના ખેલાડીઓની ભાગીદારીમાં પણ વધારો થશે.

**લૉ કોસ્ટ-એફોર્ડેબલ હાઉસિંગ માટેના માપદંડો**

લૉ કોસ્ટ – એફોર્ડેબલ હાઉસિંગ માટેના માપદંડોને પરિવર્તિત કરી દેવામાં આવ્યા છે. હવે ૩૦ – ૬૦ ચોરસ મીટરના બિલટ-અપ એરિયાને બદલીને ૩૦-૬૦ ચોરસ મીટર કાર્પેટ એરિયા કરી દેવામા આવ્યો છે અને તેના કારણે લૉ કોસ્ટ-એફોર્ડેબલ હાઉસિંગ ક્ષેત્ર બિલ્ડરો માટે વધુ આકર્ષક બન્યુ છે અને સાથે તે ગ્રાહકોને પણ આકર્ષે છે. બિલ્ટ અપ એરિયાથી માપદંડને પરિવર્તિત કરીને કાર્પેટ એરિયા કરવાને કારણે ગ્રાહકોને વધુ જગ્યા વાળા મકાન મળશે અને બિલ્ડરો પણ ગ્રાહકોના મોટા વર્ગ વચ્ચે તેને રજૂ કરી શકશે. ૩૦ ચોરસ મીટરની મર્યાદા માત્ર ૪ મેટ્રોપોલિટન શહેરોની મ્યુનિસિપાલિટીમાં લાગૂ પડશે, જ્યારે દેશના મેટ્રો શહેરો સહિતના બાકીના વિસ્તારોમાં ૬૦ ચોરસ મીટરની મર્યાદા લાગૂ પડશે.

**સ્થાવર સંપત્તિનો હોલ્ડિંગ પીરિયડ ૩ વર્ષથી ઘટાડીને ૨ વર્ષ કરાયોઃ**

વર્ષ ૨૦૧૭-૧૮ના બજેટમાં સ્થાવર સંપત્તિના હોલ્ડિંગ પીરિયડના ગેઇન્સને ૩ વર્ષથી ઘટાડીને ૨ વર્ષ કરવામાં આવ્યો છે. તેના કારણે નોંધપાત્ર પ્રમાણમાં બે વર્ષ બાદ સંપત્તિનું વેચાણ કરતા લોકો પરનું ટેક્સનું ભારણ ઘટશે અને રિયલ એસ્ટેટ સેક્ટરમાં મૂડી રોકાણને પ્રોત્સાહન મળશે. સરકારે સાથે જ બેઝ વર્ષને પણ બદલ્યો છે. હવે નવું બેઝ વર્ષ ૨૦૦૧ રહેશે. પહેલા તે ૧૯૮૧ હતું. આને કારણે લોકો પોતાની સ્થાવર સંપત્તિના સંપાદન ખર્ચને સુધારી શકશે અને પરિણામે તેમના એકંદર કેપિટલ ગેઇન્સમાં ઘટાડો થશે. એટલું જ નહીં પ્રોજેક્ટ સમાપ્ત થયા અંગેનું પ્રમાણપત્ર પ્રાપ્ત થયા બાદ એક વર્ષ માટે નહીં વેચાયેલા સ્ટોક માટે અપાયેલા ટેક્સ બ્રેકથી બિલ્ડરોને રાહત મળશે.

**નેશનલ હાઉસિંગ બેન્ક (NHB) લગભગ ૨૦,૦૦૦ કરોડ રૂપિયાની વ્યક્તિગત હાઉસિંગ લોનને રિફાઇનાન્સ કરશે**

NHB ની રિફાઇનાન્સ સ્કીમ પ્રવર્તમાન ઘરમાલિકોની લાગણીઓને સુધારશે, ખાસ કરીને તેવા લોકો જેઓએ ભૂતકાળમાં ઊંચુ વ્યાજ ચૂકવ્યું છે.

**પ્રોપર્ટીના વિકાસ માટે હસ્તાક્ષરિત જોઇન્ટ ડેવલપમેન્ટ એગ્રીમેન્ટ (JDA) માટે કેપિટલ ગેઇન ટેક્સ લાયબિલિટી બદલાઇઃ**

બજેટમાં પ્રવર્તમાન પ્રક્રિયામાં પરિવર્તન કરવામાં આવ્યું છે અને સ્પષ્ટતા કરવામાં આવી છે કે જો કોઇ પ્રોપર્ટીના વિકાસ માટે જમીન માલિક પણ જોઇન્ટ ડેવલપમેન્ટ એગ્રીમેન્ટમાં સાથે જોડાય તો, તે જમીન માલિક પર પ્રોજેક્ટ પૂર્ણ થાય તે બાદ કેપિટલ ગેઇન્સ ટેક્સ લાગૂ પડશે. આ એક મહત્વપૂર્ણ ફેરફાર છે, જે સ્પષ્ટતા લાવવા માટે સરકારી વિભાગ સાથે કાનૂની જંગને નિવારવા માટે ખુબજ જરूરી હતો. આ નવી જોગવાઇનો અર્થ છે કે જો પ્રોપર્ટીના વિકાસ માટે સંયુક્ત વિકાસ સંધિ પર હસ્તાક્ષર કરવામાં આવે તો, કેપિટલ ગેઇન્સ ટેક્સ માત્ર પ્રોજેક્ટ પૂર્ણ થયાના વર્ષે જ ચૂકવવામાં આવશે. કેપિટલ ગેઇન્સ ટેક્સને ઘટાડવા માટેના કેટલાક અન્ય ઉપાયો સિવાય, આ પગલું માત્ર જમીન માલિક જ નહીં પરંતું પ્રોપર્ટીના બિલ્ડર અને પ્રમોટરોને પણ કરમાં રાહત આપશે. સાથે જ આ બાબત જમીનના ટ્રાન્ઝેક્શનને સુધારવામાં પણ મદદ કરશે અને પ્રોપર્ટી માર્કેટમાં વધુ જમીન આવશે, જે હાલ છેલ્લા ત્રણ વર્ષથી જમીનની ભારે અછતનો સામનો કરી રહ્યું છે.

**લેન્ડ પુલિંગ મિકેનિઝમ**

બજેટમાં જાહેરાત કરવામાં આવી હતી કે આંધ્રપ્રદેશના નવા પાટનગરનું નવતર લેન્ડ પુલિંગ મિકેનિઝમ મારફત નિર્માણ કરવામાં આવી રહ્યું છે. અહીં જમીન માટે

જમીન સંપાદન કાયદાનો ઉપયોગ કરાયો જ નથી. જમીન સંપાદન કાયદાની દ્રષ્ટિએ જોઇએ તો આ એક મહત્વપૂર્ણ પગલું છે. જમીન સંપાદન પહેલાથી જ ખુબજ ચર્ચામાં રહેલો મુદ્દો છે અને તે મોટા સ્તરના વિકાસ પ્રોજેક્ટના માર્ગમાં મોટો અવરોધ રહ્યો છે. આ કાયદો એફોર્ડેબલ હાઉસિંગ પ્રોજેક્ટને પણ અસર કરતો હતો. નવું લેન્ડ પુલિંગ તંત્ર જમીન સંબંધિત વિવાદોને નોંધપાત્ર રીતે ઘટાડશે અને વિકાસના કાર્યોની ઝડપને વધારશે. કેપિટલ ગેઇન્સ ટેક્સમાંથી અપાયેલી મુક્તિ જમીન માલિકોના વિશ્વાસને વધારશે, જેમની જમીન સરકારની યોજના અનુસાર પાટનગરના નિર્માણ માટે પુલ કરવામાં આવી છે. અલબત આ મુક્તિ માત્ર તેવા લોકો પુરતી જ છે, જેઓ ૨ જૂન, ૨૦૧૪ના રોજ , આંધ્રપ્રદેશની પુર્નરચના થઇ ત્યારે આવી જમીનના માલિક હતા.

અંતે, આ તમામ પગલાઓની મદદથી ભારત સરકાર દેશના તમામ પરિવારોને ૨૦૨૨ સુધીમાં માથે છત ઉપલબ્ધ કરાવવા માટે છે, ત્યારે આપણે આશા કરીએ કે તેના કારણે જીડીપીમાં પણ સારો વધારો જોવા મલશે કારણ કે હાઉસિંગ સેક્ટર સીધું જ ૨૬૫ અન્ય સહાયક ઉદ્યોગો સાથે જોડાયેલું છે. ભારત આજે યુવા વસતીના સંદર્ભમાં વસતી વિષયક જંગી ફાયદો ધરાવે છે. અને આ સૌથી મહત્વની બાબત છે કે રોજગાર સર્જનની બાબત પણ પોતાની ઝડપ પકડીને જાળવી રાખે તે માટે યોગ્ય અને પુરતા પગલા ભરવામાં આવે. હાઉસિંગ સેક્ટર એ શ્રમિક આધારિત ઉદ્યોગ છે, તે સેક્ટરમાં મોટી સંખ્યામાં આર્થિક ગતિવિધિનું સર્જન કરે છે, જેના કારણે રોજગાર સર્જનમાં વધારો થાય છે. આ બાબત સાથે જ ભારતીય યુવાઓની મહેચ્છાઓને પણ હકારાત્મક અસર કરે છે, તે આ વર્ગની વસતીના ફાયદાને પ્રાપ્ત કરવામાં પણ મદદ કરશે.

આ પગલાઓ ડેવલપર્સને કેટલાક ઈન્સેન્ટિવ્સ (લાભ), સબસિડી, કર રાહત અને સૌથી મહત્વપૂર્ણ બાબત, સંસ્થાગત ફન્ડિંગ મારફત પ્રોત્સાહિત કરે છે અને તેનાથી ભારતમાં એફોર્ડેબલ હાઉસિંગ સેક્ટરમાં ભારે વિકાસ જોવા મળે તેવી પૂરી સંભાવના છે. જાન્યુઆરી-સપ્ટેમ્બર ૨૦૧૭ દરમિયાન એફોર્ડેબલ હાઉસિંગ સેક્ટરમાં કુલ રહેણાંક હાઉસિંગ કોન્ટ્રેક્શનના ૩૩ ટકાના દરની તુલનામાં ૨૭ ટકા વિકાસ જોવા મળ્યો હતો. આ સંભવતઃ પીએમએવાય-એચએફએનું મિશનના રૂપમાં કરાયેલા અમલીકરણ, એફોર્ડેબલ હાઉસિંગને પ્રદાન કરાયેલો નવો ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો દરજ્જો અને ફોર્મલ ક્રેડિટ (NBFCઅને બેન્ક દ્વારા) પ્રવાહમાં થયેલા સુધારાનું પરિણામ છે.

સરકાર જ્યાં સુધી દેશના તમામ લોકોને ઘર ઉપલબ્ધ કરાવવાનું લક્ષ્ય ધરાવે છે, તે ૨૦૨૨ સુધીમાં એફોર્ડેબલ હાઉસિંગ ફાઇનાન્સ, ૬ લાખ કરોડના બિઝનેસની તક પૂરી પાડે તેવો અંદાજ છે. સરકારે દેશમાં એફોર્ડેબલ હાઉસિંગને પ્રોત્સાહન આપવા માટે સંખ્યાબંધ પગલા ભર્યા છે. આંકડાઓ દર્શાવે છે કે ૨૦૧૬-૧૭માં ક્ષેત્રમાં લોનની ફાળવણી અને આ ક્ષેત્રે નવા પ્રોજેક્ટના પ્રારંભમાં જોરદાર વધારો જોવા મળ્યો છે. ક્રેડિટ લિન્કડ સબસિડી સ્કીમ આર્થિક રીતે નબળા વર્ગના લોકોમાં મકાનોની ખરીદી પરવડે તે પરિબળ માટે ખુબજ અસરકારક સાબિત થઇ છે.

**લેખક પીએચડી ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, નવી દિલ્હીના પ્રિન્સીપલ ડિરેક્ટર છે. તેમણે માળખાગત સુવિધાઓ, ઊર્જા ક્ષેત્ર, રિન્યુએબલ એનર્જી, ઓઈલ એન્ડ ગેસ, હાઉસિંગ સેક્ટર, રિયલ એસ્ટેટ રેગ્યુલેશન બીલ, લેન્ડ એક્વિઝીશન બીલ, દિલ્હીનો માસ્ટર પ્લાન, નેશનલ વોટર પોલિસી અને લોજીસ્ટીક સેક્ટર જેવા વિવિધ વિષયો ઉપર કામ કર્યું છે. તેઓ ઘણાં વિષયો ઉપર વિસ્તૃત લેખ લખી ચૂક્યા છે. તેમના પ્રકાશનોમાં ૬ પુસ્તકો, ૪૫ થી વધુ અભ્યાસ લેખો તથા ઘણી પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય જર્નલ્સ તથા આંતરરાષ્ટ્રીય સામાયિકોમાં લેખોનો સમાવેશ થાય છે.**

**E-mail :**
**ranjeetmehta@gmail.com**


## અગત્યની સૂચના

**યોજના ગુજરાતી, અંગ્રેજી તથા હિન્દી તેમજ કુરુક્ષેત્ર અંગ્રેજી અને હિન્દીનું લવાજમ ઓનલાઈન ભરી શકાશે. આ માટેની વિગતો નીચેની વેબસાઈટ પરથી મળી રહેશે :**

(1) http://yojana.gov.in/
(2) http://publicationsdivision.nic.in/Subscription.aspx
(3) https://bharatkosh.gov.in/1/1/PD/Yojana

# ભાગેડુ આર્થિક અપરાધી બિલ ૨૦૧૮

ડૉ. વી. મુરલી




સરકારે એ બાબતનો અનુભવ કર્યો કે ઈન્ડીયન પીનલ કોડ, ભ્રષ્ટાચાર અટકાયતી કાયદો અને નાણા ઉચાપત અટકાયતી કાયદો અસ્તિત્વમાં હોવા છતાં આર્થિક ગુનેગારોને લક્ષ્યમાં રાખતો એક ચોક્કસ કાયદો ઘડવો એ અત્યારના સમયની તાતી જરૂરિયાત છે. આથી, સરકારે બજેટમાં જાહેરાત કરી કે ભાગેડુ આર્થિક ગુનેગારોને લક્ષ્યમાં રાખતો એક ચોક્કસ કાયદો ટૂંક સમયમાં લાવવામાં આવશે કે જે સરકારને લોન ક્રેડીટરની સંપત્તિ જપ્ત કરવા અને વેચાણની યોગ્ય કાર્યવાહી કરવાની સત્તા આપશે.

સમગ્ર વિશ્વનું વર્તમાન આર્થિક પરિદ્રશ્ય અસ્થિર છે. આ ઉપરાંત આપણા દેશે વૈશ્વિકરણ માટેના પોતાના દ્વાર ખોલી નાંખ્યા છે તેના કારણે ધ્રુજારીના આ કંપનો અહિયાં પણ અનુભવાઈ રહ્યા છે. આ અગાઉ આપણો દેશ સમગ્ર વિશ્વમાં અર્થતંત્રને ઘમરોળતા તોફાનોથી કેટલેક અંશે બચેલો હતો. ઉદારીકરણ બાદ આપણે પણ તરંગો અનુભવી રહ્યા છીએ. ભારતીય ઉદ્યોગો વૃદ્ધિ પામ્યા છે, તેમણે તેમની પાંખો સમગ્ર વિશ્વમાં ફેલાવી છે અને તેમના વિસ્તૃતીકરણને પહોંચી વળવા માટે ઘણા લોકો મૂડી માટે બેંક પાસે ગયા છે. ભૂતકાળમાં રૂઢીચુસ્ત બેન્કોએ પણ વૃદ્ધિની અપેક્ષાએ ગ્રાહકોમાં શ્રદ્ધા મુકીને તેમને લોન પૂરી પાડી છે. કમનસીબે હવે તેઓ અનેક રીતે આર્થિક તાણ અનુભવી રહ્યા છે.

સરકારે એ બાબતનો અનુભવ કર્યો કે ઈન્ડીયન પીનલ કોડ, ભ્રષ્ટાચાર અટકાયતી કાયદો અને નાણા ઉચાપત અટકાયતી કાયદો અસ્તિત્વમાં હોવા છતાં આર્થિક ગુનેગારોને લક્ષ્યમાં રાખતો એક ચોક્કસ કાયદો ઘડવો એ અત્યારના સમયની તાતી જરૂરિયાત છે. આથી, સરકારે બજેટમાં જાહેરાત કરી કે ભાગેડુ આર્થિક ગુનેગારોને લક્ષ્યમાં રાખતો એક ચોક્કસ કાયદો ટૂંક સમયમાં લાવવામાં આવશે કે જે સરકારને લોન ક્રેડીટરની સંપત્તિ જપ્ત કરવા અને વેચાણની યોગ્ય કાર્યવાહી કરવાની સત્તા આપશે. પંજાબ નેશનલ બેંકને નિરવ મોદી અને મેહુલ ચોકસી દ્વારા કરાયેલ છેતરપીડીના લીધે પડેલા ફટકા પછી કેન્દ્રીય મંત્રી મંડળે નાણાકીય છેતરપીડી કરનારાઓ ઉપર ત્રાટકનાર બિલને તાત્કાલિક મંજુરી આપી અને તેના દ્વારા રોકાણકારો અને બેંકના ગ્રાહકોનો બેન્કિંગ પદ્ધતિ ઉપરનો વિશ્વાસ મજબુત બનાવ્યો.

### બિલ પાછળનો તાર્કિક આધાર અને બિલનું આમુખ

વ્યવસાય અવળી દિશામાં જવાના કારણે ગ્રાહકો તેમની લોન સમયસર ના ચૂકવી શકતા હોઈ બેન્કિંગ ક્ષેત્રને અસર પહોંચે છે. આમાંના ઘણા ડિફોલ્ટરોએ જયારે પોતાની સામે ગંભીર મુશ્કેલીઓ જોઈ એટલે તેઓ બીજા દેશમાં ભાગી ગયા. સમસ્યાનો સામનો કરવાના બદલે આ હાઈ નેટવર્થવાળા, મોટા ખર્ચાઓ કરનારા ઉદ્યોગપતિઓ ભારતનો કિનારો છોડીને ખુબ ચાલાકીથી નાસી ગયા અને કાયદા સમક્ષ શિક્ષાત્મક કાર્યવાહીની સ્થિતિ ઉભી કરી અને સત્તાધીશોને અને નિયામકોને તેમની પાછળ પડવા માટે મજબુર કર્યા. તેમના દ્વારા ધિરાણ લેવાયેલ નાણાની કિંમત, દેવું અથવા ઋણની ન ચૂકવાયેલ

કિંમત કરોડો રૂપિયામાં હોઈ શકે છે. અનૈતિક લોકો કે જેમણે તેમની મિલકતોને વિદેશમાં અનેક એકમો, અનેકવિધ સંપત્તિઓ અને બેંક ખાતાઓમાં છુપાવી રાખી છે અને જેઓ આપણા દેશની ન્યાય વ્યવસ્થાથી દુર વિદેશોમાં આરામની ખુશહાલ જિંદગી જીવી રહ્યા છે તેમના દ્વારા દેશની બેંકો, તપાસ સંસ્થાઓ, કાર્યવાહી કરનાર સંસ્થાઓ આ તમામને છેતરવામાં આવ્યા છે. કાયદાની વર્તમાન નાગરિક અને ફોજદારી જોગવાઈઓ એ આ પ્રકારની અનેક સમસ્યાઓ કે જેમની અર્થતંત્ર ઉપર ગંભીર અસર પડી રહી છે તેમની સામે લડવા માટે પૂરતી નથી.

કાયદાકીય પ્રત્યાર્પણનું તંત્ર એ જટિલ અને લાંબી ચાલનાર પ્રક્રિયા છે કે જે વર્ષો કાઢી નાખે છે. આ પરિસ્થિતિને સુધારવા માટે સરકારે વર્તમાન કાયદામાં રહેલા છટકબારીઓ અને ખામીઓને પહોંચી વાળવાનો વિચાર કર્યો અને આ આર્થિક ગુનેગારો કે જેઓ દેશ છોડીને નાસી ગયેલા છે અને કાયદાની દ્રષ્ટિએ ભાગેડુઓ છે તેમની સામે લડવા માટે સ્પષ્ટ અને કડક પગલાઓ ભર્યા. જ્યાં સુધી તેમની ગેરકાયદેસર રીતે એકઠી કરવામાં આવેલ સંપત્તિઓને જપ્ત કરીને આ પ્રકરના કડક અને સખત પગલાઓ ભરવામાં નહી આવે ત્યાં સુધી આ ગુનેગારો આઝાદ ફરતા રહેશે. વધુમાં, આ કાયદો આર્થિક ગુનાઓ કરીને કોઈ બીજા દેશમાં ભાગી જવાનું વિચારી રહેલા લોકો માટે પ્રતિબંધક સાબિત થશે. યુનાઇટેડ નેશન્સ કન્વેન્શનની જોગવાઈઓ અંતર્ગત ભ્રષ્ટાચારને લગતા કેસો માટે નોન કન્વિકશન આધારિત સંપત્તિની જપ્તી લાગુ કરવામાં આવી છે. આ બિલ ખાસ કરીને આર્થિક ગુનેગારો કે જેઓ જમીનના કાયદાઓથી દુર ભાગી ગયા છે અને ફોજદારી અને નાગરિક અદાલતો સમક્ષ કાર્યવાહી શરુ થાય તે પહેલા અથવા તે દરમિયાન નાસી ગયા છે તેમને લાગુ પડે છે.

ભાગેડુ આર્થિક ગુનેગારો બિલ ૨૦૧૮ને ૧૨ માર્ચ, ૨૦૧૮ના રોજ લોકસભામાં રજૂ કરવામાં આવ્યું હતું. આ બિલનું આમુખ સ્પષ્ટપણે કહે છે કે "ભાગેડુ આર્થિક ગુનેગારોને ભારતીય અદાલતોની સીમારેખામાંથી બહાર રહીને ભારતમાં કાયદાની પ્રક્રિયામાંથી ભાગતા અટકાવવા માટેના પગલાઓ લેવા, ભારતમાં કાયદાના શાસનની, તેને તથા આકસ્મિક સંલગ્ન બાબતોને લગતી પવિત્રતા જાળવવી."

## બિલ

આ બિલ પોતાના કાર્યક્ષેત્ર હેઠળ એવા કેસોને લાવે છે કે જેમના આર્થિક ગુનાઓની કુલ કિંમત ૧૦૦ કરોડ રૂપિયા અથવા તેથી વધુ હોય. આ બિલ વડે એવું કાયદાનું શાસન સ્થાપવાની આશા છે કે જે ભાગી ગયેલા આર્થિક ગુનેગારોની અટકાયતના સંદર્ભમાં જેમને ભારતમાં પાછા ફરવા અને તેમના ગુનાઓ માટે ટ્રાયલનો સામનો કરવાની ફરજ પાડે. આ બિલ ભાગેડુ આર્થિક ગુનેગારની સંપત્તિને ટાંચમાં લેવાની પરવાનગી આપે છે. આ બિલ વડે ફરાર થયેલા ડિફોલ્ટરો પાસેથી રીકવરી પાછી મેળવવામાં બેંકો અને નાણાકીય સંસ્થાઓને ઘણી મદદ મળી રહેશે.

આ બિલ આરોપી ગુનેગારને ભાગેડુ આર્થિક ગુનેગાર તરીકે જાહેર કરવામાં આવે તે પહેલા જો તે ભારત પાછો ફરે અને કાયદા હેઠળ યોગ્ય ન્યાયિક અદાલતની કાર્યવાહી સમક્ષ જો તે સમપર્ણ કરે તો આ કાયદા અંતર્ગત કાર્યવાહીને અટકાવી દેવામાં આવે છે.

આ બિલને વિસ્તૃત અને ઊંડી વિચારણા કર્યા બાદ ઘડવામાં આવ્યું છે અને તેને અનેકવિધ સુરક્ષાત્મક પગલાઓ વડે સુસજ્જિત કરવામાં આવ્યું છે જેવા કે કાઉન્સેલ દ્વારા હિયરીંગ કરી શકાય, તેને જવાબ પાછો વાળવા માટેનો સમય આપવામાં આવે, ભારતમાં અથવા વિદેશમાં સમન્સની નોટીસ આપવામાં આવે, અને ઉચ્ચ અદાલતમાં અપીલ કરવામાં આવે વગેરે. કાયદાની જોગવાઈ અનુસાર સંપત્તિનો વહીવટ કરવા અને તેનો નિકાલ કરવા માટે વહીવટદારની નિમણુક કરવા માટેની જોગવાઈ કરવામાં આવી છે. આ બિલ અગાઉના કાયદાઓ જેવા કે નાણાં ઉચાપત કાયદો, પુરાવા કાયદો, આઈપીસી વગેરેની સરખામણીએ વધુ સ્પષ્ટ અને તાર્કિક છે.

## ભાગેડુ આર્થિક ગુનેગારની વ્યાખ્યા

**ભાગેડુ આર્થિક ગુનેગાર એટલેઃ**

"કોઇપણ વ્યક્તિ જેની વિરુદ્ધમાં ભારતની કોઈપણ અદાલત દ્વારા નિર્ધારિત ગુનાના સંબંધમાં ધરપકડનું વોરંટ બહાર પાડવામાં આવ્યું હોય કે જેણે i) ગુનાહિત પ્રક્રિયાને ટાળવા માટે ભારત છોડી દીધું હોય; અથવા ii) ગુનાહિત પ્રક્રિયાનો સામનો કરવા માટે વિદેશમાં રહીને ભારત આવવાની ના પાડી દીધી હોય."

## અમલીકરણ

ડાયરેક્ટર અર્થાત નાણાંની ઉચાપત અટકાયતી કાયદો ૨૦૦૨ યુ/એસ ૪૯(૧) અંતર્ગત નિમણુક કરવામાં આવેલ ડાયરેક્ટર. ડેપ્યુટી ડાયરેક્ટર અર્થાત નાણાની ઉચાપત અટકાયતી કાયદા ૨૦૦૨ યુ/એસ ૪૯ (૧) અંતર્ગત નિમણુક કરવામાં આવેલ ડેપ્યુટી ડાયરેક્ટર.

આ રીતે નિમણુક પામેલા ડાયરેક્ટર અથવા ડેપ્યુટી ડાયરેક્ટરે કોઇપણ વ્યક્તિને ભાગેડુ આર્થિક ગુનેગાર તરીકે જાહેર કરવા માટે પીએમએલએ ૨૦૦૨ અંતર્ગત વિશેષ અદાલત સમક્ષ એક અરજી દાખલ કરવાની હોય છે. કરવામાં આવેલી અરજીમાં નીચેની બાબતોનો સમાવેશ થવો જોઈએઃ

i. કોઇપણ વ્યક્તિ એ ભાગેડુ આર્થિક ગુનેગાર છે તે વાત માનવા માટેના પૂરતા કારણો

ii. તેના ઠેકાણા અંગેની કોઈપણ વિગતો

iii. કાર્યવાહી કરવા માટેની સંપત્તિઓની યાદી કે જેની માટે જપ્તી કરવાની માંગ હોય.

iv. બેનામી સંપત્તિ અથવા વિદેશી સંપત્તિની યાદી કે જેની માટે જપ્તી કરવાની માંગ હોય અને

v. આ સંપત્તિમાં રસ ધરાવનારા લોકોની યાદી (અર્થાત તેવા તમામ લોકો કે જેઓ આ સંપત્તિમાં રસ ધરાવવાનો દાવો કરતા હોય અથવા તેની માટે દાવો કરતા હોય)

જરૂરી તમામ વિગતો સાથેની આ અરજી મળ્યા બાદ વિશેષ અદાલત એક નોટીસ જાહેર કરશે જેમાં જે તે વ્યક્તિને નિર્ધારિત સ્થળે ઉપસ્થિત થવા માટે કહેવામાં આવશે અને તે માટે નોટીસ જાહેર કર્યાના છ અઠવાડિયાથી ઓછા સમયમાં હાજર થવાનું કહેવામાં આવશે તેમજ એ બાબત સ્પષ્ટ કરવામાં આવશે કે નિર્ધારિત સ્થળે અને સમયે ઉપસ્થિત ન રહેવા બદલ તે વ્યક્તિને ભાગેડુ આર્થિક ગુનેગાર તરીકે જાહેર કરવામાં આવશે અને આ કાયદા અંતર્ગત તેની સંપત્તિને જપ્ત કરવામાં આવશે. જો જે તે વ્યક્તિ નિર્ધારિત સમય અને સ્થળે વિશેષ અદાલત સમક્ષ ઉપસ્થિત થાય તો આ બિલની જોગવાઈ અંતર્ગત અદાલત તેના વિરુદ્ધની કાર્યવાહીને અટકાવી દેશે.

### સંપત્તિની ટાંચ/જપ્તી

ડાયરેક્ટર/ડેપ્યુટી ડાયરેક્ટર લેખિતમાં અપાયેલ આદેશ દ્વારા વિશેષ અદાલત પાસેથી મંજુર થયેલ પરવાનગી સાથે અરજીમાં ઉલ્લેખ કરવામાં આવેલ કોઈપણ સંપત્તિને જપ્ત કરી શકે છે.

### કામચલાઉ ટાંચ

આમ છતાં ડાયરેક્ટર દ્વારા અધિકૃત ડાયરેક્ટર/ડેપ્યુટી ડાયરેક્ટરને કરવામાં આવેલ અરજી સેક્શન ૪ અંતર્ગત અરજી દાખલ કર્યા પહેલા કોઈપણ સંપત્તિને કામચલાઉ રીતે જપ્ત કરી શકાય છે કે જેની માટે એ માનવાનું કારણ છે કે આ સંપત્તિ એ ગુના માટેની કાર્યવાહી છે અથવા આ સંપત્તિ તેની માલિકીની છે કે જે ભાગેડુ આર્થિક ગુનેગાર છે કે જે વાસ્તવમાં તે જ છે અથવા તેની સાથે તે રીતે વર્તન કરવાનું છે કે જેનાથી સંપત્તિ જપ્તી માટે અપ્રાપ્ય થવામાં પરિણમી શકે છે. અત્રે એ નોંધનીય છે કે જે ડાયરેક્ટર અથવા અધિકારી કામચલાઉ રીતે તે સંપત્તિ જપ્ત કરે છે તેણે આ પ્રકારની જપ્તીના ૩૦ દિવસ અગાઉ વિશેષ અદાલત સમક્ષ તે માટેની અરજી કરવાની રહે છે. વિશેષ અદાલત દ્વારા જો આ જપ્તીને આગળ કાર્યરત રાખવામાં ન આવે તો આ જપ્તી ૧૮૦ સુધી ચાલુ રહેશે.

આ બિલ સ્પષ્ટપણે દર્શાવે છે કે આ પ્રકારની જપ્ત થયેલ સ્થાવર સંપત્તિમાં રસ દાખવનાર વ્યક્તિને આ વિભાગમાં કોઈપણ બાબત રોકી નહી શકે. કાર્યવાહીના અંતમાં જો કોઈપણ વ્યક્તિ ભાગેડુ આર્થિક ગુનેગાર સાબિત ન થાય તો તે સંપત્તિને મુક્ત કરી દેવામાં આવશે.

### ડાયરેક્ટરની સત્તાઓ

ડાયરેક્ટર અથવા તેમના દ્વારા અધિકૃત કોઈપણ અધિકારી પાસે સિવિલ અદાલતની સત્તાઓ રહેશે. તેના કબ્જામાં રહેલ બાબતોના આધારે તેની પાસે એ માનવાનું કારણ (આ પ્રકારની માન્યતાઓ લેખિતમાં લખાયેલ હોવી જોઈએ) છે કે જે તે વ્યક્તિ એ ભાગેડુ આર્થિક ગુનેગાર હોઈ શકે છે અને તેને સોંપવામાં આવેલ વિસ્તારોની હદમાં રહીને અથવા જે તે સત્તાધીશની હદમાં આવતા વિસ્તારોમાં જે તે સત્તાધીશો દ્વારા અધિકૃત કરવામાં આવ્યા બાદ તે કોઈપણ સ્થળે અંદર જઈ શકે છે.

આ પ્રકારની કોઈપણ જગ્યામાં પ્રવેશતી વખતે તે કોઈપણ માલિક, કર્મચારી અથવા અન્ય કોઈપણ વ્યક્તિ કે જે ત્યાં તે સમયે ઉપસ્થિત હોય તેને જરૂરી દસ્તાવેજો તપાસવા માટે સુવિધા ઉપલબ્ધ કરાવવા, ગુનાની કાર્યવાહીને તપાસવા અથવા તેનું સ્પષ્ટીકરણ કરવાની સુવિધા પૂરી પાડવાની અને આ કાર્યવાહીને લગતી જરૂરી માહિતી પૂરી પાડવા માટે વિનંતી કરી શકે છે.

આ વિભાગ અંતર્ગત કામ કરી રહેલ ડાયરેક્ટર અથવા અન્ય અધિકૃત વ્યક્તિ તપાસવામાં આવેલ દસ્તાવેજો ઉપર નિશાન કરી શકે છે, તેમાંથી નકલો કાઢવી શકે છે; તપાસવામાં આવેલ સંપત્તિ અથવા તેના દ્વારા ચેક કરી નાખાવમાં આવેલ સંપત્તિ ઉપર સૂચી તૈયાર કરી શકે છે અને સંપત્તિને સ્થળે ઉપસ્થિત કોઈપણ વ્યક્તિનું કોઈપણ નિવેદન રેકોર્ડ કરી શકે છે

### ભાગેડુ આર્થિક ગુનેગાર તરીકે જાહેરાત

અરજી સાંભળ્યા બાદ વિશેષ અદાલત જે તે વ્યક્તિને ભાગેડુ આર્થિક ગુનેગાર તરીકે જાહેર કરી શકે છે. તેથી તેની સંપત્તિ જપ્ત થઇ શકે છે કે જે ભારતમાં અથવા વિદેશમાં ગુનાહિત/બેનામી સંપત્તિ અંતર્ગત હોય અથવા ભારતમાં કે વિદેશમાં રહેલ અન્ય કોઈપણ સંપત્તિ હોય. જપ્ત થયા બાદ સંપત્તિના તમામ અધિકારો અને ટાઈટલ કોઈપણ પ્રકારના બોજ વિના કેન્દ્ર સરકાર પાસે રહેશે.

### વહીવટકર્તા

કેન્દ્ર સરકાર કાયદાના વિભાગ ૧૫ અંતર્ગત વહીવટકર્તાનું કાર્ય સંભાળવા માટે ગમે તેટલી સંખ્યામાં અધિકારીઓ (ભારત સરકારના સંયુક્ત સચિવથી નીચેની રેન્કના નહી તેવા)ની નિમણુક કરી શકે છે. આ રીતે નિમણુક પામેલ વહીવટકર્તા જે રીતે આદેશ મળે તેના સંદર્ભમાં સંપત્તિ પ્રાપ્ત કરશે અને તેનું નિયમન કરશે. તે કેન્દ્ર સરકારમાં રહેલ

સંપત્તિનો નિકાલ કરવા માટે કેન્દ્ર સરકાર જે રીતે કહે તે અનુસારના પગલાઓ લેશે. અહી નોધનીય છે કે કેન્દ્ર સરકાર અથવા વહીવટકર્તા આદેશ આપ્યાની તારીખના ૯૦ દિવસ સુધીના સમયગાળા માટે કોઈપણ સંપત્તિનો નિકાલ નહી કરી શકે.

**અપીલ**

વિશેષ અદાલતના આદેશ વિરુદ્ધ ઉચ્ચ અદાલતમાં અપીલ કરી શકાશે. આ અપીલ નિર્ણયના ૩૦ દિવસના સમયગાળાની અંદર થવી જોઈએ. ઉચ્ચ અદાલત જો એ બાબત અંગે સંતુષ્ટ થાય કે અપીલકર્તા પાસે નિયત તારીખ સુધીમાં અપીલ ન કરવા માટે પૂરતા કારણો હતા તો જ તેવા સંજોગોમાં અદાલત નિર્ધારિત ૩૦ દિવસના સમયગાળો પૂરો થઇ ગયા બાદ પણ તે અપીલને ધ્યાનમાં લઇ શકે છે. નિર્ણયની તારીખથી લઈને ૯૦ દિવસ સુધીનો સમય પૂર્ણ થઇ ગયા બાદ કોઈપણ અપીલને ધ્યાનમાં લેવામાં નહી આવે.

**સારાંશ**

એવી આશા સેવવામાં આવે છે કે આ બિલ કેન્દ્ર સરકારને એવા હાઈ નેટવર્થ ધરાવતા વ્યક્તિઓની સંપતિને પુનઃ પ્રાપ્ત કરવામાં મદદ કરશે કે જેઓ આર્થિક ગુનાઓ આચર્યા બાદ કાયદાકીય કાર્યવાહી અથવા અન્ય કાયદાની પ્રક્રિયાઓને અવગણવા માટે દેશમાંથી નાસી છૂટ્યા છે. વેચાણ પ્રક્રિયા પૂરી થઇ ગયા બાદ રાજકોષને તે પૂરી પાડવામાં આવશે. એવી પણ અપેક્ષા રાખવામાં આવે છે કે આ બિલ જે લોકો કાયદામાંથી છટકીને આર્થિક ગુનાઓ કરવાની વિચારણા કરી રહ્યા છે અથવા તે કરવાની તૈયારીમાં છે તેમની માટે પણ પ્રતિબંધક સાબિત થશે.

**લેખક SIRC (Southern India Regional Council) અને ઈન્સ્ટીટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટટંસ ઓફ ઈન્ડિયાના ભૂતપૂર્વ ચેરમેન છે.**
**E-mail : victrograce321@gmail.com**

**"યોજના"**
**ગુજરાતી માસિક**
**છેલ્લા ૪૩ વર્ષથી પ્રકાશિત થાય છે.**

# યોજના

**વિકાસને સમર્પિત માસિક**
**યોજનાનું લવાજમ**
**આજે જ ભરો**

'યોજના' માસિકમાં વિકાસાત્મક લેખો સહિત સામાજિક, આર્થિક અને કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારની વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓની માહિતી આપવામાં આવે છે. યોજના માસિકમાં જુદા જુદા વિષયોના તજજ્ઞો દ્વારા અભ્યાસપૂર્ણ તેમજ માહિતી સભર લેખો પ્રકાશિત કરવામાં આવે છે.
યોજના માસિક વિદ્યાર્થીઓ અને જે તે વિષયના તજજ્ઞો માટે બહુ ઉપયોગી છે. સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે યોજના સામાયિક વસાવવું જરૂરી છે.

**લવાજમના દર**

| | |
|---|---|
| છુટક નકલ | ₹. ૨૨.૦૦ |
| વિશેષાંક | ₹. ૩૦.૦૦ |
| એક વર્ષનું લવાજમ | ₹. ૨૩૦.૦૦ |
| બે વર્ષનું લવાજમ | ₹. ૪૩૦.૦૦ |
| ત્રણ વર્ષનું લવાજમ | ₹. ૬૧૦.૦૦ |

લવાજમ મનીઓર્ડર, ચેક, ડિમાન્ડ ડ્રાફ્ટ યોજના કાર્યાલય, પ્રકાશન વિભાગ, એ-૨/૩ & ૨/૪, આકાશદર્શન કોલોની, ભાઈકાકાનગરની પાછળ, આસોપાલવ બંગ્લોઝની બાજુમાં, જનસેવા કેન્દ્ર થલતેજની પાસે, સોમવિલા બંગ્લોઝ રોડ, થલતેજ, અમદાવાદ- ૩૮૦ ૦૫૯. ના સરનામે મોકલવું. મનીઓર્ડર, ચેક, ડિમાન્ડડ્રાફ્ટ દ્વારા લવાજમ મોકલનારે કવરીંગ લેટરમાં પૂરું નામ, સંપૂર્ણ સરનામું, પીનકોડ નંબર, મોબાઈલ નંબર અને ઈમેલ એડ્રેસ સુવાચ્ય અક્ષરોમાં લખીને ઉપરના સરનામે મોકલવું.
યોજના ગુજરાતીનું ઓનલાઈન લવાજમ ભરવા માટે :
**(1) https://bharatkosh.gov.in/1/1/PD/Yojana**
**(2) http://yojana.gov.in/**
**(3)http://publicationsdivision.nic.in/Subscription.aspx** વેબસાઈટ પરથી પણ ભરી શકાશે. યોજના માસિકની વધુ માહિતી મેળવવા માટે **yojanagujarati@gmail.com** પર ઈમેલ કરવો.



**પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓ સાથે વાતચીત**

સરકારે અટલ ન્યૂ ઇન્ડિયા ચેલેન્જ, સ્માર્ટ ઇન્ડિયા હેકાથોન અને એગ્રિકલ્ચર ગ્રાન્ડ ચેલેન્જ જેવી વિવિધ સ્પર્ધાઓ શરૂ કરી છે. યુવાનોને સંશોધન અને નવીન પ્રયોગો હાથ ધરવા પ્રોત્સાહન પુરું પાડવા સમગ્ર દેશભરમાં આઠ રિસર્ચ પાર્ક્સ અને ૨૫૦૦ અટલ ટિંકરિંગ લેબની સ્થાપના કરવામાં આવી રહી છે.

'ડિઝાઇન ઇન્ડિયા' 'મેક ઇન ઇન્ડિયા'ની સાથે અત્યંત આવશ્યક છે જે જન આંદોલન તરીકે 'ઇનોવેટ ઇન્ડિયા'ના નિર્માણ માટે રાષ્ટ્રને કરવામાં આવેલી હાકલ છે. તેમણે નાગરિકોને હેશટેગ ઇનોવેટ ઇન્ડિયા દ્વારા તેમના વિચારો અને સંશોધનો અંગે માહિતી પુરી પાડવા પ્રોત્સાહન આપ્યું હતું.

વડાપ્રધાન કહ્યું હતું કે પ્રધાનમંત્રી આવાસ યોજના માત્ર ઇંટો અને કપચી જ નહીં પરંતુ સારી ગુણવત્તાનું જીવન પુરું પાડવાનો અને સ્વપ્નાઓને સાકાર કરવાનો પ્રયાસ છે.

સરકાર તે બાબત સુનિશ્ચિત કરવાની દિશામાં કાર્યરત છે કે દરેક ભારતીય ૨૦૨૨ સુધીમાં પોતાનું ઘર પ્રાપ્ત થાય, જ્યારે ભારત તેની સ્વતંત્રતાના ૭૫ વર્ષોની ઉજવણી કરશે.

પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત સરકાર ગ્રામીણ વિસ્તારોમાં ત્રણ કરોડ આવાસો અને શહેરી વિસ્તારોમાં એક કરોડ આવાસોનું નિર્માણ કરી રહી છે. સરકારે અત્યાર સુધી શહેરી વિસ્તારોમાં ૪૭ લાખથી વધારે આવાસોના નિર્માણ...અને ગ્રામીણ વિસ્તારોમાં એક કરોડથી વધારે આવાસોના નિર્માણ માટે મંજૂરી આપી છે.

બાંધવામાં આવી રહેલા આવાસોનું કદ ૨૦ ચોરસ મીટરથી વધારીને ૨૫ ચોરસ મીટર કરવામાં આવ્યું છે. વધુમાં આ યોજના માટે નાણાકીય સહાય પણ અગાઉ ફાળવાતી રૂ.૭૦,૦૦૦–૭૫,૦૦૦થી વધારીને રૂ.૧,૨૫,૦૦૦ સુધી વધારવામાં આવી છે.

પ્રધાનમંત્રી આવાસ યોજનાને નાગરિકોના સ્વમાન સાથે જોડવામાં આવી છે અને યોજના અંતર્ગત તે બાબત ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે કે મહિલાઓ, દિવ્યાંગ બહેનો અને ભાઇઓ, એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. અને લઘુમતી સમુદાયોના લોકોને આવાસો પ્રાપ્ત થાય.

પીએમએવાય દ્વારા દરેક નાગરિકો માટે રોજગારીની તકોનું નિર્માણ કરવામાં આવ્યું છે. સરકારે આશરે એક લાખ કડિયાઓને તાલીમ આપવાનું શરૂ કર્યુ છે. વધુમાં અનેક રાજ્યોમાં સરકારે મહિલા કારીગરોને પણ તાલીમ આપવાનું શરૂ કર્યુ છે, આ રીતે આ યોજના મહિલા સશક્તિકરણમાં પરિણમી રહી છે.

પ્રકાશન તા. ૨૬ જૂન, ૨૦૧૮
પોસ્ટિંગ તા. ૧ જુલાઈ, ૨૦૧૮

R.N.I. 48778/90
REGD. NO. GAMC 222/2018-2020
VALID UPTO 31-12-2020 ISSUED BY SSP AHMEDABAD
PERMITTED TO POST AT PSO AHMEDABAD ON 1ST OF EVERY MONTH
Licence to Post Without Prepayment No. PMG/HQ/051/2018-20 VALID UPTO 31-12-2020

**YOJANA (GUJARATI), July 2018** | **O.I.G.S.**

પ્રતિશ્રી,

પ્રેષક :
તંત્રીશ્રી,
'યોજના' કાર્યાલય
પ્રકાશન વિભાગ
એ-૨/૩ & ૨/૪, આકાશદર્શન કોલોની,
ભાઈકાકાનગરની પાછળ, આસોપાલવ બંગ્લોઝની
બાજુમાં, જનસેવા કેન્દ્ર થલતેજની પાસે, સોમવિલા બંગ્લોઝ રોડ,
થલતેજ, અમદાવાદ-૩૮૦ ૦૫૯.

## નીચેના પુસ્તકો ૫૦ થી ૯૦ ટકા વળતર ઉપર ઉપલબ્ધ છે

| | | |
|---|---|---|
| ૧ | મૌલાના અબુલ કલામ આઝાદ | ૭૫.૦૦ |
| ૨ | માદામ ભિખાઈજી કામા | ૬૦.૦૦ |
| ૩ | સી. એફ. એન્ડ્રયુઝ | ૧૫૦.૦૦ |
| ૪ | કાલિદાસની કહાની | ૩૨.૦૦ |
| ૫ | કાકા સાહેબ કાલેલકર | ૨૧૦.૦૦ |
| ૬ | સ્વામી દયાનંદ સરસ્વતી | ૮૦.૦૦ |
| ૭ | ઠક્કરબાપા | ૮૦.૦૦ |
| ૮ | આપણો રાષ્ટ્રધ્વજ | ૧૧૦.૦૦ |
| ૯ | ભારતના ગૌરવ ગ્રંથ - ગુજરાતી | ૭૦.૦૦ |
| ૧૦ | ભારતીય જનજાતિઓ અતીતના ઝરૂખેથી | ૧૦૦.૦૦ |
| ૧૧ | ભારતીય જનતાના ઈતિહાસની રૂપરેખા | ૭૦.૦૦ |
| ૧૨ | ગુજરાતમાં જાગૃતિની લહેરો | ૭૨.૦૦ |
| ૧૩ | ગુજરાતના આદિવાસી નૃત્યો | ૭૦.૦૦ |
| ૧૪ | દ્રષ્ટાઓ અને ચિંતકો | ૫૦.૦૦ |
| ૧૫ | સંગીતજ્ઞો | ૪૫.૦૦ |
| ૧૬ | કવિઓ, નાટ્યલેખકો અને આખ્યાનકારો | ૭૫.૦૦ |
| ૧૭ | તત્વજ્ઞાનના આદ્યસ્થાપકો | ૩૮.૦૦ |
| ૧૮ | સંતો અને ભક્તકવિઓ (ભાગ-૧) | ૪૫.૦૦ |
| ૧૯ | સંતો અને ભક્તકવિઓ (ભાગ-૨) | ૫૬.૦૦ |
| ૨૦ | દાર્શનિક અને ધાર્મિક અગ્રેસરો | ૨૮.૦૦ |
| ૨૧ | વૈજ્ઞાનિકો | ૪૫.૦૦ |
| ૨૨ | સૌંદર્ય મીમાંસકો | ૫૦.૦૦ |
| ૨૩ | વાલ્મીકિ અને વ્યાસ | ૨૨.૦૦ |
| ૨૪ | રામાયણ, મહાભારત અને ભાગવતના લેખકો | ૮૫.૦૦ |
| ૨૫ | રાજકુમારી નિહાલદે | ૧૨.૦૦ |
| ૨૬ | સરકતા સર્પગૃહની વાર્તા | ૪૮.૦૦ |
| ૨૭ | આંગણબાગની માર્ગદર્શિકા | ૧૧૫.૦૦ |

Printed & Published by Dr. Sadhana Rout, D.G. and Head on behalf of Publications Division, Soochna Bhawan, C.G.O. Complex, New Delhi-110003.

**Regional Office :** Yojana Office, Publications Division, Ministry of Information & Broadcasting, Government of India, A-2/3 & 2/4, Akashdarshan Colony, B/h. Bhaikaka Nagar, B/s, Asopalav Bunglows, Nr. Janseva Kendra Thaltej, Somvilla Bunglows Road, Thaltej, Ahmedabad - 380059. Gujarat.

**For business queries/subsciption, please email at yojanagujarati@gmail.com or call on (079) 26588669.**

Printed by Mirror Image Pvt. Ltd., A-40/41, GIDC Electronics Estate, Sector-25, Gandhinagar-382016. Gujarat.